maahi®

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની

# ૧૪મો વાર્ષિક અહેવાલ

## ૨૦૨૫-૨૬

### સહિયારી સમૃદ્ધિનું વર્ષ





NATIONAL DAIRY DEVELOPMENT BOARD

Maahi

NDDB DAIRY SERVICES

# ગૌસોર્ટ

## જેન્ડર સોર્ટેડ સીમેન




**વૈજ્ઞાનિક પસંદગી, વધુ દૂધ ઉત્પાદન તરફ એક પગલું**

## હવે વાછરડી/પાડી જ જન્મશે*

*91% સુધી વાછરડી/પાડી જન્મવાની શક્યતા

વિશ્વસનીય ટેકનોલોજી NDDB ડેરી સર્વિસિસ દ્વારા

### જેન્ડર સોર્ટેડ સીમેન ઉપયોગના ફાયદા :

- વાછરડી /પાડી મેળવવાની વધુ સંભાવના.
- દૂધ ઉત્પાદન વધારવામાં મદદરૂપ.
- ઉચ્ચ ગુણવત્તાવાળા પશુઓની સંખ્યા વધે.
- અનિચ્છનીય નર વાછરડાંની સંખ્યા ઘટે.
- પશુપાલકોની આવકમાં વધારો.

તમારા નજીકના AI સેન્ટર અથવા પશુચિકિત્સકનો સંપર્ક કરો.

*શરતો લાગુ





**સાચી પસંદગી... વધુ દૂધ ઉત્પાદન... ઉજ્જવળ ભવિષ્ય**



## અનુક્રમણિકા


| વિગત | પેજ નં. | વિગત | પેજ નં |
|---|---|---|---|
| અધ્યક્ષશ્રીનો સંદેશ | ૧ | નફા નુકસાન પત્રક | ૪૨ |
| મુખ્ય કાર્યપાલકશ્રીનો સંદેશ | ૨ | રોકડ નાણાં પ્રવાહ પત્રક | ૪૩ |
| વ્યવસાય અને કામગીરી | ૩ | નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો | ૪૪ |
| ડિરેકટર્સનો અહેવાલ | ૧૨ | ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યનોંધ | ૭૩ |
| સ્વતંત્ર ઓડિટર્સનો અહેવાલ | ૨૯ | નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ નું અંદાજપત્ર | ૮૦ |
| સરવૈયું | ૪૧ | વાર્ષિક સાધારણ સભાની નોટિસ | ૮૧ |

# મૂલ્યો

- દરેક સ્તર પર ગુણવત્તા
- વિશ્વાસ
- જવાબદારી
- પરસ્પર સહકાર
- નવો વિચાર
- જુસ્સો
- દૂરદ્રષ્ટિ
- પ્રામાણિકતા અને પારદર્શકતા

# ધ્યેય

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની સભ્યોને દૂધ ઉત્પાદન દ્વારા અધિકતમ વળતર આપવા માટે કટીબધ્ધ છે.

# દીર્ઘ દ્રષ્ટિ

આપણા મૂલ્યોના દ્રઢ સંકલ્પ સાથે દૂધ વ્યવસાય ક્ષેત્રમાં વિશ્વની અગ્રગણ્ય કંપનીઓમાં ગણના થાય.

નોંધ : આ અહેવાલ મૂળ અંગ્રેજી ઉપરથી ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલ હોઈ કોઈપણ પ્રકારની અસ્પષ્ટતા જણાય તો અંગ્રેજી અહેવાલ અંતિમ અને માન્ય ગણાશે.

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

## વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬

### બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ):

**અધ્યક્ષ**

શ્રી વિજયભાઈ ઓડેદરા

**નિયામક**

શ્રી ગોગનભાઈ કંડોરિયા
શ્રીમતી સુશિલાબેન પંડયા
શ્રીમતી નીલમબેન ગોલીતર
શ્રી શરદકુમાર મોતા
શ્રી ભરતકુમાર વાળા
શ્રીમતી હિતાર્થીબેન ડોડીયા
શ્રી પરબતભાઈ પિંડારીયા
શ્રી રામદેભાઈ મોઢવાડિયા
શ્રીમતી હંસાબેન પરમાર

**કુશળ નિયામક**

ડૉ. સૌગતા મિત્રા
ડૉ. જીગ્નેશ શાહ
ડૉ. રઘુ માલેગૌડા

**મુખ્ય કાર્યપાલક અને નિયામક**

શ્રી આલોક કુમાર ગુપ્તા

**કંપની સેક્રેટરી**

શ્રી સંજય તલાટી

**સિનિ. મેનેજર એકાઉન્ટસ & ફાઈનાન્સ**

શ્રી વિનય કુમાર ઈનાની

**સ્ટેચ્યુટરી ઓડિટર્સ**

પ્રાઈસ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
એલએલપી

**ઈન્ટર્નલ ઓડિટર્સ**

RSM એસ્ટયુટ કન્સલ્ટીંગ પ્રાઈવેટ લિમિટેડ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

**બેન્કર્સ**

- એક્સિસ બેંક લિ.
- આઈસીઆઈસીઆઈ બેંક લિ.
- એચડીએફસી બેંક લિ.
- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

**રજિસ્ટ્રાર & ટ્રાન્સફર એજન્ટ**

MUFG ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ

**રજિસ્ટર્ડ ઓફિસ**

એડમિન બ્લોક, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રિશન યુનિટ, રાજકોટ - જામનગર હાઈવે, ગામ ખંઢેરી, તાલુકો - પડધરી,
જિલ્લો - રાજકોટ, ગુજરાત, ભારત, ૩૬૦૧૧૦ Tel : ૦૨૮૧ ૨૪૬૦૭૩૨ E-mail : info@maahimilk.com www.maahimilk.com

# અધ્યક્ષશ્રીનો સંદેશ

મારા વ્હાલા દૂધ ઉત્પાદક સભ્ય બહેનો અને ભાઈઓ, નિયામક મંડળના તમામ સભ્યો તેમજ બહુમૂલ્ય હિતધારકો,

કંપનીના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની કામગીરી જોતા કંપનીએ આ વર્ષ દરમિયાન ૨,૧૦૮ કરોડ રૂપિયાનું ટર્નઓવર હાંસલ કર્યું છે જ્યારે કરવેરા પહેલા ૫૩.૬૪ કરોડ રૂપિયાનો નફો પ્રાપ્ત કર્યો છે જે કંપનીના તમામ સભાસદો, સહાયકો, કર્મચારીઓ, ગ્રાહકો તેમજ કંપની સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા તમામ લોકોના નિરંતર સમર્થનને આભારી છે.

સંસ્થાના દૂધ ઉત્પાદક સભ્યોને મહત્તમ વળતર આપવાની અમારી પ્રતિબદ્ધતાને અનુરૂપ, અમે સમગ્ર વર્ષ દરમિયાન સ્પર્ધાત્મક દૂધ સંપાદન ભાવો જાળવી રાખ્યા છે. આ ચૂકવણીઓ ઉપરાંત, નિર્ધારિત માપદંડો પૂર્ણ કરનારા સભ્યોને ૪૪.૮૨ કરોડ રૂપિયાનું વધારાનું પ્રોત્સાહકીય વળતર પણ આપવામાં આવ્યું છે.

આપણી સંસ્થા સાચા અર્થમાં દૂધ ઉત્પાદકોની માલિકીની સંસ્થા છે અને પરસ્પર વિકાસના મજબૂત પાયા પર નિર્માણ પામેલી છે. સંસ્થાના બોર્ડ દ્વારા લેવામાં આવતા પ્રત્યેક વ્યૂહાત્મક નિર્ણયો માત્ર ને માત્ર આપણા પશુપાલક સભ્યોના કલ્યાણ અને તેમની આર્થિક સમૃદ્ધિને કેન્દ્રમાં રાખીને જ લેવામાં આવે છે. આપણી સંસ્થામાં વધુને વધુ દૂધ ઉત્પાદકોને જોડવા વર્ષ દરમિયાન આપણે ચાર વિશેષ સભ્યપદ ઝુંબેશ ચલાવી હતી અને તેમાં નવા ૧૩,૫૦૪ દૂધ ઉત્પાદકોને માહી પરિવાર સાથે જોડવામાં આવ્યા છે.

આજે ગ્રામીણ અર્થતંત્રમાં મહિલાઓનો ફાળો મોટો છે અને તેમાં પણ પશુપાલન વ્યવસાયમાં મહિલાઓનું પ્રદાન પાયાના પથ્થર જેવું છે. આપણી સંસ્થા પણ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપે છે, જેનો પુરાવો એ છે કે આપણી સંસ્થાના નોંધાયેલા કુલ સભ્યોમાં ૪૩.૬૬ % મહિલા શેરધારકો છે. જે ખભેખભા મિલાવીને આ ડેરી શૃંખલાને મજબૂત બનાવી રહી છે.

સભ્યોમાં જાગૃતિ લાવવા માટે આપણે વર્ષ દરમિયાન ૧૦૪૧ મેમ્બર અવેરનેસ પ્રોગ્રામ્સ અને ૫૯૩ વુમેન અવેરનેસ પ્રોગ્રામ્સનું સફળ આયોજન કરીને હજારો પરિવારો સુધી વૈજ્ઞાનિક પશુપાલનનો સંદેશ પહોંચાડ્યો છે. ઉત્પાદકતા વૃદ્ધિ સેવાઓ હેઠળ આપણે ફ્લેગશિપ પહેલરૂપી માહી પશુ સેવાના ૩૭ મોબાઈલ વેટરનરી યુનિટ્સ દ્વારા ૨૨૪૫ કેન્દ્રો પર ઘરબેઠા પશુચિકિત્સા સેવા પૂરી પાડી છે જેમાં ૫૯,૬૧૨ પશુઓની સારવાર કરવામાં આવી છે.

આપણે માત્ર વ્યવસાય પૂરતા સીમિત નથી, પરંતુ સામાજિક ઉત્તરદાયિત્વને પણ આપણે નૈતિક ભાવના માનીએ છીએ. આપણી આર્થિક પ્રગતિ ગ્રામીણ સમુદાયોના કલ્યાણ સાથે જોડાયેલી છે. તેના અંતર્ગત પ્રોજેક્ટ આત્મસન્માન દ્વારા આપણે હજારો ગ્રામીણ યુવાનોને ડેરી ઉદ્યોગસાહસિકતાની તાલીમ આપીને સશક્ત કર્યા છે. આ ઉપરાંત, પ્રોજેક્ટ અવિરત સ્વાસ્થ્ય હેઠળ અંદાજે ૪૬૦૦ ગ્રામીણ બાળકોને સ્કૂલ કિટ વિતરણ કરી તેમની જરૂરિયાતોમાં સહાયરૂપ થવાનો પ્રયાસ કર્યો છે. તો સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા ગામની કન્યા શાળામાં ૬૦૦ ફૂટથી ઊંડો બોરવેલ બનાવી આપી પીવાના શુદ્ધ પાણીની સુવિધા સુનિશ્ચિત કરી છે. આ ઉપરાંત, કચ્છ વિસ્તારમાં નીલપર ગામની જર્જરિત શાળા અને હોસ્ટેલ ભવનનું નવીનીકરણ કરીને ગરીબ બાળકોના શિક્ષણને નવી દિશા આપી છે. રાષ્ટ્રીય આપત્તિ અને રાહત કાર્યોમાં પણ દેશની સાથે ઊભા રહીને પ્રધાનમંત્રી રાહત ફંડમાં વિનમ્ર યોગદાન પણ આપ્યું છે. આમ, સમગ્ર વર્ષ દરમિયાન આપણે સામાજિક ઉત્તરદાયિત્વ સંદર્ભે કુલ ૫૪.૧૫ લાખ રૂપિયાનું યોગદાન આપેલ છે.

આપણે વર્ષ ૨૦૧૯થી રાજ્ય સરકારની 'દૂધ સંજીવની યોજના' હેઠળ આઈ.સી.ડી.એસ. વિભાગ હસ્તકની આંગણવાડીઓના લાભાર્થી ધાત્રી માતાઓ અને બાળકો તથા મધ્યાહન ભોજન યોજના વિભાગ હેઠળના લાભાર્થી બાળકોને ફ્લેવર્ડ દૂધ પૂરું પાડી રહ્યા છીએ.

આપણે સૌ જાણીએ જ છીએ કે જો આપણા પશુઓ વધુ ઉત્પાદન આપતા હશે તો જ આપણા દૂધ ઉત્પાદક સભ્યો આર્થિક રીતે વધુ સમૃદ્ધ બની શકશે. આપણા સૌ પશુપાલક સભ્યોના વિશાળ હિતને ધ્યાને લઈને આગામી સમયમાં કૃત્રિમ બીજદાન માટે વૈજ્ઞાનિક તકનીકો અપનાવીને નવા જન્મતા બચ્ચા માત્ર વાછરડી કે પાડી જ જન્મે અને તે પણ ઉચ્ચ દૂધ ઉત્પાદન આપે તે દિશામાં પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદક સભ્યોએ સંસ્થા પરનો તેમનો વિશ્વાસ બરકરાર રાખ્યો છે જે અભિનંદનીય છે અને તેના કારણે જ સંસ્થાએ અનેક નવા શિખરો સર કર્યા છે. દૂધ ઉત્પાદક સભ્યોને વધુને વધુ સક્ષમ બનાવવા માટે સંસ્થા ભવિષ્યમાં આ રીતે જ પ્રતિબધ્ધ રહીને કાર્ય કરતી રહેશે તેની હું ખાતરી આપું છું.

અંતમાં, સંસ્થાના સંચાલન અને વિવિધ કાર્યક્રમોને સફળ બનાવવા બદલ કુશળ નિયામક, અધિકારીઓ, કર્મચારીઓને અભિનંદન આપું છું તેમજ વર્ષ દરમિયાન સતત સમર્થન આપવા બદલ સર્વે સભાસદો, નિયામક મંડળના તમામ સભ્યો, મધર ડેરી, સહયોગીઓ, તમામ સર્વિસ પ્રોવાઈડરો અને બેંકોનો આભાર માનું છું. આ ઉપરાંત, એન.ડી.ડી.બી. અને એન.ડી.ડી.બી. ડેરી સર્વિસીસનો પણ તેમના તકનીકી માર્ગદર્શન માટે હાર્દિક આભાર માનું છું.

આભાર....

**વિજયભાઈ ઓડેદરા**

**અધ્યક્ષશ્રી**

# મુખ્ય કાર્યપાલકશ્રીનો સંદેશ

મારા પ્રિય દૂધ ઉત્પાદક સભ્ય બહેનો, ભાઈઓ તથા નિયામક મંડળના તમામ સભ્યો,

નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ ના ઓપરેશનલ અને આર્થિક પ્રગતિના અહેવાલ સાથે આપની સમક્ષ ઉપસ્થિત થતાં હું હર્ષ અને ગર્વની લાગણી અનુભવું છું. સંસ્થાની કામગીરી શરૂ કર્યાના ૧૪ વર્ષની સફર દરમિયાન સભાસદોના અપ્રતિમ સહકારથી અને કઠોર પરિશ્રમ થકી આપણે અનેક નવા આયામો સિદ્ધ કરી શક્યા છીએ. આ સમય દરમિયાન દૂધ ઉત્પાદક સભ્યોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારાઓ થઈ શક્યા છે. ઈમારતના પાયાના પથ્થરો જેટલા મજબૂત હોય તેટલી ઈમારત વધુ મજબૂત બને તે આપણે સૌ જાણીએ જ છીએ તે મુજબ માહી ડેરીના પાયાના પથ્થરરૂપી સભાસદોનું સંસ્થાના વિકાસમાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. આ વર્ષ આપણી ઓપરેશનલ ઉત્કૃષ્ટતા, ડિજિટલ પરિવર્તન અને સપ્લાય ચેનની મજબૂતીનું વર્ષ રહ્યું છે.

ગત નાણાંકીય વર્ષ આપણા માટે અનેક રીતે પરીક્ષા સમાન રહ્યું છે. ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં આવેલા અણધાર્યા વરસાદના કારણે સમગ્ર પ્રદેશમાં ઘાસચારાની ગંભીર અછત સર્જાઈ હતી. આ પ્રકારના પર્યાવરણીય પડકારો પશુપાલન વ્યવસાય અને દૂધના ઉત્પાદન પર સીધી નકારાત્મક અસર કરે છે. આમ છતાં મને એ જણાવતા અત્યંત આનંદ થાય છે કે આવી કટોકટીના સમયમાં પણ આપણી સંસ્થાએ અસાધારણ મક્કમતા દાખવીને દૈનિક સરેરાશ ૮.૪૮ લાખ કિલોગ્રામ પ્રતિ દિવસ દૂધ એકત્રીકરણ જાળવી રાખ્યું છે અને ૨૧૦૮ કરોડ રૂપિયાનું ટર્નઓવર હાંસલ કર્યું છે.

મને જણાવતા આનંદ થાય છે કે ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ થી વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન મંજૂર કરાયેલ નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (NPDD) પ્રોજેક્ટ આપણે સફળતાપૂર્વક પૂર્ણ કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ પ્રોજેક્ટના અમલીકરણથી આપણું દૂધ સંપાદન નેટવર્ક, પ્રયોગશાળાની ક્ષમતા અને આઈટી ઈકોસિસ્ટમ અભૂતપૂર્વ રીતે મજબૂત બન્યા છે. ગત વર્ષ દરમિયાન ગુણવત્તાની ખાતરીને સુદ્રઢ કરવા માટે આપણે તમામ બલ્ક મિલ્ક કૂલર (BMC) અને મિલ્ક ચિલિંગ સેન્ટર્સ (MCC) માં ૧૦૦ % કવરેજ સાથે ૧૦૫ ઈલેક્ટ્રોનિક મિલ્ક એડલ્ટ્રેશન ટેસ્ટિંગ મશીનો લગાવ્યા છે, જેથી દૂધમાં એડલ્ટ્રેશન સંપૂર્ણ અટકાવી શકાય. બીજી તરફ ઓટીપી આધારિત ૨૦૦૦ મિલ્ક એનાલાઈઝર્સ અને ૮ આરટી–પીસીઆર મશીનો દ્વારા પશુઓની પ્રજાતિના સ્તરે દૂધની શુદ્ધતા તપાસવાની ક્ષમતા પણ આપણે હાંસલ કરી છે. આ ઉપરાંત ગ્રામીણ સ્તરે વ્યવહારોમાં પારદર્શિતા લાવવા ૭૦૦ ડેટા પ્રોસેસર મિલ્ક કલેક્શન યુનિટ (DPMCU) પણ વસાવવામાં આવ્યા છે.

આપણે પાવર અને થર્મલ ક્ષમતામાં સુધારો કરવા માટે કુતિયાણા અને ભાવનગર ખાતે પર્યાવરણને અનુકૂળ એમોનિયા આધારિત ઈન્સ્ટન્ટ મિલ્ક ચિલિંગ યુનિટ સ્થાપ્યા છે, જે દૂધ એકત્રિત થયા બાદ તાપમાનને ત્વરિત નીચું લાવી બેક્ટેરિયાનું પ્રમાણ (TPC) નોંધપાત્ર રીતે ઘટાડે છે. આ ઉપરાંત, ઉનાળાના સમયમાં અતિશય ગરમીમાં પણ પાવર ડિમાન્ડ સ્થિર રાખવા નવા ૨૦ કન્ડેન્સર યુનિટ્સ લગાવવામાં આવ્યા છે. ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવાની લાંબા ગાળાની યોજના હેઠળ, નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ના અંત સુધીમાં કુલ સ્વચ્છ ઊર્જા ઉત્પાદન ૧૫.૪૧ લાખ KWH (યુનિટ)ને પાર થયું છે.

લોજિસ્ટિક અને મલ્ટીમોડલ ઈનોવેશનમાં આપણે ક્રાંતિકારી પહેલ કરી છે. ભાવનગર (ઘોઘા) અને હજીરા (સુરત) વચ્ચેની રો–રો ફેરી સર્વિસનો મહત્તમ ઉપયોગ કરીને આપણે દૂધના ટેન્કર્સનું પરિવહન કર્યું છે જેના કારણે પ્રત્યેક ટ્રિપ દીઠ મુસાફરીનો સમય ૧૨ કલાકથી ઘટીને માત્ર ૪ કલાક થયો છે અને તેની સાથે સાથે સંસ્થાને લોજિસ્ટિક ખર્ચમાં અંદાજે વાર્ષિક ૧.૭૯ કરોડ રૂપિયાની બચત થઈ શકી છે.

એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રિશન યુનિટ દ્વારા આપણી પશુ આહાર ફેક્ટરીએ નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. કુલ પશુ આહારનું વેચાણ ૨૫,૭૦૪.૩૨ મેટ્રિક ટન પર પહોંચ્યું છે, જે વાર્ષિક ધોરણે ૧૩% ની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે. આ ઉપરાંત, મિનરલ મિશ્રણના વેચાણમાં પણ ૯૦% નો અસાધારણ વધારો થયો છે. બજારની વધતી માંગને ધ્યાનમાં રાખીને મિનરલ મિશ્રણની ઉત્પાદન ક્ષમતા પ્રતિદિન ૧૦ ટનથી વધારીને પ્રતિદિન ૨૦ ટન કરવામાં આવી છે. આ ઉપરાંત, માર્કેટમાંથી આવી રહેલી વિવિધ માંગણીઓને ધ્યાનમાં રાખીને ૧૮ માર્ચ, ૨૦૨૬ ના "માહી દિન" ના દિવસે પશુ પોષણ માટેના ત્રણ પ્રીમિયમ ઉત્પાદનો – માહીકેલ ગોલ્ડ, માહી સુપર ફેટ અને માહી મીન ફોર્ટ લોન્ચ કરવામાં આવ્યા છે.

આપણે પેપરલેસ ગવર્નન્સની દિશામાં કદમ વધારતા સંપૂર્ણ ઈન–હાઉસ "મેમ્બરશિપ રી–કેવાયસી ઝુંબેશ" શરૂ કરીને વહીવટી ખર્ચમાં મોટો ઘટાડો કર્યો છે.

સમગ્ર વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદક સભાસદોને દૂધના પોષણક્ષમ ભાવ મળ્યા છે. દૂધ ઉત્પાદક સભાસદોએ પણ સંસ્થા પ્રત્યેની તેમની વફાદારી જાળવી રાખી છે. વિશ્વાસ અને ભરોસો ટકાવી રાખી સતત સહકાર આપવા બદલ હું સંસ્થાના તમામ દૂધ ઉત્પાદક સભાસદોનો હૃદયપૂર્વક આભાર માનું છું તેમજ કુશળ નિયામકશ્રીઓ અને નિયામક મંડળના તમામ સભ્યોનો પણ માર્ગદર્શન આપવા બદલ આભાર વ્યક્ત કરું છું.

અંતમાં હું એન.ડી.ડી.બી., એનડીડીબી ડેરી સર્વિસીસ અને મધર ડેરી ફ્રુટ્સ એન્ડ વેજીટેબલ પ્રા.લિ.નો તેમના નિરંતર સહયોગને ધ્યાનમાં લઈને આભાર વ્યક્ત કરું છું.

આભાર....

**આલોક કુમાર ગુપ્તા**
**મુખ્ય કાર્યપાલક અને નિયામક**

# વ્યવસાય અને કામગીરી

## દૂધ સંપાદન

ઓક્ટોબર-નવેમ્બરના બિનમોસમી વરસાદ અને તેના કારણે સર્જાયેલી ઘાસચારાની અછતને લીધે ઊભા થયેલા ગંભીર પર્યાવરણીય પડકારો છતાં, માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડે અસાધારણ મક્કમતા દર્શાવી છે. માહીએ વર્તમાન નાણાંકીય વર્ષમાં ૮.૪૮ LKGPD (લાખ કિલોગ્રામ પ્રતિ દિન) દૂધ સંપાદનનું મજબૂત સ્તર સફળતાપૂર્વક જાળવી રાખ્યું છે. આ સિદ્ધિ સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૧ જિલ્લાઓમાં ફેલાયેલા ૨,૭૦૯ દૂધ સંપાદન કેન્દ્રો (MPPs) પર કાર્યરત અમારા ૧,૨૩,૧૪૮ દૂધ ઉત્પાદક સભ્યોના અતૂટ વિશ્વાસ અને સહયોગની ભાવનાને પ્રતિબિંબ કરે છે.

**માળખાકીય સુવિધાઓ અને પરિવહન**

સંપાદન કરાયેલા દૂધનું કાર્યક્ષમ સંચાલન કરવા અને તેની ગુણવત્તા સુરક્ષિત રાખવા માટે, કંપનીએ પોતાના વિકેન્દ્રિત નેટવર્કને વધુ સુદ્રઢ બનાવ્યું છેઃ

- બલ્ક મિલ્ક કૂલર (BMC) કલસ્ટર્સ અને મિલ્ક ચિલિંગ સેન્ટર્સ (MCC): ૪૯ BMC/MCC સુવિધાઓ દ્વારા પ્રાદેશિક સ્તરે મોટા જથ્થાના દૂધનું સંપાદન સંભાળવામાં આવ્યું છે.
- ગ્રામ્ય સ્તરે BMCs: દૂધના પરિવહન સમયને ઘટાડવા અને કાચા દૂધની તાજગી જાળવી રાખવા માટે પાયાના સ્તરે (ગામડાઓમાં) ૩૪ BMC યુનિટ્સ કાર્યરત કરવામાં આવ્યા હતા.

**નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (NPDD) પ્રોજેક્ટ અમલીકરણ**

ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા મંજૂર કરાયેલા NPDD પ્રોજેક્ટ (નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ થી ૨૦૨૫-૨૬ સુધીનો સમયગાળો) ની સફળ પૂર્ણાહુતિ સાથે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કરવામાં આવ્યું હતું. આ બહુવર્ષીય પહેલે દૂધ સંપાદન નેટવર્ક, પ્રયોગશાળાની ક્ષમતાઓ અને ઈન્ફોર્મેશન ઈકોસિસ્ટમને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી છે.

**NPDD પ્રોજેક્ટ અમલીકરણની મુખ્ય વિશેષતાઓઃ**

- ગુણવત્તા ખાતરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ તમામ BMCs અને મિલ્ક ચિલિંગ સેન્ટર્સ (MCCs) માં ૧૦૦% કવરેજ પ્રાપ્ત કરીને ૧૦૫ ઈલેક્ટ્રોનિક મિલ્ક એડલ્ટરેશન ટેસ્ટિંગ મશીનો (EMATs – દૂધમાં ભેળસેળ તપાસવાના મશીન) સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ટેસ્ટિંગ પ્રક્રિયામાં ૨,૦૦૦ OTP-આધારિત મિલ્ક એનાલાઈઝર્સ અને ૮ RT-PCR મશીનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- કલેક્શન પોઈન્ટ ડિજિટાઈઝેશનઃ વ્યવહારોમાં પારદર્શિતા વધારવા માટે વધુ ૭૦૦ ડેટા પ્રોસેસર મિલ્ક કલેક્શન યુનિટ્સ (DPMCUs) વસાવવામાં આવ્યા છે.
- ક્ષમતા વિસ્તરણઃ ૧૯ BMC યુનિટ્સનો ઉમેરો કરવામાં આવ્યો (જેમાં દસ ૫-KL ના અને નવ ૨-KL ના ક્ષમતાવાળા યુનિટ્સ સામેલ છે).
- વહીવટી અને આઈટી (IT) સપોર્ટઃ ૪૮ મલ્ટિફંક્શન પ્રિન્ટર્સને સાંકળવામાં આવ્યા અને મુખ્ય સંસ્થાકીય સર્વર નેટવર્કને જૂની રેક સિસ્ટમ્સમાંથી આધુનિક, ઝડપી હાઈપર કન્વર્જ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (HCI) સર્વરમાં અપગ્રેડ કરવામાં આવ્યું.

**ક્ષમતા નિર્માણ (Capacity Building)**

તમામ સ્તરે કામગીરીમાં સુસંગતતા અને શ્રેષ્ઠ કામગીરી સુનિશ્ચિત કરવા માટે, કંપની નિયમિતપણે ત્રિમાસિક સહાયક બેઠકો અને રિફ્રેશર તાલીમનું આયોજન કરે છે, જે દૂધની સ્વચ્છતા અને જાળવણીની પદ્ધતિઓમાં સતત સુધારાને પ્રોત્સાહન આપે છે.

**ઘાસચારાની સુનિશ્ચિતતા અને FPO માર્ગદર્શન પહેલ**

પ્રાદેશિક પશુ આહારની અછત સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવા અને ડેરી પશુઓ માટે લાંબા ગાળાની આબોહવા અનુકૂળતા સુનિશ્ચિત કરવા માટે, માહીએ 'ઘેડ ઉત્કર્ષ ફોડર એન્ડ એગ્રી પ્રોડ્યૂસર કંપની લિમિટેડ' (GUFAPCL) ની કલસ્ટર-બેઝ્ડ બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (CBBO) તરીકેની ભૂમિકા દ્વારા વ્યૂહાત્મક સંસ્થાકીય અને ઓપરેશનલ સહયોગ પૂરો પાડયો છે.

આ વ્યૂહાત્મક ભાગીદારીએ વર્તમાન નાણાંકીય વર્ષ દરમિયાન ચોક્કસ પગલાંઓ દ્વારા પ્રાદેશિક ઘાસચારાની સુરક્ષામાં નોંધપાત્ર વધારો કર્યો, પશુધનના પોષણમાં સુધારો કર્યો અને પર્યાવરણીય અવરોધો સામે સપ્લાય ચેનને મજબૂત બનાવી છે.

- વધુ ઉપજ આપતા બિયારણનું વિતરણઃ સભ્યોને સ્થાનિક સ્તરે ઉચ્ચ ગુણવત્તાની ખેતી કરવા પ્રોત્સાહિત કરવા માટે ઉત્પાદક સભ્યોને ૨૬.૮૬ મેટ્રિક ટન (MT) પ્રીમિયમ-ગ્રેડના મકાઈ અને જુવારના ઘાસચારાના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું.
- વ્યવસાયિક સાઈલેજ સપ્લાય ચેનઃ પશુઓમાં પોષણની સુસંગતતા જાળવી રાખવા માટે ડેરી ઉત્પાદકોને ૩૦૩.૩૧ મેટ્રિક ટન (MT) ઉચ્ચ ગુણવત્તાવાળા, વ્યાવસાયિક રીતે પ્રોસેસ કરાયેલા સાઈલેજના એકત્રીકરણ અને પુરવઠાની સુવિધા પૂરી પાડવામાં આવી.
- પાયાના સ્તરે સાઈલેજનું વિકેન્દ્રિકરણઃ ગ્રામીણ સમુદાયોને સશક્ત બનાવવા, પ્રાદેશિક કૃષિ પેદાશોનો લાભ લેવા અને એકંદર ફીડ પરિવહન ખર્ચ ઘટાડવા માટે વધારાના ૪૪.૯૮ મેટ્રિક ટન (MT) સ્થાનિક રીતે ઉત્પાદિત સાઈલેજનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો.

**પર્યાવરણીય ટકાઉપણું**

અમારી પર્યાવરણીય પ્રતિબદ્ધતાને અનુરૂપ, માહી દ્વારા ચોમાસા દરમિયાન મૌસમી વૃક્ષારોપણ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સામૂહિક પ્રયાસના પરિણામે અમારા MPP અને BMC સુવિધાઓના વ્યાપક નેટવર્ક પર ૩,૬૦૦ થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

## ફિલ્ડ એન્જિનિયરિંગ

ફિલ્ડ એન્જિનિયરિંગ વિભાગ કંપનીની કામગીરીના આધાર સ્તંભ સમાન એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે, જે આપણી ડેરી વેલ્યુ ચેન (મૂલ્ય શૃંખલા)ના તમામ તબક્કાઓ પર માળખાકીય સુમેળભરી કામગીરી સુનિશ્ચિત કરે છે. સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, આ વિભાગ ઓપરેશનલ ઉત્કૃષ્ટતા અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દોહરાવી, કટોકટીના સાધનો અને ઊર્જા પ્રણાલીઓના ઈન્સ્ટોલેશન, કમિશનિંગ (કાર્યરત કરવા) અને જાળવણીના કાર્યોમાં સક્રિયપણે વ્યસ્ત રહ્યો હતો.

**માળખાકીય સુવિધાઓનું વિસ્તરણ અને ચિલિંગ ક્ષમતામાં સુધારણા**

માહીની એન્જિનિયરિંગ ટીમે મુખ્યત્વે નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (NPDD) ના માળખા અંતર્ગત ગ્રામીણ કેન્દ્રોમાં મોટા પાયે અસ્ક્યામતના ઉપયોગનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું, જે અંતર્ગત ;

હબ સિસ્ટમમાં પ્રગતિઃ ૨ KLPD અને ૫ KLPD ની ક્ષમતા ધરાવતી બલ્ક મિલ્ક કુલર સિસ્ટમ્સ સાથે હબ સેન્ટર્સને સુવિધાજનક બનાવવામાં આવ્યા.

ભાવિ ક્ષમતાનું આયોજનઃ આગામી નેટવર્ક વિસ્તરણને સહયોગ આપવા માટે ૨ KL, ૩ KL, અને ૫ KL ક્ષમતા ધરાવતા વધારાના ૭૯ બલ્ક મિલ્ક કુલર્સ માટે સત્તાવાર રીતે ખરીદીના આદેશો જારી કરવામાં આવ્યા.

અદ્યતન દૂધ શિતકરણ ટેકનોલોજીઃ કુતિયાણા અને ભાવનગર ખાતે પર્યાવરણને અનુકૂળ, એમોનિયા-આધારિત ઈન્સ્ટન્ટ મિલ્ક ચિલિંગ યુનિટ્સ સ્થાપિત કરવામાં આવ્યા. એમોનિયા એક અત્યંત કાર્યક્ષમ કુદરતી રેફ્રિજન્ટ તરીકે જાણીતું છે, જે દૂધ એકત્રિત કર્યા પછી કાચા દૂધના તાપમાનને ઝડપથી ઘટાડવામાં મદદ કરે છે. આનાથી દૂધની તાજગી જળવાઈ રહે છે અને બેક્ટેરિયાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટે છે.

વજન માપણી વ્યવસ્થા (વેઈંગ લોજિસ્ટિક્સ): લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરવા અને ટેન્કરના વજનની ચોકસાઈપૂર્ણ ચકાસણી સુનિશ્ચિત કરવા માટે કુતિયાણા અને તાલાલા ચિલિંગ સેન્ટર્સ પર ૨ નવા ઔદ્યોગિક વે બ્રિજ સ્થાપિત કરવામાં આવ્યા.

**આબોહવા અનુકૂલન અને થર્મલ કાર્યક્ષમતા**

એન્જિનિયરિંગ પડકારો સામે પ્રતિક્રિયાઃ ઉનાળાના વાતાવરણના તાપમાનમાં પ્રતિ વર્ષ થતા વધારાને ધ્યાનમાં રાખીને, માહી દ્વારા સક્રિયપણે ૨૦ નવા રેફ્રિજરેશન કન્ડેન્સર યુનિટ્સ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે, જે વ્યાપક કન્ડેન્સિંગ સરફેસ એરિયા (ઘનીકરણ સપાટી વિસ્તાર) સાથે ડિઝાઈન કરવામાં આવ્યા છે. આ ફેરફાર સીધો જ હીટ એક્સચેન્જ (ગરમીના વિનિમય) ની કાર્યક્ષમતા વધારે છે અને બહારની અતિશય ગરમી દરમિયાન બલ્ક મિલ્ક કુલર્સની વીજળીની જરૂરિયાતને સ્થિર રાખે છે.

**પુનઃપ્રાપ્ય ઊર્જા અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો**

માહીએ ખર્ચ-મુક્ત, કુદરતી ઉર્જા સ્ત્રોતો તરફ વળીને ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાની તેની લાંબા ગાળાની વ્યૂહરચનામાં નવા સીમાચિહ્નો હાંસલ કર્યા છે.

- નવા ઈન્સ્ટોલેશન્સઃ ચાલુ વર્ષે વધુ ૨ કાચા દૂધના ચિલિંગ સેન્ટર્સ (તલાળા અને ભાવનગર) પર સોલર ફોટોવોલ્ટેઈક પાવર સિસ્ટમ્સનો વિસ્તાર કરવામાં આવ્યા છે.
- સંચિત પ્રભાવઃ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના અંત સુધીમાં, માહીનું સંચિત સ્વચ્છ ઊર્જા ઉત્પાદન આપણા કાચા દૂધના ચિલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને AFNU પ્લાન્ટમાં ૧૫.૪૧ લાખ KWH (યુનિટ) ને પાર કરી ગયું છે, જેણે પરંપરાગત ગ્રીડ પરની નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે અને ઓપરેશનલ ખર્ચ ઘટાડ્યો છે.

## લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈનમાં ઉત્કૃષ્ટતા

માહીમાં લોજિસ્ટિક્સ વિભાગનો પ્રાથમિક ઉદ્દેશ્ય ગામડાના સ્તરના સંગ્રહ કેન્દ્રોથી ચિલિંગ સેન્ટરો સુધી અને ત્યાંથી પ્રોસેસિંગ હબ (પ્રક્રિયા કેન્દ્રો) સુધી કાચા દૂધનું સુરક્ષિત, સ્વચ્છ અને સમયસર પરિવહન સુનિશ્ચિત કરવાનો છે. જીપીએસ (GPS) ટ્રેકિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પરિવહન સમય ઘટાડે છે, જેથી દૂધ બગડતું અટકાવી શકાય, પાદર્શકતા અને કાર્યક્ષમતા વધારી શકાય. દૂધ નાશવંત પદાર્થ હોવાથી, માહી દૂધ પરિવહનનું કડક સમયપત્રકનું પાલન કરે છે જેથી દૂધ લાંબા સમય સુધી બહારના તાપમાનના સંપર્કમાં ન રહે અને ઉત્પાદનની સર્વોચ્ચ તાજગીની ખાતરી આપી શકાય.

- સંપાદન કાર્યક્ષમતાઃ ૨,૭૦૦ થી વધુ સ્થાનિક MPP પરથી દૂધ સંપાદન કરવાની પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા માટે, ૫૭૪ થી વધુ કલેક્શન રૂટ ધરાવતા સમર્પિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વ્યૂહાત્મક સંચાલન કરવામાં આવ્યું છે.
- સપ્લાય-ચેન સંતુલનઃ બજારના પ્રવાહોના સતત વિશ્લેષણ અને ગ્રાહકોની માંગના નિરંતર અનુસરણના આધારે અદ્યતન 'માંગ-પુરવઠા સુમેળ પદ્ધતિઓ લાગુ કરવામાં આવી, જેનાથી બજારમાં દૂધની અછત નિવારી શકાય અને વધારાના સ્ટોક (ઈન્વેન્ટરી) ના જોખમને ઘટાડીને કામગીરી સંતુલિત કરી શકાય.

**કાચા દૂધનું પરિવહન અને મલ્ટિમોડલ નવિનતાઓ**

માહી કાચા દૂધના પરિવહનનું સૌથી મોટું નેટવર્ક સફળતાપૂર્વક ચલાવે છે, જેમાં ૧૦ KL થી ૩૦ KL ની ક્ષમતા ધરાવતા ૮૬ રો ચિલ્ડ મિલ્ક (RCM) ટેન્કર્સના કાફલાનો ઉપયોગ થાય છે. આ કાફલાએ માસિક સરેરાશ ૧,૩૭૮ ટ્રિપ્સ પૂર્ણ કરી, જેનાથી ગામડાના કૂલિંગ સેન્ટરોથી પ્રોસેસિંગ હબ સુધી કાચા ઠંડા કરેલા દૂધનો અવિરત પ્રવાહ જળવાઈ રહ્યો. પરિવહનની ઉત્પાદકતા વધારવા માટે, લોજિસ્ટિક્સ કામગીરીમાં ભાવનગર (ઘોઘા) અને હજીરા (સુરત) વચ્ચે ટેન્કરના પરિવહન માટે રો-રો ફેરી સર્વિસ (Ro-Ro Ferry Service) નો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો.

- પરિવહન સમયમાં ઘટાડોઃ દરેક ટ્રિપ દીઠ પરિવહનનો સમય આશરે ૮ કલાક જેટલો ઘટી ગયો, એટલે કે મુસાફરીનો સમય ૧૨ કલાકથી ઘટીને માત્ર ૪ કલાક થઈ ગયો, જેનાથી ટેન્કર્સના ફેરા અને ડિલિવરી કાર્યક્ષમતામાં

નોંધપાત્ર વધારો થયો.

- આર્થિક અને પર્યાવરણીય પ્રભાવ: આ પહેલથી વાર્ષિક અંદાજે રૂ. ૧.૭૯ કરોડ ના લોજિસ્ટિક્સ ખર્ચની બચત થઈ છે. આનાથી રસ્તા પરનું અંતર (માઈલેજ), ઈંધણનો વપરાશ અને ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન સીધું જ ઘટ્યું, જે ટકાઉ પરિવહન અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા પ્રત્યે કંપનીની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે.
- વ્યૂહાત્મક સીમાચિહ્ન: આ મલ્ટિમોડલ પરિવહન ઉકેલનું સફળ સંકલન કંપનીની ખર્ચ સ્પર્ધાત્મકતા અને કાર્યકારી ઝડપને મજબૂત કરવામાં એક મોટો માપદંડ (બેન્ચમાર્ક) સ્થાપિત કરે છે.

**સમર્પિત ફિલ્ડ અને કોલ્ડ-ચેન લોજિસ્ટિક્સ સપોર્ટ**

કામગીરીમાં ક્યાંય પણ અટકાવ ન આવે અને ફિલ્ડમાં માળખાકીય વિશ્વસનીયતા જળવાઈ રહે તે માટે જરૂરી સામગ્રી અને પશુચિકિત્સા સામગ્રી માટે સમર્પિત સપ્લાય લોજિસ્ટિક્સ વ્યવસ્થા જાળવવામાં આવી હતી.

- BMCs માટે સ્ટોર સામગ્રી લોજિસ્ટિક્સ: બલ્ક મિલ્ક કૂલર્સ (BMCs) માટે આવશ્યક ઓપરેશનલ અને મેઈન્ટેનન્સ સ્ટોર સામગ્રીના સમયસર વિતરણ માટે એક સુવ્યવસ્થિત પરિવહન પ્રણાલીનું સંચાલન કરવામાં આવ્યું. આનાથી ઓપરેશનલ ડાઉનટાઈમ (કામગીરી અટકવાનો સમય) નહિવત થયો, સપ્લાય ચેનની પ્રતિક્રિયાશીલતા વધી અને સામગ્રી પહોંચાડવાનો સમય ઘટ્યો હતો.
- બ્રીડિંગ અને વેટરનરી સપ્લાય ચેઈન્સ: ૨૨૦ મોબાઈલ આર્ટિફિશિયલ ઈન્સેમિનેશન ટેકનિશિયન (MAIT – કૃત્રિમ ગર્ભાધાન) કેન્દ્રો અને ૩૭ ડોરસ્ટેપ વેટરનરી હેલ્થ સર્વિસ (DVHS – ઘરબેઠા પશુ આરોગ્ય સેવા) કેન્દ્રોને લિક્વિડ નાઈટ્રોજન (LN2) અને ફ્રોઝન સીમેન ડોઝ (FSD) માટે વિશિષ્ટ તેમજ અવિરત લોજિસ્ટિક્સ સપોર્ટ પૂરો પાડવામાં આવ્યો.
- ઈકોસિસ્ટમનું સુદ્રઢીકરણ: આ મહત્વપૂર્ણ જૈવિક સામગ્રી માટે સંપૂર્ણ કોલ્ડ-ચેન જાળવી રાખવાથી પશુધન વિકાસ પ્રણાલી મજબૂત બની, જેનાથી દૂધ ઉત્પાદકો માટે ભરોસાપાત્ર કૃત્રિમ ગર્ભાધાન અને પશુચિકિત્સા સેવાઓ સુનિશ્ચિત થઈ.

**આરોગ્ય ભાગીદારી અને સામુદાયિક પોષણ**

મુખ્ય વ્યાપારી કાર્યોથી આગળ વધીને, માહી રાષ્ટ્રીય આરોગ્ય પહેલ, ટકાઉ પોષણ અને પાયાના સ્તરે સામાજિક કલ્યાણમાં સક્રિયપણે યોગદાન આપી રહી છે.

- રાષ્ટ્રીય પોષણ પહેલ સાથે ભાગીદારી: સરકારની દૂધ સંજીવની યોજના સાથે સહયોગ કરવામાં આવ્યો 'જે ICDS WCD ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ અને મધ્યાહ્ન ભોજન (MDM) કાર્યક્રમ દ્વારા સંયુક્ત રીતે લાગુ કરાયેલ પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ છે. પોતાના વ્યાપક વિતરણ નેટવર્કનો લાભ લઈને, માહીએ ગ્રામીણ કુપોષણ સામે લડવા માટે આંગણવાડીઓ અને સરકારી શાળાના વિદ્યાર્થીઓને સીધું જ ઉચ્ચ ગુણવત્તાવાળું, ફોર્ટિફાઈડ (પોષક તત્વોયુક્ત) ફ્લેવર્ડ મિલ્ક પૂરું પાડ્યું.
- માળખાકીય અને પશુ આરોગ્ય સહાય: NDDB ડેરી સર્વિસીસ દ્વારા અન્ય મિલ્ક પ્રોડ્યૂસર ઓર્ગેનાઈઝેશન્સ (MPOs) ને વિસ્તાર-વિશિષ્ટ મિનરલ મિશ્રણના અખિલ ભારતીય સ્તરે વિતરણની સુવિધા પૂરી પાડવામાં તેમજ પશુધનના સ્વાસ્થ્યની સુરક્ષા માટે તમામ કાર્યરત વિસ્તારોમાં પ્રીમિયમ પશુ આહાર (દાણ) ની સતત ડિલિવરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

## પ્રોડ્યૂસર ઇન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ (PIB)

**સભ્ય એકત્રીકરણ અને સર્વસમાવેશકતા**

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ સાચી લોકશાહી માલિકી અને પરસ્પર વિકાસના પાયા પર બનેલી છે. આ વિશિષ્ટ માળખું એ સુનિશ્ચિત કરે છે કે સર્વોચ્ચ સ્તરે લેવાયેલો દરેક વ્યૂહાત્મક નિર્ણય દૂધ ઉત્પાદકોના કલ્યાણ અને આર્થિક સમૃદ્ધિ સાથે સીધો સુસંગત હોય. માહી મિલ્ક એક મજબૂત, સર્વસમાવેશક અને લોકતાંત્રિક રીતે સંચાલિત ઉત્પાદક નેટવર્કને પ્રોત્સાહન આપવાની તેની પ્રતિબદ્ધતામાં અડગ છે. સમીક્ષા હેઠળના નાણાંકીય વર્ષ દરમિયાન, કંપનીએ ચાર વ્યૂહાત્મક સભ્યપદ ઝુંબેશ ચલાવી હતી, જેમાં સફળતાપૂર્વક ૧૩,૫૦૪ નવા દૂધ ઉત્પાદકોને જોડવામાં આવ્યા હતા.

આ વૃદ્ધિ સાથે કંપનીના કુલ નોંધાયેલા સભ્યોની સંખ્યા ૧,૨૩,૧૪૮ થઈ છે. ગ્રામીણ અર્થતંત્રમાં મહિલા સશક્તિકરણ પ્રત્યે મજબૂત સમર્થન દર્શાવતા, કુલ નોંધાયેલા સભ્યોમાંથી ૪૩.૬૬% મહિલા શેરધારકો છે.

**ક્ષમતા નિર્માણ અને સંસ્થાકીય તાલીમ**

અમારા હિતધારકોમાં કામગીરી સબંધિત જ્ઞાન, સાક્ષરતા, નેતૃત્વ ક્ષમતાઓ અને ડેરી ઉદ્યોગની શ્રેષ્ઠ પદ્ધતિઓનો વિકાસ કરવા માટે, વર્ષ દરમિયાન લક્ષિત તાલીમ અને જાગૃતિ કાર્યક્રમોની એક વ્યાપક શ્રેણી ચલાવવામાં આવી હતી.

| તાલીમ અને જાગૃતિ કાર્યક્રમ | આયોજિત કાર્યક્રમો | કુલ સહભાગીઓ/લાભાર્થીઓ |
|---|---|---|
| મેમ્બર અવેરનેશ પ્રોગ્રામ્સ – સભ્ય જાગૃતિ કાર્યક્રમો (MAPs) | ૧,૦૪૧ | ૨૪,૦૮૭ |
| વિમેન અવેરનેશ પ્રોગ્રામ્સ – મહિલા જાગૃતિ કાર્યક્રમો (WAPs) | ૫૯૩ | ૧૨,૯૮૧ |
| વિલેજ કોન્ટેકટ ગ્રુપ – ગ્રામ્ય સંપર્ક જૂથ (VCG) | ૫૩૨ | ૧૦,૭૮૬ |
| મેમ્બર રીલેશન ગ્રુપ – સભ્ય સંબંધ જૂથ (MRG) | ૧૦૧ | ૨,૦૯૦ |
| લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ – નેતૃત્વ વિકાસ કાર્યક્રમો (LDPs) | ૪ | ૯૦ |

**સભ્ય સંચાલન, સંચાર અને ડિજિટલાઇઝેશન**

પારદર્શક સંચાર સુનિશ્ચિત કરવા, ફરિયાદોના નિવારણને ઝડપી બનાવવા અને કામગીરી સંબંધિત મહત્વપૂર્ણ અપડેટ્સ પ્રસારિત કરવા માટે, કંપનીએ સક્રિય સંસ્થાકીય બેઠકોનું કેલેન્ડર જાળવી રાખ્યું હતું.

- પાયાના સ્તરની બેઠકો: વર્ષ દરમિયાન કુલ ૯,૭૧૪ VCG બેઠકો અને ૩૭૪ MRG બેઠકોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.
- ગવર્નન્સમાં ડિજિટલ પરિવર્તન: પર્યાવરણીય ટકાઉપણું અને તકનીકી નવીનતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને અનુરૂપ, ૧00% VCG બેઠકો સંસ્થા દ્વારા જ આંતરિક રીતે વિકસાવવામાં આવેલી 'VCG મીટિંગ એપ' દ્વારા કરવામાં આવી હતી. આ એન્ડ્રોઇડ-આધારિત મોબાઇલ એપ્લિકેશને પરંપરાગત કાગળના વપરાશને સફળતાપૂર્વક નાબૂદ કર્યો છે, વહીવટી ખર્ચ ઘટાડ્યો છે અને રીઅલ-ટાઈમ (ત્વરિત) ડેટાના સંકલનને સુવ્યવસ્થિત કર્યું છે.

**માળખાકીય સુવિધાઓમાં ઉત્કૃષ્ટતા અને આંતરિક ક્ષમતામાં વધારો**

- મોડેલ MPP ની સ્થાપના: માળખાકીય સુવિધાઓ અને શ્રેષ્ઠ સ્વચ્છતાના ધોરણોમાં નવા માપદંડ સ્થાપિત કરીને, કંપનીએ તમામ કાર્યરત જિલ્લાઓ: અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, પોરબંદર અને સુરેન્દ્રનગરમાં ઉત્કૃષ્ટતાના કેન્દ્રો તરીકે પ્રીમિયમ મોડેલ મિલ્ક પુલિંગ પોઈન્ટ્સ (MPPs) સફળતાપૂર્વક વિકસાવ્યા છે.
- અધિકારીઓની કુશળતામાં વધારો: સંસ્થાકીય સંચાર અને ટીમની કાર્યક્ષમતાને મજબૂત કરવા માટે, PIB વિભાગ માટે કમ્યુનિકેશન સ્કીલ ડેવલપમેન્ટ (સંચાર કૌશલ્ય વિકાસ) પર બે દિવસીય રહેણાંક (રેસિડેન્શિયલ) તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯ કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સે સફળતાપૂર્વક ભાગ લીધો હતો, જેનાથી ફિલ્ડ લેવલ પર જોડાણની ક્ષમતાઓ મજબૂત થઈ છે.

## ઉત્પાદકતા વૃદ્ધિ સેવાઓ (PES)

ઉત્પાદકતા વૃદ્ધિ સેવાઓ (PES), વૈજ્ઞાનિક અને ટકાઉ ડેરી વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવીને દૂધ ઉત્પાદકોની આવક વધારવાની અમારી વ્યૂહરચનાના પાયાના પથ્થર તરીકે કામ કરે છે. દૂધ ઉત્પાદનની ગુણવત્તા, જથ્થો અને સુસંગતતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, PES પહેલ કંપનીની લાંબા ગાળાની સંસ્થાકીય ટકાઉપણાને સીધો જ વેગ આપે છે. સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, અમે સભ્યોના હિતોને મહત્તમ કરવા માટે ખાસ તૈયાર કરાયેલા લક્ષિત કાર્યક્રમોની એક વ્યાપક શ્રેણી અમલમાં મૂકી છે.

**પશુ આરોગ્ય અને પશુચિકિત્સા સેવાઓ:**

માહીની મુખ્ય પહેલ 'માહી પશુ સેવા' ઘરબેઠા પૂરી પાડતી પશુચિકિત્સા આરોગ્ય સેવા છે, જે ૩૭ મોબાઈલ વેટરનરી યુનિટ્સના કાફલા દ્વારા ૨,૨૪૫ MPPઓ પર પોષણક્ષમ સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડે છે. આ સંપૂર્ણપણે પેપરલેસ મોડેલ રીઅલ-ટાઈમ મોનિટરિંગ માટે સંસ્થાની પોતાની ઈન-હાઉસ એન્ડ્રોઈડ એપ્લિકેશન અને વેબ-આધારિત ડેશબોર્ડનો ઉપયોગ કરે છે.

- તબીબી સફળતા: ૮૦૨ મોટી સર્જિકલ પ્રક્રિયાઓ સહિત ૫૯,૬૧૨ પશુઓની સારવાર કરવામાં આવી.
- ટકાઉ તબીબી પદ્ધતિ: એથ્નો-વેટરનરી મેડિસિન્સ (EVM – પરંપરાગત હર્બલ પશુચિકિત્સા) નો ઉપયોગ કરીને ૪,૮૫૭ કેસોની સફળ સારવાર કરવામાં આવી
- નિવારક અને પ્રજનન સંભાળ: ૨૩,૨૭૦ કેલિફોર્નિયા મેસ્ટાઈટિસ ટેસ્ટ (CMT – આંચળના સોજાની તપાસ) કરવામાં આવ્યા અને પ્રજનન સ્વાસ્થ્ય માટે ૭,૦૮૪ વંધ્ય પશુઓની તપાસ કરવામાં આવી.
- ક્ષમતા નિર્માણ: ૫૫૮ ખેડૂત જાગૃતિ બેઠકો યોજવામાં આવી.
- FIP સફળતા: ગુજરાત લાઈવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ (GLDB) ના સહયોગથી ૪૬ ગામોમાં ૧૩૮ ફર્ટિલિટી ઈમ્પ્રૂવમેન્ટ પ્રોગ્રામ (FIP – પ્રજનનક્ષમતા સુધારણા કાર્યક્રમ) કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૩,૮૭૯ કેસોની સારવાર કરવામાં આવી.

**કૃમિનાશક અને પોષણ વ્યવસ્થાપન**

- વ્યૂહાત્મક પરજીવી નિયંત્રણ: પશુ આહારની કાર્યક્ષમતા અને દૂધ ઉત્પાદન વધારવા માટે પડતર કિંમતે ૨૬,૦૮૪ કૃમિનાશકના ડોઝનું વિતરણ કરવામાં આવ્યું.
- રાશન બેલેન્સિંગ પ્રોગ્રામ (RBP): નિષ્ણાંત પશુચિકિત્સકો અને કુત્રિમ ગર્ભધાન (આર્ટિફિશિયલ ઈન્સેમિનેશન (AI)) અધિકારીઓએ સ્થાનિક પશુ આહાર સંસાધનોના શ્રેષ્ઠ ઉપયોગ અને ખર્ચ ઘટાડવા માટે સલાહકાર સેવાઓ પૂરી પાડી.
- મિનરલ પૂરક આહાર: MAITs અને પશુચિકિત્સકો દ્વારા ખેડૂતોને ૧૯,૫૨૪ કિલોગ્રામ મિનરલ મિશ્રણ પૂરું પાડવામાં આવ્યું.

**નસ્લ સુધારણા અને આનુવંશિક ઉન્નતિકરણ**

કંપની એક સુવ્યવસ્થિત AI (કૃત્રિમ ગર્ભાધાન) નેટવર્ક દ્વારા પશુઓના આનુવંશિક ધોરણોને આગળ વધારી રહી છે.

- વ્યાપક વિસ્તરણ: ૨૩૦ પ્રશિક્ષિત મોબાઈલ AI ટેકનિશિયનો (MAITs) દ્વારા ૫ જિલ્લાના ૨,૧૪૨ ગામોમાં કૃત્રિમ ગર્ભાધાન સેવાઓનો વિસ્તાર કરવામાં આવ્યો.
- કાર્યક્ષમતા: ચુસ્ત પ્રમાણભૂત પ્રોટોકોલનું પાલન કરીને ૮૨,૦૧૭ કૃત્રિમ ગર્ભાધાન સફળતાપૂર્વક કરવામાં આવ્યા.
- ભાવિ અસ્ક્યામતો: ૧,૦૨૦ ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા ધરાવતી વાછરડી/પાડીઓની નોંધણી કરવામાં આવી.
- પ્રતિબદ્ધતા: ૧૮૧ ખેડૂત જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

### ગુણવત્તા ખાતરી અને જાહેર આરોગ્ય

દિશા (DISHA – ડેરી ઈન્ટિગ્રેટેડ સેફ્ટી એન્ડ હેલ્થ એક્શન) પ્રોજેક્ટ એક સંકલિત અભિગમ દ્વારા દૂધની ગુણવત્તા, પશુ આરોગ્ય અને જાહેર આરોગ્ય સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંકલિત અભિગમ દૂધની ગુણવત્તા, પશુ આરોગ્ય અને જાહેર આરોગ્ય વચ્ચેના અંતરને દૂર કરે છે.

- કાર્યક્ષેત્રઃ આ પ્રોજેક્ટ હેઠળ ૧૦૦ MPPs ને આવરી લેવામાં આવ્યા.
- નિવારક સંભાળઃ સબક્લિનિકલ મેસ્ટાઈટિસ (આંચળનો છૂપો સોજો) માટે દૂધના ૯,૫૯૯ સામૂહિક નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું.
- પરીક્ષણ, નિદાન અને સંશોધનઃ એન્ટિબાયોટિક/ એફ્લાટોક્સિનના અવશેષો માટે દૂધના ૧૦૦ નમૂનાઓનું, એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (દવા સામે પ્રતિકારક શક્તિ) માટે મેસ્ટાઈટિસ પોઝિટિવ ધરાવતા ૧૨ નમૂનાઓનું અને બ્રુસેલોસિસ માટે માનવ સીરમના ૧૫૧ નમૂનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું.
- પારંપરિક પશુ ચિકિત્સાઃ EVM (એથ્નો– વેટરનરી મેડિસિન્સ) પદ્ધતિઓનો ઉપયોગ કરીને ૬,૨૬૬ કેસોની સારવાર કરવામાં આવી.

### મોડેલ ડેરી ફાર્મ (MDF)

સંસ્થા દ્વારા પશુપાલકો માટે પ્રાયોગિક શિક્ષણ કેન્દ્રો તરીકે કામ કરવા માટે ૨૬ મોડેલ ડેરી ફાર્મ્સની સ્થાપના કરવામાં આવી છે. આ ફાર્મ્સ ખેડૂતો વચ્ચે પરસ્પર જ્ઞાનની આપ–લેની સુવિધા પૂરી પાડે છે, જ્યાં પ્રગતિશીલ ખેડૂતો વૈજ્ઞાનિક પશુપાલન પદ્ધતિઓ દર્શાવે છે, જેમાં CMT, ટીટ ડીપીંગ (આંચળ બોળવાની પદ્ધતિ), કૃમિનાશક સારવાર અને મુક્ત આવાસ (free housing) જેવી વૈજ્ઞાનિક પ્રણાલીનો સમાવેશ થાય છે.

### ડિજિટલાઇઝેશન અને સભ્ય સુવિધા

- પશુ નોંધણી અને ટેગિંગઃ ૧,૭૫૪ MPP ગામોના ૮,૩૯૬ સભ્યોને આવરી લઈને ૧૬,૫૯૪ પશુઓનું ટેગિંગ કરીને ઉચ્ચ ટ્રેસેબિલિટી (ભૂતકાળની વિગતો જાણવાની ક્ષમતા) હાંસલ કરવામાં આવી છે. સંસ્થાની પોતાની ઈન–હાઉસ એન્ડ્રોઈડ એપ્લિકેશન દ્વારા રીઅલ–ટાઈમમાં ડેટા મેળવવામાં આવે છે.
- આઈ–ખેડૂત (i-Khedut) યોજના સહાયઃ સરકારી યોજનાઓના લાભો મેળવવા માટે ૪૦૧ સભ્યોને સક્રિયપણે મદદ કરવામાં આવી, જેના પરિણામે ૧૦ થી વધુ વિવિધ યોજનાઓમાં ૫૬૧ અરજીઓ સફળતાપૂર્વક કરવામાં આવી.

## પશુ આહાર અને પોષણ એકમ (AFNU)

એક સંકલિત ડેરી વ્યવસાય હોવાને નાતે, કેટલ ફીડ પ્લાન્ટ (CFP – પશુ આહાર પ્લાન્ટ) એક મહત્વપૂર્ણ સપ્લાય ચેન લિંક તરીકે કામ કરે છે. CFP એ સુનિશ્ચિત કરે છે કે દૂધ ઉત્પાદકો (ખેડૂતો) ને તેમના પશુધન માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત, વૈજ્ઞાનિક રીતે સંતુલિત પોષણ મળી રહે. આનાથી દૂધની ઉપજમાં સીધો વધારો થાય છે, ફેટ અને SNF (સોલિડ્સ–નોટ–ફેટ) ના પ્રમાણમાં સુધારો થાય છે અને પશુઓનું સ્વાસ્થ્ય સુરક્ષિત રહે છે. કમ્પાઉન્ડ કેટલ ફીડ (ખાણ) દ્વારા યોગ્ય રીતે સંતુલિત પોષણ ‘ જે પ્રીમિયમ ઘટકોનું વૈજ્ઞાનિક રીતે તૈયાર કરાયેલું મિશ્રણ છે ‘ તે વિકાસ પામતા, પુખ્ત, દૂધ ન આપતા (ડ્રાય), દૂધ આપતા અને ગાભણ પશુઓ માટે તૈયાર કરાયેલ એક સ્વાદિષ્ટ અને અત્યંત સુપાચ્ય પોષક સ્ત્રોત છે. મૂળભૂત આહાર (ઘાસચારા) ની સાથે આ સંતુલિત આહારનો નિયમિત વપરાશ ઉત્પાદન ખર્ચ ઘટાડે છે અને ડેરી ખેડૂતો માટે ચોખ્ખા નફામાં નોંધપાત્ર વધારો કરે છે, જે ડેરી ઉદ્યોગમાં લાંબા ગાળાની સ્થિરતા (સસ્ટેનેબિલિટી) લાવે છે.

### ઉત્પાદન ઉત્કૃષ્ટતા અને ગુણવત્તા અનુપાલન

- પ્રમાણિત સુવિધાઓઃ કંપની ISO 9001:2015 હેઠળ પ્રમાણિત અત્યાધુનિક ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે, જે તમામ પશુ આહાર અને મિનરલ મિશ્રણ ઉત્પાદન લાઈનો પર કડક ગુણવત્તા નિયંત્રણના ધોરણો સુનિશ્ચિત કરે છે.
- રાષ્ટ્રીય પુરવઠા વ્યાપઃ વિશિષ્ટ ફોર્મ્યુલેશન (સૂત્રો) નો ઉપયોગ કરીને, કંપની સમગ્ર ભારતમાં અદ્યતન મિલ્ક પ્રોડ્યૂસર કંપનીઓ અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ ડેરી સર્વિસીસ (NDDB-DS) ને વિસ્તાર–વિશેષ મિનરલ મિશ્રણ સપ્લાય કરે છે.
- બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) ની ખાતરીઃ અમારા મુખ્ય અને મોટા જથ્થામાં વેચાતા ઉત્પાદનો ‘ “માહીદાણ પાવર”, “માહીદાણ સંપૂર્ણ” અને “માહી દાણ અનમોલ” – પ્રતિષ્ઠિત ISI માર્ક ધરાવે છે, જે રાષ્ટ્રીય ગુણવત્તાના માપદંડો સાથે કડક પાલનની પુષ્ટિ કરે છે.

### કામગીરી અને વેચાણમાં પ્રગતિ

સમીક્ષા હેઠળના નાણાંકીય વર્ષ દરમિયાન, વ્યૂહાત્મક બજાર વિસ્તરણ અને કામગીરીના સુધારાઓને કારણે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ થઈ છે.

- પશુ આહારનું અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણઃ ૧ એપ્રિલ, ૨૦૧૮ના રોજ પશુ આહાર પ્લાન્ટ હસ્તગત કર્યા પછી કંપનીએ ઉત્પાદન અને વેચાણ બંનેમાં અત્યાર સુધીનો સર્વોચ્ચ રેકોર્ડ હાંસલ કર્યો છે. કુલ પશુ આહારનું વેચાણ ૨૫,૭૦૪.૩૨ મેટ્રિક ટન (MT) પર પહોંચ્યું છે, જે વાર્ષિક ધોરણે ૧૩% ની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે.
- મિનરલ મિશ્રણના વેચાણમાં અભૂતપૂર્વ વૃદ્ધિઃ મિનરલ મિશ્રણનું વેચાણ વધીને ૧,૧૭૮.૧૩ મેટ્રિક ટન (MT) થયું છે, જે અગાઉના નાણાંકીય વર્ષની સરખામણીમાં જથ્થામાં ૯૦% નો અસાધારણ વધારો દર્શાવે છે.

### ક્ષમતા વિસ્તરણ અને વ્યૂહાત્મક ઉત્પાદનોનું લોન્ચિંગ

ઔદ્યોગિક ક્ષમતામાં વધારો બજારની વધતી માંગને અસરકારક રીતે પહોંચી વળવા અને ભવિષ્યની વ્યવસાયિક કામગીરીને સુરક્ષિત કરવા માટે, કંપનીએ તેની મિનરલ મિશ્રણ ઉત્પાદન એકમમાં સફળતાપૂર્વક એક મોટું માળખાકિય અપગ્રેડ હાથ ધર્યું. અદ્યતન મશીનરી અને ચોક્કસ સાધનોની સ્થાપના દ્વારા, ઉત્પાદન ક્ષમતા દરરોજ ૧૦ ટનથી બમણી

કરીને ૨૦ ટન કરવામાં આવી છે, જેણે પરિણામમાં આંતરિક ઉત્પાદન ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થયો.

**પ્રોડક્ટ પોર્ટફોલિયોનું વૈવિધ્યકરણ**

પશુઓના શ્રેષ્ઠ સ્વાસ્થ્ય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને અનુરૂપ અને ઉભરતી બજારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, કંપનીએ તેના વિશિષ્ટ પોષણ પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યો છે. 'માહી દિવસ' (૧૮ માર્ચ, ૨૦૨૬) ના અવસરે, અત્યંત ઉપયોગી વ્યાપારી પેકેજિંગમાં ત્રણ પ્રીમિયમ પશુ આહાર પૂરક (સપ્લિમેન્ટ) ઉત્પાદનો વ્યાપારી ધોરણે લોન્ચ કરવામાં આવ્યા હતા.

| નવું ઉત્પાદન | શ્રેણી / પ્રકાર | પેકેજિંગ સાઈઝ |
|---|---|---|
| માહીકેલ ગોલ્ડ | પ્રીમિયમ લિક્વિડ કેલ્શિયમ | ૫-લિટર પ્રીમિયમ પેક |
| માહી સુપર ફેટ | હાઈ-એનર્જી ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ | ૨-કિલો વિશિષ્ટ પાઉચ |
| માહી મીન ફોર્ટે | અદ્યતન મિનરલ સપ્લિમેન્ટ | ૫-કિલો કોમર્શિયલ પેક |

## ગુણવત્તા ખાતરી (QA)

સમગ્ર સપ્લાય ચેઈન દરમિયાન ' દૂધ ઉત્પાદક પાસે થી દૂધ એકત્રિત કરવાના સમયથી લઈને, બલ્ક મિલ્ક કુલર (BMC) અને મિલ્ક ચિલિંગ સેન્ટર્સ (MCCs) સુધી અને ટેન્કરો દ્વારા મોટા જથ્થામાં દૂધ મોકલવા (ડિસ્પેચ) સુધી 'ગુણવત્તા એ દૂધની શુદ્ધતાનો આધારસ્તંભ છે. માહી દૂધમાં ભેળસેળ, બેક્ટેરિયાને લીધે બગાડ અને ઓપરેશનલ બિનકાર્યક્ષમતા સામે એક ગેટકીપર તરીકે કામ કરે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં, ક્વોલિટી એશ્યોરન્સ (QA) વિભાગે સર્વોચ્ચ ગુણવત્તા, પૌષ્ટિકતા અને સુરક્ષાના ધોરણો સાથે દૂધ પહોંચાડવાની માહીની અતૂટ પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે. BMCs અને MCCs ના વ્યાપક નેટવર્ક પર કામ કરીને, માહીએ સુનિશ્ચિત કર્યું કે એકત્રિત કરાયેલા દૂધનું દરેક ટીપું સંસ્થાના કડક માપદંડોને પૂર્ણ કરે, જેથી ગ્રાહકોનો વિશ્વાસ સુરક્ષિત રહે અને બજારમાં કંપનીની પ્રતિષ્ઠા મજબૂત થાય.

કંપનીની સ્થાપનાથીજ સમગ્ર વેલ્યુ-ચેઈન (મૂલ્ય શૃંખલા) ની અખંડિતતા પર અવિરત ધ્યાન કેન્દ્રિત કરવાના કારણે, આ કામગીરી અમારા દૂધ ઉત્પાદક સભ્યો માટે સતત વૃદ્ધિ લાવવા અને મહત્તમ વળતર મેળવવા માટે તૈયાર કરવામાં આવી છે. માહી ખાતરી આપે છે કે તમામ દૂધ પ્રક્રિયા (પ્રોસેસિંગ) પ્લાન્ટ્સમાં મોકલવા માટે મંજૂર થાય તે પહેલાં, ખરીદી પ્રક્રિયાના દરેક તબક્કે તેની કડક ગુણવત્તા ચકાસણી કરવામાં આવે છે.

**મુખ્ય પહેલ અને તકનીકી માળખાકીય સુવિધાઓ**

અદ્યતન પરીક્ષણ પ્રોટોકોલ: BMCs અને MCCs ખાતે ખાદ્ય સુરક્ષા (ફૂડ સેફ્ટી) અને ગુણવત્તાની ચકાસણીઓને સચોટ રીતે કેલિબ્રેટ કરેલા સાધનો અને સંકલિત ડિજિટલ રેકોર્ડ-કીપિંગ સિસ્ટમ્સ સાથે સશક્ત કરવામાં આવી હતી. આ ડિજિટલ પરિવર્તન સપ્લાય ચેઈનમાં સંપૂર્ણ પારદર્શિતા, ચોકસાઈ અને રીઅલ-ટાઈમ (ત્વરિત) ટ્રેસેબિલિટી સુનિશ્ચિત કરે છે.

- EMAT દ્વારા માળખાકીય વિસ્તરણ: પ્રાથમિક દૂધ એકત્રીકરણ તબક્કે દેખરેખને વધુ મજબૂત કરવા માટે, ગ્રામ્ય સ્તરના સંગ્રહ કેન્દ્રો અને BMCs પર વ્યૂહાત્મક રીતે ૧૦૫ ઈલેક્ટ્રોનિક મિલ્ક એડલ્ટરેશન ટેસ્ટિંગ (EMAT) મશીનો તૈનાત કરવામાં આવ્યા હતા, જે ઝડપી અને વિશ્વસનીય ખાદ્ય સુરક્ષા ચકાસણીને સક્ષમ બનાવે છે.
- અદ્યતન વિશ્લેષણાત્મક ક્ષમતાઓ: એક મહત્વના તકનીકી પ્રગતિના ભાગરૂપે, વિવિધ BMCs અને MCCs પર ડીએનએ (DNA) આધારિત રીઅલ-ટાઈમ પીસીઆર (RT-PCR) ઉપકરણો શરૂ કરવામાં આવ્યા હતા. આ ઉચ્ચ-ચોકસાઈ ધરાવતી ટેકનોલોજી દ્વારા શરૂઆતના તબક્કે જ પશુઓની પ્રજાતિના સ્તરે શુદ્ધતાની ભાળ મેળવવી શકય બની છે, જે દૂધની ગુણવત્તાની ખાતરીને નોંધપાત્ર રીતે ઉચ્ચ સ્તરે લઈ જાય છે.

**નિયમનકારી પાલન, પ્રમાણપત્રો અને ક્ષમતા નિર્માણ**

- નિયમનકારી અને ખાદ્ય સુરક્ષા પાલન: તમામ ચિલિંગ સુવિધાઓ ખાતે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) ની માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન જાળવી રાખ્યું છે. મજબૂત ગુણવત્તા વ્યવસ્થાપન માળખા હેઠળ, ૪૯ માંથી ૪૩ BMC/MCC પ્રતિષ્ઠિત ISO 9001 અને ISO 22000 પ્રમાણપત્રો સફળતાપૂર્વક મેળવ્યા છે, જે આંતરરાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા ઉત્કૃષ્ટતા સાથે માહીની સુસંગતતા દર્શાવે છે .
- પાયાના સ્તરે ક્ષમતા નિર્માણ: દૂધ એકત્રીકરણ સ્ટાફ અને ગ્રામીણ સ્તરના દૂધ ઉત્પાદકો માટે નિયમિતપણે સુવ્યવસ્થિત તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં દૂધની શુદ્ધતા મૂળ સ્ત્રોત (જ્યાંથી દૂધ આવે છે ત્યાં) થી જ જાળવી રાખવા માટે, સ્વચ્છતાપૂર્વક દૂધના હેન્ડલિંગ, કોલ્ડ ચેનની જાળવણી અને ભેળસેળ અટકાવવાની સક્રિય તકનીકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

## ઇન્ફોર્મેશન ટેકનોલોજી (IT) – ડિજિટલ પહેલ

**માહી સભ્યપદ રી-કેવાયસી (Re-KYC) પહેલ**

કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને નિયમનકારી પાલન (રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ) ને મજબૂત કરવા માટે, સંસ્થાએ પરંપરાગત, કાગળ આધારિત મેમ્બર એપ્લિકેશન ફોર્મને સંપૂર્ણપણે પેપરલેસ ડિજિટલ વર્કફ્લોમાં સફળતાપૂર્વક રૂપાંતરિત કર્યું છે. અમારા દૂધ ઉત્પાદક સભ્યોને અદ્યતન અને ઉચ્ચ સ્તરનો સચોટ ડેટાબેઝ પૂરો પાડવાના ઉદ્દેશ્ય સાથે, કંપનીએ સમીક્ષા હેઠળના નાણાંકીય વર્ષ દરમિયાન એક

વ્યાપક 'મેમ્બરશિપ રી–કેવાયસી ઝુંબેશ' શરૂ કરી હતી.
આ ઝુંબેશની મુખ્ય વિશેષતાઓ:

- સીમલેસ ડિજિટલ ઈન્ટિગ્રેશન: સંપૂર્ણપણે પેપરલેસ (કાગળ રહિત) માળખા તરીકે કામ કરતી આ રી–કેવાયસી પ્રક્રિયા, સભ્યોના રેકોર્ડને અપડેટ કરવા માટે એક સરળ, ઝડપી અને પારદર્શક વ્યવસ્થા પૂરી પાડે છે.
- સંસ્થાની પોતાની ટેકનોલોજી: આ સમગ્ર ચકાસણી પ્રક્રિયા સંસ્થા દ્વારા જ ઈન–હાઉસ વિકસાવવામાં આવેલી સુરક્ષિત મોબાઈલ એપ્લિકેશન અને વેબ–આધારિત વેરિફિકેશન પ્લેટફોર્મ દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.
- કામગીરીની કાર્યક્ષમતા: આ ડિજિટલાઈઝ્ડ વર્કફ્લો અત્યંત સચોટ અને રીઅલ–ટાઈમ (ત્વરિત) ડેટા પ્રવાહ સુનિશ્ચિત કરે છે, જ્યારે ભૌતિક દસ્તાવેજોના પરિવહન, હાથેથી થયેલ નોંધણી અને દસ્તાવેજો રાખવાનો ખર્ચ સાથે સંકળાયેલા વધારાના ખર્ચને સંપૂર્ણપણે નાબૂદ કરે છે.

**ડિજિટલ પરિવર્તન અને સપ્લાય ચેઇન ઓપ્ટિમાઇઝેશન**

- સ્માર્ટ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ: ઓનલાઈન કેટલ ફીડ સ્ટોક અને સપ્લાય એપ્લિકેશન

કંપનીએ સપ્લાય ચેઈનને વધુ કાર્યક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને એક મહત્વપૂર્ણ ડિજિટલ પરિવર્તનની પહેલ શરૂ કરી છે, જેમાં ખાસ કરીને પશુ આહાર (કેટલ ફીડ) ના સ્ટોક અને સપ્લાયના સ્માર્ટ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ પર ભાર મૂકવામાં આવ્યો છે.

આ સિસ્ટમ પશુ આહારના જથ્થાના સ્તરનું રીઅલ–ટાઈમ મોનીટરીંગ કરી માંગની આગાહી અને ઓટોમેટેડ રિપ્લેનિશમેન્ટ ટ્રિગર્સ (સ્ટોક ઓછો થતાં આપોઆપ ઓર્ડર થવો) સક્ષમ બનાવે છે. આનાથી બગાડ નહિવત થાય છે, સ્ટોક ખાલી થતો અટકે છે અને સમગ્ર સપ્લાય ચેનમાં પશુ આહારની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત થાય છે. આ ડિજિટલ હસ્તક્ષેપ પરંપરાગત, મેન્યુઅલ કાગળ–આધારિત સ્ટોક–કીપિંગને સંપૂર્ણપણે ઓટોમેટેડ, ઉચ્ચ–ચોકસાઈવાળી ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમમાં પરિવર્તિત કરે છે. આ પહેલથી ખરીદીની કાર્યક્ષમતામાં સુધારો, ખર્ચમાં ઘટાડો અને સભ્યોને સેવા વિતરણમાં વધારો થવાની અપેક્ષા છે.

**મુખ્ય તકનીકી અને કામગીરીને અસર:**

- માંગનું સક્રિય પૂર્વાનુમાન: સભ્યો અને સહાયકો પાસેથી સીધા જ ત્વરિત ડિજિટલ ઓર્ડર મેળવીને, આ એપ્લિકેશન MPP સ્તરે વિવિધ પશુ આહારની પ્રાદેશિક માંગ વિશે અગાઉથી જ સચોટ માહિતી પૂરી પાડે છે. આ ડેટા અમારા ઉત્પાદન એકમો ખાતે અત્યંત ઝડપી અને કાર્યક્ષમ ઉત્પાદન આયોજન સક્ષમ બનાવે છે.
- જસ્ટ–ઈન–ટાઈમ (JIT) ઈન્વેન્ટરી કાર્યક્ષમતા: સ્ટોકની રીઅલ–ટાઈમ વિગતો મળવાના કારણે ઈન્વેન્ટરીની સમસ્યાઓ હલ થાય છે, જેનાથી MPP અને BMC સ્તરે સ્ટોક ખાલી થવાનું અથવા બિનજરૂરી વધુ સ્ટોક એકત્રિત થવાનું આર્થિક જોખમ સફળતાપૂર્વક નિવારી શકાય છે.
- રીઅલ–ટાઈમ લોજિસ્ટિક્સ ટ્રેકિંગ: જીપીએસ (GPS) ટ્રેકિંગ ક્ષમતાઓ સાથે સંકળાયેલી આ એપ્લિકેશન, પરિવહન લોજિસ્ટિક્સમાં શરૂઆતથી અંત સુધીની રીઅલ–ટાઈમ વિગતો આપે છે, જેનાથી કંપની સપ્લાય ચેઈનની ગતિ પર નજીકથી નજર રાખી શકે છે અને ડિલિવરીના સમયપત્રકને વધુ બહેતર બનાવી શકે છે.
- એકીકૃત હિતધારક પ્રણાલી: આ ડિજિટલ પ્લેટફોર્મ એપ્લિકેશન્સ સભ્યો અને સહાયકોને ફિલ્ડ સ્ટાફને, તેમજ કોર્પોરેટ પશુ આહાર ઉત્પાદન અને લોજિસ્ટિક્સ ટીમોને સુરક્ષિત રીતે જોડે છે, જે સમગ્ર ફિલ્ડ નેટવર્કમાં અવિરત ડેટા પારદર્શિતા અને સહયોગી કામગીરીને પ્રોત્સાહન આપે છે.

## માનવ સંસાધન અને વહીવટ (HR & Admin)

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ ખાતે, માનવસંસાધન (HR) અને વહીવટી વિભાગ એક વ્યૂહાત્મક ભાગીદાર તરીકે ની ભૂમીકા ભજવે છે, જે કર્મચારીઓના જોડાણને પ્રોત્સાહન આપી, પ્રતિભાને નિખારી, ડિજિટલ પરિવર્તનને વેગ આપી અને કર્મચારીઓના કલ્યાણને પ્રાથમિકતા આપીને સતત વિકાસને વેગ આપે છે.

**કાર્યસ્થળની સંસ્કૃતિ અને કર્મચારીઓનું જોડાણ:**

- સર્વસમાવેશક વાતાવરણ: આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ, આંતરરાષ્ટ્રીય દૂધ દિવસ અને માહી દિવસ સહિતના વિવિધ તહેવારો અને મહત્વના પ્રસંગોની ઉજવણી કરી તમામ સ્થળો પર પરસ્પર આદર અને એકતાની ભાવનાને પ્રોત્સાહન આપ્યું છે.
- આંતર–વિભાગીય તાલમેલ : ખંઢેરી ખાતેની સુવિધામાં વહીવટી (એડમિન) ઓફિસને સ્થાનાંતરિત કરીને વિવિધ વિભાગો વચ્ચેના પરસ્પર સંવાદને વધારવા માટે 'એમ્પ્લોયી ટુગેધર' પહેલ શરૂ કરવામાં આવી.
- મુખ્ય કાર્યક્રમ: દૈનિક કામગીરીથી પર થઈને ટીમવર્ક, નેતૃત્વ અને તંદુરસ્ત સ્પર્ધાની ભાવનાને વિકસાવવા માટે માહી ક્રિકેટ લીગ (MCL) નું આયોજન કરવામાં આવ્યું હતું.

**ક્ષમતા નિર્માણ અને સતત શિક્ષણ**

કંપનીએ કામગીરી ઉત્કૃષ્ટતા અને નેતૃત્વની કાર્યક્ષમતા વધારવા માટે એક સુવ્યવસ્થિત શિક્ષણ અને વિકાસ માળખું અમલમાં મૂક્યું છે.

- નેતૃત્વ અને સંચાલન: કોન્ફ્લિક્ટ મેનેજમેન્ટ (વિવાદ સંચાલન), મેનેજરીયલ સ્કિલ્સ (પ્રબંધકિય કુશળતા), કર્મચારી વિકાસ, અને જવાબદારી અને માલિકીની ભાવના.
- કામગીરી ઉત્કૃષ્ટતા: 5S અને કાઈઝન (Kaizen), સામાન્ય કામગીરી અને ફિલ્ડ મેનેજમેન્ટ.
- ડિજિટલ અને એનાલિટિક્સ: અદ્યતન પાવર બીઆઈ (Power BI) અને માઈક્રોસોફ્ટ એક્સેલ.
- સુરક્ષા અને પાલન: પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઈડ), ફાયર સેફ્ટી અને ફોસ્ટેક (FoSTaC – ફૂડ સેફ્ટી ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન).

**કર્મચારી આરોગ્ય, કલ્યાણ અને સામાજિક સુરક્ષા**

વાર્ષિક તબીબી તપાસ શિબિરો (મેડિકલ કેમ્પ) અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દ્વારા સર્વગ્રાહી સુખાકારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. વધુમાં, માહીએ સામાજિક સુરક્ષા વધારવા માટે તેના હેલ્થકેર બેનિફિટ્સ (આરોગ્ય લાભો) ના માળખાને નોંધપાત્ર રીતે અપગ્રેડ કર્યું છે.

| કર્મચારીની શ્રેણી | અગાઉનું કવરેજ | નવું / વધારેલું કવરેજ | વ્યાપ |
|---|---|---|---|
| ઓન–રોલ કર્મચારીઓ (કાયમી સ્ટાફ) | રૂ. ૩ લાખ | રૂ. ૫ લાખ (ન્યૂનતમ) | પાત્ર કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યો |
| ઓફ–રોલ કર્મચારીઓ (કોન્ટ્રેક્ટ સ્ટાફ) | શૂન્ય | રૂ. ૨ લાખ | કર્મચારીઓ પોતે, જીવનસાથી અને વધુમાં વધુ ૨ બાળકો |

- વ્યૂહાત્મક પ્રભાવ: ઓફ–રોલ કર્મચારીઓ માટે ગ્રુપ મેડિકલેમ (GMC) ઈન્સ્યોરન્સની શરૂઆત એ કંપનીના વિસ્તૃત પરિવારને સમાન આરોગ્ય સુરક્ષા પૂરી પાડવા તરફનું એક મોટું સીમાચિહ્ન છે.

**ડિજિટલ એચઆર (HR) પરિવર્તન અને ગવર્નન્સ**

- HRMS અમલીકરણ: પ્રક્રિયા ઓટોમેશન, ઓપરેશનલ કાર્યક્ષમતા, બહેતર પારદર્શિતા અને સેલ્ફ–સર્વિસ ક્ષમતાઓ પ્રદાન કરતા નવા HRMS મોડ્યુલ સાથે ડિજિટલ રોડમેપને વેગ આપ્યો.
- નીતિ વિષયક સંચાલન (Policy Governance): કામગીરી અંતર્ગત મુસાફરીના વહીવટને સુવ્યવસ્થિત કરવા, બદલાતી વ્યવસાયિક જરૂરિયાતો સાથે સુસંગત થવા અને કોર્પોરેટ નિયમોનું પાલન મજબૂત કરવા માટે એક સુધારેલી ટ્રાવેલ પોલિસી (Travel Policy) લોન્ચ કરવામાં આવી.

**માળખાકિય અને સુવિધામાં અપગ્રેડ્સ**

- કેન્દ્રીયકૃત એડમિન ઓફિસ: AFNU, ખંઢેરી ખાતે એકીકૃત એડમિન બ્લોકમાં કોર્પોરેટ અને રજિસ્ટર્ડ ઓફિસને વ્યૂહાત્મક રીતે સ્થાનાંતરિત કરવામાં આવી છે. આ નવી સુવિધા ૧૩ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી છે અને એડમિન બિલ્ડિંગમાં ૧૦૦ થી વધુ કર્મચારીઓ સમાઈ શકે છે, આ પહેલથી આંતર–વિભાગીય સંકલનમાં નોંધપાત્ર સુધારો થયો છે.
- કર્મચારી લાભો: કર્મચારીઓ માટે સમર્પિત સ્ટાફ બસ પરિવહન અને પરિસરમાં જ સબસિડીવાળી કેન્ટીન સુવિધા પૂરી પાડવામાં આવી છે.

**આઉટલુક: ભવિષ્ય માટે સજ્જ કર્મચારીઓનું નિર્માણ**

કાર્યસ્થળની સંસ્કૃતિ, પ્રતિભા વિકાસ, ટેકનોલોજી અને વ્યાપક કલ્યાણમાં સતત રોકાણ કરીને, માહી એક સ્થિતિસ્થાપક, સશક્ત અને ભવિષ્ય માટે સજ્જ કાર્યબળ (વર્કફોર્સ) સુરક્ષિત કરી રહી છે, જે તમામ સભ્યો અને હિતધારકોને લાંબા ગાળાનું મૂલ્ય પ્રદાન કરવા સક્ષમ છે.

## કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR)

માહી ખાતે, કોર્પોરેટ સામાજિક જવાબદારી એ માત્ર એક ગૌણ પ્રવૃત્તિ નથી; તે અમારી દૈનિક ડેરી કામગીરીમાં વણાયેલી એક સંસ્થાકીય કાર્યસંસ્કૃતિ છે. અમે સ્વીકારીએ છીએ કે અમારી સમૃદ્ધિ આપણા ગ્રામીણ સમુદાયોના કલ્યાણ અને આપણી સ્થાનિક ઈકોસિસ્ટમ (પર્યાવરણ) ના સ્વાસ્થ્ય સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી છે. નૈતિક અને પારદર્શક રીતે કાર્ય કરીને, અમે મહત્વપૂર્ણ સામાજિક–આર્થિક અસમાનતાઓને દૂર કરવા માટે અમારા સંસાધનોનો સક્રિયપણે ઉપયોગ કરીએ છીએ. સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, માહીએ ગ્રામીણ યુવાનોને કૌશલ્યવાન બનાવવા, યુવા કન્યાઓ માટે પાણી અને આરોગ્ય સંબંધિત માળખાકીય સુવિધાઓ સુરક્ષિત કરવા અને આપણા સહિયારા પર્યાવરણનું રક્ષણ કરવા માટે રચાયેલા લક્ષિત હસ્તક્ષેપોના સમૂહ દ્વારા આ પ્રતિબદ્ધતાને વાસ્તવિક કામગીરીમાં રૂપાંતરિત કરી છે.

**મુખ્ય CSR પહેલ અને પ્રોજેક્ટ્સ**

**૧. પ્રોજેક્ટ 'આત્મસન્માન'**

- ઉદ્દેશ્ય: ડેરી ક્ષેત્ર અંતર્ગત ગ્રામીણ યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા અને વ્યાવસાયિક કૌશલ્યોનો વિકાસ કરવો.
- મુખ્ય પ્રવૃત્તિઓ: ઉદ્યોગના નિષ્ણાંતો અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) ના સહયોગથી, ગ્રામીણ યુવાનો ડેરી ઉદ્યોગસાહસિકતા (Dairy Entrepreneurship) માં વિશેષ તાલીમ મેળવે છે.
- મુખ્ય સિદ્ધિઓ: ૨૧ લાભાર્થીઓએ એનડીડીબી (NDDB), આણંદ ખાતે પશુપાલન પર આધારિત વ્યાપક 'ડેરી આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ' સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. સહભાગીઓએ વૈજ્ઞાનિક પશુપાલન, પશુ કલ્યાણ અને ટકાઉ આજીવિકા વૃદ્ધિ અંગે મહત્વનું જ્ઞાન મેળવ્યું.

  ચાલુ વર્ષ દરમિયાન આ પ્રોજેક્ટના માળખા હેઠળ વધારાના ૩૮૯ ગ્રામીણ યુવાનોને સફળતાપૂર્વક કૌશલ્યવાન બનાવવામાં આવ્યા.

**૨. પ્રોજેક્ટ 'સ્વાસ્થ્ય સાથે વિદ્યા'**

- ઉદ્દેશ્ય: ભૂખમરો, ગરીબી અને કુપોષણ નાબૂદ કરવું; નિવારક આરોગ્ય સંભાળ (પ્રિવેન્ટિવ હેલ્થકેર) અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવું; તેમજ ગ્રામીણ શિક્ષણને આગળ ધપાવવું.
- મુખ્ય સિદ્ધિઓ: અંદાજે ૪,૬૦૦ ગ્રામીણ શાળાના બાળકોને સીધો લાભ આપતા ૩૨ બાળ જાગૃતિ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કર્યું. વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રસ જળવાઈ રહે અને ઉત્સાહ વધે તે માટે વિનામૂલ્યે સ્કૂલ કીટ અને બેગનું વિતરણ કરવામાં આવ્યું.

**'સ્વાસ્થ્ય સાથે વિદ્યા' અંતર્ગત વિશેષ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય) સહાયઃ**

- પ્રાથમિક કન્યા શાળા (ધજાળા ગામ, સુરેન્દ્રનગર જિલ્લો): આ સરકારી શાળા ૧૫૦ થી વધુ ગ્રામીણ કન્યા વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. સ્થાનિક જળ સ્ત્રોતોની અછતને કારણે, શાળાને શુદ્ધ પીવાના પાણી અને સ્વચ્છતા સંબંધિત ગંભીર પડકારોનો સામનો કરવો પડતો હતો. માહીએ પાણીની બાબતમાં આત્મનિર્ભરતા સ્થાપિત કરવા માટે ૬૦૦+ ફૂટ ઊંડો અંડરગ્રાઉન્ડ બોરવેલ બનાવી આપીને અને કાર્યક્ષમ સબમર્સિબલ પંપ સ્થાપિત કરવા નાણાંકીય સહાય પૂરી પાડી, જેનાથી વિદ્યાર્થીનીઓ માટે આરોગ્ય અને સ્વચ્છતાના ધોરણોમાં નોંધપાત્ર સુધારો થયો છે.
- અનુદાનિત નિવાસ પ્રાથમિક શાળા ખાતે માળખાકીય સુદ્રઢીકરણ (નિલપર, કચ્છ): ગ્રામ સ્વરાજ સંઘ દ્વારા સંચાલિત આ રહેણાંક સંસ્થા ૧૫૦ થી વધુ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને આશ્રય આપે છે. તેની જર્જરિત ઈમારતોની સમસ્યાને દૂર કરવા માટે, માહીએ શાળાના મકાનો, હોસ્ટેલ ક્વાર્ટર્સ અને શૌચાલય/સ્વચ્છતા સુવિધાઓના સંપૂર્ણ નવીનીકરણ માટે નાણાંકીય સહાય પૂરી પાડી હતી.

**પર્યાવરણીય અને રાષ્ટ્રીય યોગદાન**

**પ્રોજેક્ટ 'પર્યાવરણ'**

પર્યાવરણીય સ્થિરતા અને ટકાઉપણા પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા ધરાવતા, માહીએ ગાંધી જયંતિના અવસરે વ્યાપક 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કર્યું હતું. આ પહેલમાં કંપની સ્તરની સક્રિય ગતિશીલતા જોવા મળી હતી, જેમાં કર્મચારીઓએ કંપનીના તમામ કાર્યકારી ક્ષેત્રોમાં સફાઈ ઝુંબેશનું નેતૃત્વ કર્યું હતું.

**રાષ્ટ્રીય યોગદાન**

રાષ્ટ્રીય કલ્યાણ અને આપત્તિ રાહત પ્રત્યેની અમારી જવાબદારીને અનુરૂપ, કંપનીએ નાણાંકીય વર્ષ દરમિયાન પ્રાઈમ મિનિસ્ટર્સ નેશનલ રિલીફ ફંડ (PMNRF – પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ) માં રૂ. ૩,૦૦,૦૦૦/– (ત્રણ લાખ રૂપિયા) નું યોગદાન આપ્યું હતું.

## યાદગાર પ્રસંગો

**વર્કશોપ અને ઓરિએન્ટેશન પ્રોગ્રામઃ મોબાઈલ વેટરનરી યુનિટ્સ (MVUs) દ્વારા અસરકારક પશુચિકિત્સા સેવાનું પ્રદાન**

NDDB ડેરી સર્વિસીસના સહયોગથી ૨૨–૨૩ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન આ બે–દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ ફીલ્ડ વેટરનરી ડોક્ટરોને સશક્ત બનાવવાનો અને ઘરઆંગણે પશુ સ્વાસ્થ્ય સંભાળ સેવાઓને આગળ ધપાવવાનો હતો. આ કાર્યક્રમમાં ક્ષેત્રીય કામગીરી અને સેવા વિતરણમાં સુધારો લાવવા માટે ભારતભરની વિવિધ મિલ્ક પ્રોડ્યૂસર ઓર્ગેનાઈઝેશન્સ (MPOs) ના વેટરનરી ડોક્ટરો અને IT પ્રોફેશનલ્સે ભાગ લીધો હતો.

**વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાત**

- **નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) નું પ્રતિનિધિમંડળ**
  માહી દ્વારા ૧૬–૧૭ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન NDDB ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એસ. રાજીવ અને વરિષ્ઠ અધિકારીઓનું આતિથ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રતિનિધિમંડળે આપણા મિલ્ક પૂલિંગ પોઈન્ટ્સ (MPP) અને મિલ્ક ચિલિંગ સેન્ટર્સ (MCC) ની મુલાકાત લીધી હતી અને પ્રાદેશિક ડેરી ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે IT સોલ્યુશન્સના વ્યૂહાત્મક સંકલન બદલ માહીના પ્રયાસોની સરાહના કરી હતી.
- **દક્ષિણ કન્નડ કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ (DKMUL)**
  DKMUL ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને મુખ્ય અધિકારીઓના એક પ્રતિનિધિમંડળે ૨૧–૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન માહી ખાતે એક્સપોઝર મુલાકાતમાં ભાગ લીધો હતો. આ ક્રિયાપ્રતિક્રિયાત્મક સત્રોમાં ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ (AMCS) સહિત માહીની અંત–થી–અંત સુધીની ડિજિટલ કામગીરીને આવરી લેવામાં આવી હતી અને ડોરસ્ટેપ વેટરનરી હેલ્થ સર્વિસીસ (DVHS) માળખા વિશે વ્યૂહાત્મક માહિતી પૂરી પાડવામાં આવી હતી.
- **રાજવી મુલાકાતઃ ત્રાવણકોરના રાજકુમારી**
  માહી ખાતે ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ત્રાવણકોરના રાજકુમારી મહામહિમ અશ્વથી થિરૂનાલ ગૌરી લક્ષ્મી બાઈનું, NDDB ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એસ. રાજીવ અને અન્ય વિશિષ્ટ અતિથિઓ સાથે સ્વાગત કરવાનો લહાવો મળ્યો હતો. આ રાજવી મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળે ગીર સોમનાથ જિલ્લાના વાવડી–૨ MPP ની મુલાકાત લઈને ગ્રાઉન્ડ લેવલની દૂધ એકત્રીકરણ પદ્ધતિઓ અને સમુદાયના જોડાણની સમીક્ષા કરી હતી. મહામહિમ અશ્વથી થિરૂનાલ ગૌરી લક્ષ્મી બાઈએ દૂધ ઉત્પાદકોના કલ્યાણ માટે માહી દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓની સરાહના કરી હતી.

# ડિરેક્ટર્સનો અહેવાલ

**પ્રિય સભાસદ ભાઈઓ અને બહેનો,**

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ.**

કંપનીના નિયામક મંડળના સભ્યો ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ માટે કંપનીના નાણાંકીય હિસાબોની સાથે ડેરી ઉધોગ દ્વારા સભ્યોને અધિકતમ વળતર આપવાના ધ્યેય સાથે ૧૪મો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવે છે.

**૧. નાણાંકીય પરિણામો અને અને કંપનીની કામગીરીની સ્થિતિઃ**

૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કંપનીની નાણાંકીય કામગીરીનો સારાંશ નીચે આપેલ છે.

(રૂ. લાખમાં)

| વિગતો | નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ | નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ |
|---|---|---|
| કુલ આવક | ૨૧૨,૭૦૩.૦૬ | ૨૧૨,૭૪૬.૩૨ |
| કુલ ખર્ચ | ૨૦૭,૩૩૮.૮૮ | ૨૦૮,૯૪૨.૮૩ |
| કરવેરા પહેલાનો નફો / (ખોટ) | ૫,૩૬૪.૧૮ | ૩,૮૦૩.૪૯ |
| કરવેરા ખર્ચ | | |
| (૧) ચાલુ કરવેરા | ૧,૩૪૩.૦૦ | ૯૬૬.૦૦ |
| (૨) વિલંબિત કરવેરા – ઉધાર/(જમા) | ૨૧.૧૯ | ૨.૫૫ |
| કુલ કરવેરા ખર્ચ | ૧,૩૬૪.૧૯ | ૯૬૮.૫૫ |
| **કરવેરા બાદ નફો / (ખોટ)** | **૩,૯૯૯.૯૯** | **૨,૮૩૪.૯૪** |

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, કંપનીએ ગત નાણાંકીય વર્ષના રૂ. ૨૧૨,૭૪૬.૩૨ લાખ ની આવક સામે રૂ. ૨૧૨,૭૦૩.૦૬ લાખની કુલ આવક મેળવી છે.

કામગીરીના મોરચે, તમારી કંપનીએ દૈનિક સરેરાશ ૮.૪૮ લાખ કિલોગ્રામ (LKGPD) દૂધ સંપાદન કરીને મજબૂત દૂધ સંપાદનની કામગીરી જાળવી રાખી છે.

**a. પ્રોડયૂસર નેટવર્ક અને સભ્યપદ વૃદ્ધિઃ**

માહી એક મજબૂત, સર્વસમાવેશી અને પારદર્શક ઢબે સંચાલિત પ્રોડયૂસર નેટવર્કને પ્રોત્સાહન આપવા માટેની તેની પ્રતિબદ્ધતામાં અડગ છે. આ ઈકોસિસ્ટમનો વધુ વિસ્તાર કરવા માટે, કંપનીએ નાણાંકીય વર્ષ દરમિયાન ચાર વ્યૂહાત્મક સભ્યપદ ઝુંબેશ ચલાવી હતી, જેના થકી સફળતાપૂર્વક ૧૩,૫૦૪ નવા દૂધ ઉત્પાદકો કંપની સાથે જોડાયા છે. આ વૃદ્ધિ સાથે, નાણાંકીય વર્ષના અંતે, કંપનીના કુલ નોંધાયેલા સભ્યોની સંખ્યા ૧,૨૩,૧૪૮ સુધી પહોંચી છે.

સભ્યોના ડેટાબેઝને અધતન અને સચોટ રાખવા માટે, કંપનીએ ચાલુ વર્ષ દરમિયાન એક વ્યાપક મેમ્બરશિપ રી–કેવાયસી (Membership Re-KYC) ઝુંબેશ પણ સફળતાપૂર્વક શરૂ કરી છે.

**b. વ્યૂહાત્મક પુનર્ગઠન અને ભાગીદારીઃ**

વ્યવસાયિક ધ્યાન કેન્દ્રિત કરવાના એક વ્યૂહાત્મક પગલા તરીકે, તમારી કંપનીએ દૂધ સંપાદન, બલ્ક દૂધ વેચાણ અને ઈનપુટ સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો મોટો વ્યુહાત્મક નિર્ણય લીધો છે; જ્યારે દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ 'મધર ડેરી ફ્રુટ્સ એન્ડ વેજિટેબલ્સ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા સ્વતંત્ર રીતે કરવામાં આવશે. આ ફેરફાર ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવ્યો હતો. આ મહત્વપૂર્ણ ફેરફારથી કંપનીને તેની મુખ્ય ક્ષમતાઓ જેમ કે, દૂધ

સંપાદન નેટવર્કને વધુ મજબૂત બનાવવું અને સભ્યોને શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત ઈનપુટ સેવાઓ પૂરી પાડવી વગેરે પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની તક મળી છે.

આ દૂધ સંપાદન–આધારિત વૃદ્ધિની આ વ્યૂહરચનાને આગળ ધપાવતા, માહીએ લાંબા ગાળા માટે દૂધ પુરવઠાની સપ્લાય વ્યવસ્થા માટે સોમનાથ ખાતે ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ NDDB ડેરી સર્વિસીસ (NDS) સાથે સમજૂતી કરાર (MOU) કર્યા છે.

**c. મહત્વપૂર્ણ સિદ્ધિઃ એનપીડીડી (NPDD) પ્રોજેક્ટનું અમલીકરણઃ**

ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા મંજૂર કરાયેલ નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (NPDD) પ્રોજેક્ટ (નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ થી નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ સુધી) સફળતાપૂર્વક પૂર્ણ થતાં આ વર્ષે એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. આ બહુવર્ષીય પહેલે આપણી દૂધ સંપાદન પ્રણાલી, પ્રયોગશાળાની ક્ષમતાઓ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઈકોસિસ્ટમને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી છે.

NPDD ના અમલીકરણની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છેઃ

- **ગુણવત્તા યુક્ત માળખાની ખાતરીઃ** તમામ બલ્ક મિલ્ક કુલર્સ (BMCs) અને મિલ્ક ચિલિંગ સેન્ટર્સ (MCCs) માં ૧૦૦% કવરેજ મેળવીને ૧૦૫ ઈલેક્ટ્રોનિક મિલ્ક એડલ્ટરેશન ટેસ્ટિંગ મશીનો (EMATs – દૂધમાં ભેળસેળ તપાસવાના મશીનો) તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ટેસ્ટિંગ પ્રક્રિયાને વધુ સદ્રઢ બનાવવા માટે ૨,૦૦૦ ઓટીપી–આધારિત મિલ્ક એનાલાઈઝર્સ અને ૮ આરટી–પીસીઆર (RT-PCR) મશીનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- **એકત્રીકરણ કેન્દ્રનું ડિજિટલાઈઝેશનઃ** વ્યવહારોમાં પારદર્શિતા વધારવા અને ઉત્પાદકોનો વિશ્વાસ સંપાદિત કરવા માટે ૭૦૦ ડેટા પ્રોસેસર મિલ્ક કલેક્શન યુનિટ્સ (DPMCUs) વસાવવામાં આવ્યા છે.
- **ક્ષમતા વિસ્તરણઃ** ૧૯ નવા બીએમસી (BMC) યુનિટ્સ (જેમાં દસ ૫–કેએલ યુનિટ અને નવ ૨–કેએલ યુનિટ સામેલ છે) ઉમેરીને ચિલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવામાં આવ્યો છે.
- **વહીવટી અને આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ** ૪૮ મલ્ટીફંક્શન પ્રિન્ટર્સ સંકલિત કરવામાં આવ્યા છે અને સંસ્થાના મુખ્ય સર્વર નેટવર્કને જૂની રેક સિસ્ટમમાંથી આધુનિક, ઝડપી હાઈપરકન્વર્જ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (HCI) સર્વરમાં અપગ્રેડ કરવામાં આવ્યું છે.

**d. ઉત્પાદકતા વૃદ્ધિ અને પશુ આરોગ્ય સેવાઓઃ**

પશુઓના શ્રેષ્ઠ સ્વાસ્થ્ય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અને બજારની ઉભરતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, કંપનીએ તેના વિશિષ્ટ ન્યુટ્રિશન (પોષણ) પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યો છે. માહી ડે (૧૮ માર્ચ, ૨૦૨૬) ના ગૌરવશાળી અવસરે, પશુ આહાર પૂરકના ત્રણ પ્રીમિયમ ઉત્પાદનો વ્યાપારી ધોરણે લોન્ચ કરવામાં આવ્યા હતાઃ

**૧. માહીકેલ ગોલ્ડ – ૫ લિટર પેક**
**૨. માહી સુપર ફેટ – ૨ કિલો પાઉચ**
**૩. માહી મીન ફોર્ટે – ૫ કિલો કોમર્શિયલ પેક**

આ ઉપરાંત, કંપની સભ્યો અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત પશુદાણ અને મિનરલ મિશ્રણ પૂરું પાડવા, NDS દ્વારા વિવિધ ઉત્પાદક સંગઠનોને વિસ્તાર–વિશિષ્ટ (area-specific) મિનરલ મિશ્રણ સપ્લાય કરવા, સભ્યોને પશુચિકિત્સા સેવાઓ પૂરી પાડવા અને વિવિધ તાલીમ તેમજ પહેલ દ્વારા દૂધ ઉત્પાદકોની ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપવા સહિતની મૂલ્યવર્ધિત સેવાઓ સતત પૂરી પાડે છે.

**e. સપ્લાય ચેઈનનું ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીકલ પ્રગતિઃ**

સપ્લાય ચેઈનમાં થતો વિલંબ ઘટાડવા, સ્થાનિક સ્તરે પશુદાણ સ્ટોકનો ભરાવો અટકાવવા અને ઈન્વેન્ટરી હોલ્ડિંગ ખર્ચને ઘટાડવા માટે, માહીએ પશુ આહાર માટે રીઅલ–ટાઈમ સ્ટોક અને સપ્લાય ચેઈન મોનિટરિંગ માટે ખાસ ઈન–હાઉસ એન્ડ્રોઈડ એપ્લિકેશન વિકસાવી અને અમલમાં મૂકી છે. આ ડિજિટલ પહેલ પરંપરાગત અને મેન્યુઅલ કાગળ–આધારિત સ્ટોક–કીપિંગને સંપૂર્ણપણે બદલીને એક સ્વયં સંચાલિત, ઉચ્ચ–ચોકસાઈ ધરાવતી ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમથી બદલી નાખે છે.

**f. માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને ગુણવત્તા નિયંત્રણઃ**

આપની કંપની અદ્યતન મિલ્ક ટેસ્ટિંગ અને ચિલિંગ સાધનો સ્થાપિત કરીને તેના મુખ્ય વ્યવસાયને અપગ્રેડ કરવામાં સતત રોકાણ કરે છે. કુતિયાણા અને ભાવનગર ખાતે એડવાન્સ, ઈકો-ફ્રેન્ડલી એમોનિયા-આધારિત ઈન્સ્ટન્ટ મિલ્ક ચિલિંગ યુનિટ્સની સ્થાપના આપણી ચિલિંગ ટેકનોલોજીમાં એક મોટો સુધારો છે, જે સ્ત્રોત પર જ કાચા દૂધની ઉત્કૃષ્ટ ગુણવત્તા અને તાજગી સુનિશ્ચિત કરે છે.

**૨. ડિવિડન્ડઃ**

કંપની દ્વારા અર્જિત થયેલ ચોખ્ખા નફાને જોતા, નિયામક મંડળે ૩૧મી માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટે રૂ. ૧૦૦/- નો એક એવા ૪૮,૬૯,૨૯૬ ઈક્વિટી શેર પર રૂ. ૧૦ પ્રતિ શેર મર્યાદિત વળતરની ભલામણ કરી છે. આગામી ૧૫મી વાર્ષિક સાધારણ સભામાં સભ્યોની મંજૂરીને આધીન આ ડિવિડન્ડ એ સભ્યોને ચૂકવવામાં આવશે જેઓના નામ ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ કંપનીના સભ્ય રજિસ્ટરમાં નોંધાયેલ છે. જો મંજૂર કરવામાં આવે તો નાણાંકીય વર્ષ માટેનું ડિવિડન્ડ રૂ. ૪૮૬.૯૨૯ લાખનું થશે.

**૩. અનામત ભંડોળમાં તબદીલી :**

કંપનીઝ અધિનિયમ ૨૦૧૩ની કલમ ૩૭૮ZI ના વંચાણ સાથે કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની સુસંગત જોગવાઈઓ અનુસાર નિયામક મંડળ રૂ. ૧૦૦ લાખની રકમ સામાન્ય અનામત ભંડોળમાં તબદીલ કરવાનું સૂચવે છે.

**૪. વેપાર કે ધંધાના પ્રકારમાં પરિવર્તન :**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન કંપનીના વેપાર કે ધંધાના પ્રકારમાં કોઈ ફેરફાર થયો નથી. એક વ્યૂહાત્મક નિર્ણય તરીકે, દૂધ અને દૂધની બનાવટોના વેચાણની કામગીરી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી 'મધર ડેરી ફ્રુટ્સ એન્ડ વેજિટેબલ્સ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા સંભાળવામાં આવી હતી, જ્યારે આપણી કંપની મુખ્ય સેવાઓ અને દૂધ સંપાદનને મજબૂત બનાવતી સંબંધિત પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

**૫. મહત્વપૂર્ણ ફેરફાર તેમજ પ્રતિબદ્ધતામાં ફેરફારોઃ**

નિયામકોનો એવો અભિપ્રાય છે કે , નાણાંકીય વર્ષના અંતથી આ રિપોર્ટની તારીખ સુધીમાં કંપનીની નાણાંકીય સ્થિતિને અસર કરે તેવા કોઈપણ ભૌતિક ફેરફારો તેમજ પ્રતિબદ્ધતાઓ થઈ નથી.

**૬. રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળમાં સ્થાનાંતરણઃ**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૨૪(૫)ની જોગવાઈઓ અનુસાર, જો કંપનીના અનપેઇડ ડિવિડન્ડ ખાતામાં સ્થાનાંતરિત કરવામાં આવેલ ડિવિડન્ડની રકમ સ્થાનાંતરણની તારીખથી સાત વર્ષના સમયગાળા માટે વણચૂકવાયેલ અથવા દાવો ન કરાયેલ રહે તો આવી વણચૂકવાયેલ અથવા દાવો ન કરાયેલ ડિવિડન્ડની રકમ તેના પરના ઉપાર્જિત વ્યાજની રકમ સાથે કલમ ૧૨૫ની પેટા કલમ (૧) હેઠળ સ્થાપિત ભંડોળ એવા રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળમાં સ્થાનાંતરિત કરવામાં આવશે. સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના વણચૂકવાયેલ/દાવા વગરના ડિવિડન્ડની રકમ રૂ. ૯૬,૪૭૧/- રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળમાં સ્થાનાંતરિત કરેલ છે. વણચૂકવાયેલ/દાવા વગરના ડિવિડન્ડની રકમ જે કંપનીના અનપેઇડ ડિવિડન્ડ ખાતામાં છે અને જે IEPF સ્થાનાંતરિત થવા પાત્ર છે તેની વિગત કંપનીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે https://www.maahimilk.com/Members/Unclaimed-Dividend અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સની વેબસાઈટ પર પણ અપલોડ કરવામાં આવી છે.

**૭. શેર મૂડીઃ**

નાણાંકીય વર્ષના અંતે કંપનીની ભરપાઈ શેર મૂડી રૂ. ૪,૮૬૯.૨૯૬ લાખ રહી હતી જ્યારે ૩૧મી માર્ચ, ૨૦૨૬ ના રોજ કંપનીના સભ્યોના રજીસ્ટર પર ૧,૨૩,૧૪૮ સભ્યો નોંધાયેલા હતા.

નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ, નવા સભ્યોના પ્રવેશને કારણે, આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના

ઉલ્લંઘનને કારણે સભ્યપદ રદ થવાથી અને સભ્યો દ્વારા શેરની પરત સોપણી કરવાને લીધે, સભ્યોના રજીસ્ટરમાં ૧,૨૮,૮૦૯ સભ્યો નોંધાયેલા હતા અને આ અહેવાલની તારીખે કંપનીની શેર મૂડી રૂ. ૪,૮૭૪.૮૭૮ લાખ છે.

**વાર્ષિક સામાન્ય સભામાં મતાધિકાર અને હાજરી:**

કંપનીની આગામી વાર્ષિક સામાન્ય સભામાં મત આપવાના અધિકારના અમલના સંદર્ભમાં, ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધીના સદર ૧,૨૩,૧૪૮ સભ્યોમાંથી ફક્ત ૬૦,૭૨૩ સભ્યો મત આપવાનો અધિકાર ધરાવે છે અને ૬૨,૪૨૫ સભ્યો કે જેઓએ અગાઉના નાણાંકીય વર્ષ (૨૦૨૫-૨૬) માં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ માટે કુલ ૫૦૦ લિટર દૂધ પૂરૂ પાડયું ન હતું, તેઓએ તેમનો મતદાનનો અધિકાર ગુમાવ્યો છે અને તેઓ ૧૫મી વાર્ષિક સાધારણ સભામાં મત આપવાને પાત્ર નથી.

વધુમાં, જેઓ મત આપવા માટે હકદાર હતા તેવા ૬૦,૭૨૩ સભ્યોમાંથી, ૨૫૧ સભ્યોએ તેમના શેર્સની પરત સોપણી કરેલ છે જ્યારે ૨૫ સભ્યોનું સભ્યપદ નાણાંકીય વર્ષના અંત બાદ અને આ અહેવાલની તારીખ સુધીમાં રદ કરવામાં આવેલ છે, તેથી અસરકારક રીતે ફક્ત ૬૦,૪૦૭ સભ્યો કંપનીની આગામી વાર્ષિક સાધારણ સભામાં મત આપવા માટે હકદાર રહેશે.

જે દૂધ ઉત્પાદકો ૩૧મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સભ્યો હતા, પરંતુ જેમનું સભ્યપદ ૩૧મી માર્ચ, ૨૦૨૬ બાદ રદ્ કરવામાં આવેલ છે તેઓ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે જો સભ્યો દ્વારા ૧૫મી વાર્ષિક સાધારણ સભામાં ડિવિડન્ડ જાહેર કરવામાં આવે તો, ડિવિડન્ડ મેળવવા માટે હકદાર રહેશે પરંતુ સભ્યપદ રદ થયા બાદ કોઈપણ શેર/સભ્યપદ સંબંધિત અધિકાર, હકદારી કે લાભ (વાર્ષિક સાધારણ સભામાં હાજરી અને મતદાન સહિત) મેળવવા માટે અધિકારી રહેશે નહિ કારણકે તેઓ કંપનીના સભ્ય રહ્યા નથી. તેવી જ રીતે નવા સભ્યો કે જેઓને ૩૧મી માર્ચ, ૨૦૨૬ પછી કંપનીના સભ્ય તરીકે દાખલ કરવામાં આવ્યા છે તેઓ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિવિડન્ડ તેમજ આગામી વાર્ષિક સાધારણ સભા ખાતે મતાધિકાર માટે હકદાર રહેશે નહીં.

**૮. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ:**

**એ) ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મળેલી ૧૪મી વાર્ષિક સામાન્ય સભામાં નિમણૂંક / ફેરનિમણૂંક / નિવૃત્તિ**

શ્રીમતી નીલમબેન મકાભાઈ ગોલીતર (ડીનઃ ૦૯૬૭૬૧૦૪) જે 'વર્ગ-ક' નું પ્રતિનિધિત્વ કરે છે અને જે તેમની છેલ્લી નિમણૂંકની તારીખથી સૌથી લાંબા સમય સુધી નિયામક તરીકે કાર્યરત હોવાથી વારા મુજબ નિવૃત થવાને પાત્ર હતા અને ફેર નિમણૂંક માટે પાત્ર હોવાથી ૧૪મી વાર્ષિક સાધારણ સભામાં ફેર નિમણૂંક કરવામાં આવી હતી.

વધુમાં, શ્રી નાગાભાઈ લાખાભાઈ ઓડેદરા (ડીનઃ ૦૮૧૯૦૫૩૬), જે 'નો-કલાસ' હેઠળ વર્ગીકૃત થયેલ હતા, અને શ્રી રામભાઈ બાવકુભાઈ બુઢાસ (ડીનઃ ૦૯૬૮૦૪૧૦), જે 'વર્ગ-અ' નું પ્રતિનિધિત્વ કરતા હતા અને આ બંને નિયામકો તેમની છેલ્લી નિમણૂંકની તારીખથી સૌથી લાંબા સમય સુધી નિયામક તરીકે કાર્યરત હોવાથી વારા મુજબ નિવૃત થવાને પાત્ર હતા અને કંપનીના આર્ટિકલ ઓફ એસોસિએશનની જોગવાઈઓ મુજબ ફેર નિમણૂંક માટે લાયક નથી, તેઓ ૧૪મી વાર્ષિક સાધારણ સભામાં નિવૃત્ત થયા હતા. તેમના સ્થાને, સભ્યોએ અનુક્રમે શ્રી રામદેભાઈ મોઢવાડિયા (ડીનઃ ૦૫૧૯૮૫૪૩), જે 'વર્ગ-બ' નું પ્રતિનિધિત્વ કરે છે અને શ્રીમતી હંસાબેન રવેસિંગભાઈ પરમાર (ડીનઃ ૧૧૨૧૪૬૯૩), જે 'વર્ગ-બ' નું પ્રતિનિધિત્વ કરે છે તેમની નિયામક તરીકે નિમણૂંક કરી હતી.

**બી) નિયામકની ફેર નિમણૂંક/રાજીનામું જે બોર્ડ મિટિંગમાં મંજૂર થયેલ/નોંધાયેલ છે:**

શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ રંગપરા (ડીનઃ ૧૦૨૪૫૭૯૪), પ્રોડ્યુસર નિયામક, જેઓ 'વર્ગ-અ' નું પ્રતિનિધિત્વ કરતાં હતા, તેઓ પોતાના અંગત કારણોસર બોર્ડ મિટિંગ માટે સમય આપી શકે તેમ ન હોવાથી તેમણે ૧૨ મે, ૨૦૨૬ના રોજ થી અમલી બને તેમ નિયામકના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

વધુમાં, કંપનીના કુશળ નિયામક ડૉ. રઘુ હસન માલેગૌડા (ડીન: ૦૮૯૩૬૧૯૩) અને ડૉ. જિગ્નેશકુમાર ગિરીશભાઈ શાહ (ડીન: ૧૦૬૩૫૬૩૧)નો કાર્યકાળ તા: ૨૮મી મે, ૨૦૨૬ના રોજ સુધી હતો, બોર્ડ દ્વારા તેઓની તા: ૧૫મી મે, ૨૦૨૬ના રોજ યોજાયેલ ૯૩મી મિટિંગમાં બે વર્ષના સમયગાળા માટે એટલે કે ૨૯ મે, ૨૦૨૬ થી ૨૮ મે, ૨૦૨૮ સુધી ફેર નિમણૂંક કરવામાં આવી હતી.

૯. **બોર્ડની બેઠકો અને સમિતિની બેઠકો:**
સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, નિયામક મંડળની ૬ બેઠકો યોજાઈ હતી. વર્ષ દરમિયાન યોજાયેલ નિયામક મંડળની બેઠકોની વિગતો નીચે મુજબ છે:

| બોર્ડ બેઠક નં | બોર્ડ બેઠકની તારીખ | કુલ નિયામકોની સંખ્યા | હાજર રહેલ નિયામકોની સંખ્યા |
|---|---|---|---|
| ૮૭ મી બોર્ડ બેઠક | ૨૦ મે, ૨૦૨૫ | ૧૫ | ૧૪ |
| ૮૮ મી બોર્ડ બેઠક | ૩૦ જુલાઈ, ૨૦૨૫ | ૧૫ | ૧૫ |
| ૮૯ મી બોર્ડ બેઠક | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ | ૧૫ | ૧૩ |
| ૯૦ મી બોર્ડ બેઠક | ૧૦ નવેમ્બર, ૨૦૨૫ | ૧૫ | ૧૩ |
| ૯૧ મી બોર્ડ બેઠક | ૯ જાન્યુઆરી, ૨૦૨૬ | ૧૫ | ૧૫ |
| ૯૨ મી બોર્ડ બેઠક | ૧૭ માર્ચ, ૨૦૨૬ | ૧૫ | ૧૨ |

**સભ્ય સંબંધિત સમિતિની બેઠકો:**
શેર્સના ટ્રાન્સમિશન માટેની અરજીઓની મંજૂરી માટે અને સભ્યોના નામમાં સુધારા કરવા માટે કંપનીએ સભ્ય સંબંધિત સમિતિની રચના કરેલ છે. સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન સમિતિની નીચે મુજબ ૭ બેઠક યોજાઈહતી.

| સમિતિ બેઠક નં. | સમિતિ બેઠકની તારીખ |
|---|---|
| ૪૩મી સમિતિ બેઠક | ૧૪ મે, ૨૦૨૫ |
| ૪૪મી સમિતિ બેઠક | ૨૩ જુલાઈ, ૨૦૨૫ |
| ૪૫મી સમિતિ બેઠક | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ |
| ૪૬મી સમિતિ બેઠક | ૬ નવેમ્બર, ૨૦૨૫ |
| ૪૭મી સમિતિ બેઠક | ૨ ડીસેમ્બર, ૨૦૨૫ |
| ૪૮મી સમિતિ બેઠક | ૧જાન્યુઆરી, ૨૦૨૬ |
| ૪૯મી સમિતિ બેઠક | ૧૦ માર્ચ, ૨૦૨૬ |

**સમિતિમાં નીચે દર્શાવેલ સભ્યો છે.**

| ક્રમ | નિયામકનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી આલોક કુમાર ગુપ્તા | અધ્યક્ષ (ચીફ એક્ઝિક્યુટિવ) |
| ૨. | શ્રી સંજય તલાટી | સભ્ય (કંપની સેક્રેટરી) |
| ૩. | શ્રી જ્ઞાનેન્દ્ર વર્મા | સભ્ય (હેડ–મિલ્ક પ્રોક્યોરમેંટ) |
| ૩. | શ્રી અશ્વિન વાઢેલ | સભ્ય (ડેપ્યૂટી મેનેજર–PIB) |

**સ્ટેક હોલ્ડર્સ રિલેશનશીપ સમિતિ:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૭૮(૫)ની જોગવાઈ મુજબ, કંપનીના શેરહોલ્ડરોની ફરિયાદના નિરાકરણ માટે બોર્ડ દ્વારા તાઃ ૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલ ૯૧મી બોર્ડ મિટિંગમાં સ્ટેકહોલ્ડર્સ રિલેશનશિપ સમિતિની પુનઃરચના કરવામાં આવી હતી. સમિતિમાં નીચે દર્શાવેલ સભ્યો છે.

| ક્રમ | નિયામકનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી વિજયભાઈ ઓડેદરા | અધ્યક્ષ |
| ૨. | શ્રીમતી હિતાર્થીબેન ડોડીયા | સભ્ય |
| ૩. | શ્રી આલોક કુમાર ગુપ્તા | સભ્ય |

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, ૧૬મી માર્ચ, ૨૦૨૬ના રોજ સ્ટેક હોલ્ડર્સ રિલેશનશીપ સમિતિની બેઠક યોજાઈ હતી.

**નામાંકન સમિતિ:**

નિયામકના હોદ્દા માટે યોગ્ય ઉમેદવારોની ભલામણ કરવા માટે રચાયેલી નામાંકન સમિતિની બેઠક ૧૧મી જુલાઈ, ૨૦૨૫ના રોજ યોજાઈ હતી.

**સમિતિમાં નીચે દર્શાવેલ સભ્યો છે.**

| ક્રમ | નિયામકનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | ડો. રઘુ હસન માલેગૌડા | અધ્યક્ષ (કુશળ નિયામક) |
| ૨. | શ્રીમતી હિતાર્થીબેન ડોડીયા | સભ્ય (પ્રોડયૂસર નિયામક – વર્ગ– બ) |
| ૩. | શ્રી ભરતકુમાર વાળા | સભ્ય (પ્રોડયુસર નિયામક – વર્ગ– ક) |
| ૩. | મિસ ગાયત્રી રાવ | સભ્ય (એકસપર્ટ ફ્રોમ ઈન્ડિયા ઈમેગો ગ્લોબલ ગ્રાસ રૂટ્સ) |

**સી એસ આર (CSR) કમિટિ:**

CSR સમિતિની બેઠક ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાઈ હતી. સમિતિએ CSRની નીતિ અપનાવી અને નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે નિયામક મંડળને CSR પ્રોજેકટ્સની ભલામણ કરી. સમિતિમાં નીચે દર્શાવેલ સભ્યો છે.

| ક્રમ | નિયામકનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી વિજયભાઈ ઓડેદરા | અધ્યક્ષ (પ્રોડયૂસર નિયામક) |
| ૨. | ડો. જીગ્નેશ શાહ | સભ્ય (કુશળ નિયામક) |
| ૩. | શ્રી આલોક કુમાર ગુપ્તા | સભ્ય (મુખ્ય કાર્યપાલક) |

**૧૦. બોર્ડની સંરચના:**

કંપનીના આર્ટિકલ ઓફ અસોસિએશનના આર્ટિકલ ૯.૪ થી ૯.૬ સુધીની જોગવાઈ બોર્ડની રચના સાથે સંબંધિત છે. આર્ટિકલ ૯.૪માં દર્શાવેલ જોગવાઈ જુદા જુદા વર્ગોમાં સભ્યોના વર્ગીકરણ માટેના માપદંડ દર્શાવે છે, આર્ટિકલ ૯.૫ મુજબ શક્ય હોય ત્યાં સુધી, બોર્ડમાં પ્રતિનિધિત્વ, સંબંધિત વર્ગના પેટ્રોનેજને આધારિત રહેશે અને આર્ટિકલ ૯.૬માં દર્શાવેલ જોગવાઈ મુજબ કુલ ચૂંટાયેલ નિયામકોના એક ચતુર્થાંશ નિયામકો વારા પ્રમાણે દરેક વાર્ષિક સાધારણ સભામાં નિવૃત્ત થશે અને તે નિયામકો કે જેનો કાર્યકાળ તેમની છેલ્લી નિમણૂંકથી સૌથી વધુ લાંબો હશે તે નિયામકો નિવૃત્ત થશે. આર્ટિકલ ૯.૬ i અનુસાર, જે વ્યક્તિઓ એકજ દિવસે નિયામક બન્યા હોય, તેમાંથી નિવૃત થનાર નિયામક અંગેનો નિર્ણય પરસ્પર સમજૂતીના આધારે નક્કી કરવામાં આવશે.

ઉપરની જોગવાઈને ધ્યાનમાં રાખીને બોર્ડની રચનાને નીચે પ્રમાણે સમજાવવામાં આવી છે.

૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ કંપનીના સભ્યોના રજીસ્ટર પર ૧,૨૩,૧૪૮ સભ્યો હતા. વર્ષ ૨૦૨૫–૨૬માં દૂધ ભરાવવાના પ્રમાણના આધારે ૬૩,૮૩૦ એટલેકે ૫૧.૮૩% સભ્યો કે જેમણે તેઓના સબંધિત વર્ગની (પેટ્રોનેજ)ના બધા જ નિર્ધારિત માપદંડ પૂર્ણ કરેલ છે જેમાં એ સભ્યોનો પણ સમાવેશ થાય છે જેમને વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન પ્રવેશ આપવામાં આવ્યો હતો અને જેઓ તેમના દ્વારા પસંદ કરાયેલ વર્ગના અને તે પસંદ કરેલ વર્ગ માટેના શેર્સ સંપાદિત કરેલ છે. તેમાથી ૭.૦૧% વર્ગ – અ, ૨૦.૯૮% વર્ગ – બ અને ૭૨.૦૧% વર્ગ – ક ના છે. જયારે વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન સદર વર્ગ – અ, વર્ગ– બ અને વર્ગ– ક ના સભ્યોમાં તેમના દ્વારા પુરા પડાયેલ દૂધના જથ્થાના પ્રમાણસર ટકા ક્રમશઃ ૩૧.૬૯%, ૩૨.૫૨% અને ૩૨.૭૯% હતા.

કંપનીના જુદા જુદા વર્ગના સભ્યો દ્વારા ભરાવવામાં આવતા દૂધના જથ્થાના આધારે, નિયામક મંડળમાં ઈચ્છનીય નિયામકોની સંખ્યા, વર્ગ–અ ના ૩ નિયામકો, વર્ગ–બ ના ૪ નિયામકો અને વર્ગ–ક ના ૪ નિયામકો જરૂરી છે.

આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૬ i ની જોગવાઈ મુજબ કુલ ચૂંટાયેલા નિયામકમાંથી, એક ચતુર્થાંશ એટલે કે ત્રણ નિયામકો આગામી વાર્ષિક સાધારણ સભામાં નિવૃત્ત થશે.

આર્ટિકલ્સની જોગવાઈઓ અને નિયામક મંડળમાં સંબંધિત વર્ગના નિયામકોના વર્તમાન પ્રતિનિધિત્વને ધ્યાનમાં રાખીને, નામાંકન સમિતિની ભલામણના આધારે નિયામકોની નીચે મુજબ નિવૃત્તિ, નિમણૂંક અને ફેર નિમણૂંકની ભલામણ કરવામાં આવે છે.

કંપનીના બોર્ડમાં ચૂંટાયેલા ૧૦ નિયામકોમાંથી, શ્રી ગોગનભાઈ અરશીભાઈ કંડોરિયા (વર્ગ–ક) (ડીનઃ ૦૮૫૧૭૭૪૩), શ્રી શરદકુમાર મોહનલાલ મોટા (વર્ગ– અ) (ડીનઃ ૦૯૬૮૦૩૬૮) અને શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા (વર્ગ – ક) (ડીનઃ ૧૦૨૪૫૭૪૩) તેમની છેલ્લી નિમણૂંક/ ફેર નિમણૂંકની તારીખથી સૌથી લાંબા સમય સુધી કાર્યરત છે અને આગામી વાર્ષિક સાધારણ સભામાં નિવૃત્ત થશે.

કંપનીના આર્ટિકલ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૫ અને ૯.૬ ની જોગવાઈઓ અનુસાર, શ્રી ગોગનભાઈ અરશીભાઈ કંડોરિયા (વર્ગ–ક) (ડીનઃ ૦૮૫૧૭૭૪૩), આગામી વાર્ષિક સામાન્ય સભામાં ફેર નિમણૂંક માટે પાત્ર નથી અને તેમની જગ્યા પર, નોમિનેટિંગ કમિટીની ભલામણના આધારે, બોર્ડે શ્રીમતી નીરૂબેન મસરીભાઈ ડાંગર (વર્ગ–ક) ની નિમણૂંક માટે ભલામણ કરી છે.

વધુમાં, શ્રી શરદકુમાર મોહનલાલ મોતા (વર્ગ–અ) (ડીનઃ ૦૯૬૮૦૩૬૮) અને શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા (વર્ગ – ક) (ડીનઃ ૧૦૨૪૫૭૪૩) જેઓ તેમનો પ્રથમ કાર્યકાળ પૂર્ણ કરશે તેઓ ૧૫મી વાર્ષિક સામાન્ય સભામાં વારા મુજબ નિવૃત્ત થશે અને લાયકાત

ધરાવતા હોવાથી ફેર નિમણૂંક માટે પોતાને રજૂ કરે છે. નોમિનેટિંગ કમિટીની ભલામણના આધારે બોર્ડ શ્રી શરદકુમાર મોહનલાલ મોતાના સ્થાને શ્રી વલ્લભભાઈ ગોગનભાઈ ડેર (વર્ગ–અ)ની નિમણૂંકની ભલામણ કરે છે અને શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા (વર્ગ – ક) (ડીનઃ ૧૦૨૪૫૭૪૩) ની ફેર નિમણૂંકની ભલામણ કરે છે.

વધુમાં પ્રોડ્યૂસર નિયામક શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ રંગપરા (ડીનઃ ૧૦૨૪૫૭૯૪) ના રાજીનામા બાદ, બોર્ડમાં એક ખાલી જગ્યા છે, નોમિનેટિંગ કમિટીની ભલામણ પર, બોર્ડ શ્રી ભોજાભાઈ ધનાભાઈ વસરા (વર્ગ– બ) ની નિમણૂંકની ભલામણ કરે છે.

**૧૧. ડિરેક્ટર્સનું જવાબદારી નિવેદનઃ**

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૪ (૫) ના સંદર્ભમાં, બોર્ડ ઓફ ડિરેક્ટર, તેના શ્રેષ્ઠ જ્ઞાન અને ક્ષમતા અનુસાર, પુષ્ટિ કરે છે કેઃ

a) તેમના દ્વારા ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ માટે વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં લાગુ પડતાં હિસાબી ધારાધોરણોનું પાલન કરવામાં આવેલ છે અને તેમાં કોઈ પણ વિચલન નથી;

b) તેઓએ એવી હિસાબી નીતિઓ પસંદ કરેલ છે અને તેને એકધારી રીતે લાગુ કરેલ છે તથા એવા નિર્ણયો અને અનુમાનો કરેલ છે જે વ્યાજબી અને સમજદારીભર્યા છે જેથી ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ માટે તેમજ તે સમયગાળા માટેના કંપનીના નફા અને નુકસાનનો સાચો અને નિષ્પક્ષ ખ્યાલ આપે;

c) તેઓએ કંપનીની સંપત્તિઓની સુરક્ષા માટે અને છેતરપિંડી તેમજ અન્ય અનિયમિતતાઓ શોધીને દૂર કરવા આ અધિનિયમની જોગવાઈઓના અનુપાલનમાં પર્યાપ્ત એકાઉન્ટીંગ રેકોર્ડસની જાળવણી માટે યોગ્ય અને પર્યાપ્ત સંભાળ રાખેલ છે;

d) તેઓએ અવિરતપણના આધારે ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ માટેના વાર્ષિક હિસાબો તૈયાર કર્યાં છે; અને

e) તેઓએ તમામ લાગુ પડતા કાયદાઓની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા યોગ્ય પ્રણાલીઓ તૈયાર કરેલ છે અને આવી પ્રણાલીઓ પર્યાપ્ત છે અને અસરકારક રીતે કામ કરે છે.

**૧૨. સ્ટેચ્યુટરી ઓડિટરઃ**

કંપની અધિનિયમ, ૨૦૧૩ના પ્રકરણ XXI-A ની જોગવાઈઓ તેમજ કંપની અધિનિયમ, ૨૦૧૩ અંતર્ગત લાગુ પડતી જોગવાઈઓ અને તેના હેઠળના નિયમોને સાથે વંચાણે લેતા, નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે ૧૪મી વાર્ષિક સાધારણ સભામાં મેસર્સ પ્રાઇઝ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપીની નિમણૂંકની વૈધાનિક ઓડિટર તરીકે કરવામાં આવી હતી જેમનો કાર્યકાળ ૧૫મી વાર્ષિક સાધારણ સભાના સમાપન સુધીનો છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટેના ઓડિટરના અહેવાલમાં કોઈ હિસાબો સબંધિત ખામી અથવા પ્રતિકૂળ ટિપ્પણી સામેલ નથી. ઓડિટર્સે કંપનીના વૈધાનિક ઓડિટર તરીકે ચાલુ રહેવા માટેની તેમની યોગ્યતા અંગેની પુષ્ટિ જણાવી છે.

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, સ્ટેચ્યુટરી ઓડિટર્સે કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૪૩(૧૨) હેઠળ બોર્ડને કંપનીમાં તેના અધિકારીઓ અથવા કર્મચારીઓ દ્વારા છેતરપિંડીની કોઈપણ ઘટનાઓનો રિપોર્ટ કરેલ નથી કે જે વિગતોનો ઉલ્લેખ આ રિપોર્ટમાં કરવો જરૂરી છે.

નિયામક મંડળ દ્વારા પ્રાઇસ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપીની નાણાંકીય વર્ષ ૨૦૨૬–૨૭ માટે વૈધાનિક ઓડિટર તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરવામાં આવી છે, જો સભ્યો ૧૫મી વાર્ષિક સાધારણ સભામાં તેમની નિમણૂંક કરશે તો તેઓ કંપનીની ૧૫મી વાર્ષિક સાધારણ સભાના સમાપન થી ૧૬મી વાર્ષિક સાધારણ સભાની સમાપ્તિ સુધી હોદ્દો સંભાળશે.

**૧૩. આંતરિક ઓડિટર્સઃ**

નિયામક મંડળ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે, કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩૭૮ZFમાં દર્શાવેલ જોગવાઈ તેમજ તે અંતર્ગત ઘડાયેલા નીતિ

નિયમો મુજબ નિયામક મંડળ દ્વારા RSM એસ્ટયુટ કન્સલ્ટીંગ પ્રાઈવેટ લિમિટેડ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, મુંબઈની કંપનીના આંતરિક ઓડિટર્સ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આંતરિક ઓડિટર્સે આખા વર્ષ દરમિયાન તમામ કાર્યકારી ક્ષેત્રોમાં વિસ્તૃત ઓડિટ કરી તેનો અહેવાલ બોર્ડને સુપરત કરેલ હતો.

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન કામગીરીમાં કોઈ નોંધપાત્ર વિસંગતતા જોવા મળી નથી.

**૧૪. કોર્પોરેટ સામાજિક જવાબદારી:**

કંપનીની સીએસઆર પહેલ અને પ્રવૃત્તિઓ, કંપની (સીએસઆર) નિયમો, ૨૦૧૪ સાથે વાંચવામાં આવતા કાયદાની કલમ ૧૩૫ ની જરૂરિયાતો સાથે સુસંગત છે.સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન કંપની દ્વારા સીએસઆર નીતિ અને સીએસઆર પ્રવૃત્તિઓ પર હાથ ધરવામાં આવેલી પહેલોની સંક્ષિપ્ત રૂપરેખા કંપનીની સીએસઆર નીતિ, કંપનીની વેબસાઈટ https://www.maahimilk.com/Members/CSR-Policy પર ઉપલબ્ધ છે.

કંપનીઝ (સીએસઆર) નિયમો, ૨૦૧૪ અને કંપનીઝ (એકાઉન્ટ્સ) નિયમો, ૨૦૧૪ને સાથે વંચાણે લેતા તેમજ સમયાંતરે થતાં ફેરફારને ધ્યાનમાં લેતા તે અંતર્ગતની વિગત અહીં પરિશિષ્ટ – A તરીકે દર્શાવેલ છે.

**૧૫. કોસ્ટ ઓડિટ:**

કંપનીઝ (કોસ્ટ રેકોર્ડસ એન્ડ ઓડિટ) અમેન્ડેડ રુલ્સ, ૨૦૧૪ની જોગવાઈ મુજબ કંપનીને કોસ્ટ ઓડિટ લાગુ પડતું નથી.

**૧૬. કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણીના વિરોધ સંબંધી નીતિ:**

કંપનીમાં કામ કરતી દરેક મહિલાઓની ગરિમા જાળવવા માટે કંપની સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે તેમજ કોઈપણ જાતીય દુર્વ્યવહાર સામે સહનશીલતા ન દાખવવાની નીતિ ધરાવે છે. જાતીય સતામણી વિરોધી નીતિ કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી સામે રક્ષણ અને આવી ફરિયાદોના નિરાકરણ પ્રદાન કરે છે. કંપનીની નીતિ કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, નિષેધ અને ફરિયાદ) અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળ ઘડવામાં આવેલ નિયમોની જરૂરિયાતો અનુસાર બનાવેલી છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન મળેલી ફરિયાદોનું નિવેદન, નિકાલ કરાયેલ અને બાકી રહેલી ફરિયાદો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ફરિયાદનું નિવેદન | |
|---|---|
| વર્ષમાં મળેલી જાતીય સતામણીની ફરિયાદોની સંખ્યા | શૂન્ય |
| વર્ષ દરમિયાન નિકાલ કરાયેલી ફરિયાદોની સંખ્યા | શૂન્ય |
| નેવું દિવસથી વધુ સમયથી પડતર કેસોની સંખ્યા | શૂન્ય |

**૧૭. માતૃત્વ લાભ અધિનિયમ ૧૯૬૧ સંબંધિત જોગવાઈઓનું પાલન**

કંપનીએ માતૃત્વ લાભ અધિનિયમ, ૧૦૬૧ ની સંબંધિત જોગવાઈઓનું પાલન કર્યું છે.

**૧૮. થાપણો:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૭૩ અને કંપનીઝ (એકસેપ્ટન્સ ઓફ ડિપોઝિટ) નિયમો, ૨૦૧૪ ની જોગવાઈને સાથે વંચાણે લેતા તથા સમયાંતરે તેમાં થતા ફેરફાર અંતર્ગત કંપનીએ કોઈ થાપણો સ્વીકારેલ નથી કે રીન્યુ કરેલ નથી.

**૧૯. કંપની દ્વારા આપવામાં આવેલ લોન, ગેરંટીઓ અને કરવામાં આવેલ રોકાણોની વિગતો:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૮૬ની જોગવાઈ અંતર્ગત કંપનીએ કોઈ લોન આપેલ નથી, તેમજ કોઈ ગેરંટી અથવા જામીનગીરી પણ આપેલ નથી.

**૨૦. સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ્સ:**

કંપની ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ્સની લાગુ પડતી જોગવાઈઓનું પાલન કરે છે.

**૨૧. કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૮૮ અંતર્ગત સંબંધિત પક્ષો સાથે કરારો, વ્યવસ્થાઓની વિગતોઃ**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન સંબંધિત પક્ષો સાથે કંપની દ્વારા કરવામાં આવેલા તમામ કરાર / વ્યવસ્થા / વ્યવહાર એ સામાન્ય ધંધાકીય કામગીરી અંતર્ગત જ કરવામાં આવેલ છે અને બંને પક્ષો સ્વતંત્રતાના ધોરણ (આર્મ્સ લેંથ બેઝિસ) પર અને કાયદાની જોગવાઈઓના સંદર્ભના આધારે કરવામાં આવેલ છે. કંપની દ્વારા પ્રમોટરો, નિયામકો, મુખ્ય વ્યવસ્થાપક કર્મચારીઓ અથવા અન્ય નિયુક્ત વ્યક્તિઓ સાથે ભૌતિકપણે કોઈ નોંધપાત્ર સબંધિત પક્ષ વ્યવહારો કરેલ નથી કે જે સંભવિત રીતે કંપનીના હિત સાથે સંઘર્ષ ધરાવતા હોય. વધુમાં, વર્ષ દરમ્યાન, કંપની દ્વારા સંબંધિત પક્ષો સાથે પ્રમાણમાં મોટા પ્રમાણમાં ગણાય તેવા કોઈપણ કરાર / વ્યવસ્થા / વ્યવહાર કરવામાં આવેલ નથી કે જે કંપની અધિનિયમની કલમ ૧૩૪(૩)(એચ), કલમ ૧૮૮ તેમજ કંપનીઝ (એકાઉન્ટ) રુલ, ૨૦૧૪ના રુલ ૮(૨)માં દર્શાવેલ જોગવાઈ ને સાથે વંચાણે લેતા ફોર્મ નં AOC–૨માં જણાવવી જરૂરી હોય. પરિશિષ્ટ – B.

**૨૨. આંતરિક નાણાંકીય નિયંત્રણઃ**

કંપની માને છે કે બહેતર સંચાલન માટે આંતરિક નિયંત્રણ એ પૂર્વ જરૂરીયાત છે અને ધંધાકીય યોજનાઓનો ઉપયોગ ચકાસણી અને સંતુલિત માળખામાં થવો જોઈએ. કંપની પાસે સંસાધનોના અસરકારક ઉપયોગ, કામગીરીમાં કાર્યક્ષમતા, નાણાંકીય અહેવાલ અને વિવિધ નિયમો અને નિયમનોનું પાલન કરવા અને સંસ્થાના વિકાસની ગતિ અને કામગીરીના વધતા ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને યોગ્ય આંતરિક નાણાંકીય નિયંત્રણ પ્રણાલીઓ અને પ્રક્રિયાઓ છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૭૮ZF મુજબ, કંપનીએ RSM એસ્ટયુટ કન્સલ્ટીંગ પ્રાઈવેટ લિમિટેડ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, મુંબઈની આંતરિક ઓડિટર્સ તરીકે વર્ષ ૨૦૨૬–૨૭ માટે પુનઃનિમણૂંક કરવામાં આવી છે. આંતરિક ઓડિટર્સ સ્વતંત્રપણે આખા વર્ષ દરમિયાન તમામ કાર્યકારી ક્ષેત્રમાં વિસ્તૃત ઓડિટ કરશે અને તેનો અહેવાલ બોર્ડને સુપરત કરશે.

**૨૩ . જોખમ સંચાલન (રિસ્ક મેનેજમેન્ટ):**

કંપની ઝડપી ફેરફારો સાથે અસ્થિર અને અનિશ્ચિત દુનિયામાં કાર્યરત છે. આ ફેરફારો કંપનીના ઉદ્દેશોને ઉજાગર કરતી તકો અને અનિશ્ચિતતાઓનું મિશ્રણ ધરાવે છે. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૪(૩)(n)ને અનુલક્ષીને, બોર્ડ દ્વારા જોખમ સંચાલન નીતિ બનાવવામાં આવી છે. કંપની પાસે જોખમ વ્યવસ્થાપનનું એક વિસ્તૃત માળખું છે, જે જોખમોને ઓળખવા, તેનું મૂલ્યાંકન કરવા અને તેને યોગ્ય રીતે ઘટાડવા માટે સક્ષમ બનાવવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવ્યું છે.

આપણી કંપની મુખ્ય જોખમો અને અનિશ્ચિતતાઓ કે જે તેના વ્યૂહાત્મક ઉદ્દેશ્યોને હાંસલ કરવાની તેની ક્ષમતાને અસર કરી શકે તેના પર દેખરેખ રાખે છે અને તેનું સંચાલન કરે છે. કંપનીના SOPs, સંસ્થાકીય માળખું, વ્યવસ્થાપન પ્રણાલીઓ, આચાર સંહિતા, નીતિઓ અને મૂલ્યો એકસાથે કંપની કેવી રીતે તેનો વ્યવસાય કરે છે અને સંકળાયેલ જોખમોનું સંચાલન કરે છે તે નિયંત્રિત કરે છે. નિયમિત તપાસ અને મૂલ્યાંકન દ્વારા વ્યવસાયનું જોખમ મહત્તમ હદ સુધી ઓળખી શકાય છે અને તેથી સમયસર સુધારાત્મક પગલાં લઈ શકાય છે. કંપની માને છે કે જોખમોનું સંચાલન કરવાથી મહત્તમ વળતર મેળવવામાં મદદ મળે છે.

**૨૪ . વિજીલ મિકેનિઝમઃ**

કંપની વ્યવસાયિક કામગીરીના નૈતિક, પ્રામાણિક અને કાનૂની આચરણના ઉચ્ચતમ ધોરણોનું પાલન કરવા પ્રતિબદ્ધ છે. કંપનીઝ એક્ટની કલમ ૧૭૭ (૯) ની જોગવાઈઓ અન્વયે કંપની દ્વારા કંપનીના ડિરેક્ટર અને કર્મચારીઓ માટે વિજીલ મિકેનિઝમ પોલિસી સ્થાપિત કરવામાં આવી છે. આ પોલિસી

કંપનીની વેબસાઈટ https://www.maahimilk.com/ Members/Vigil-Mechanism-Policy પર ઉપલબ્ધ છે.

**૨૫. ઊર્જા સંરક્ષણ, પર્યાવરણીય સંરક્ષણ, ટેકનોલોજી અવશોષણ અને વિદેશી મુદ્રા આવક તથા ખર્ચ:**

કંપની ઊર્જા સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ કાર્યવાહી માટે પ્રતિબદ્ધ છે. કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૩૪(૩)(એમ) તેમજ કંપનીઝ (એકાઉન્ટસ) રૂલ્સ, ૨૦૧૪ અને ચેપ્ટર XXI-A ની જોગવાઈને સાથે વંચાણે લેતા તે અંતર્ગતની વિગત જેવી કે ઊર્જા સંરક્ષણ, પર્યાવરણીય સંરક્ષણ, ટેકનોલોજી અવશોષણ અને વિદેશી મુદ્રા આવક તથા ખર્ચની વિગતો પરિશિષ્ટ – C માં આપવામાં આવેલ છે.

**૨૬. એન્યુઅલ રિટર્ન:**

કંપનીઝ એક્ટની કલમ ૯૨(૩), ૧૩૪(૩)(અ) અને કંપની(મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ની જોગવાઈને સાથે વંચાણે લેતા એન્યુઅલ રિટર્ન અહી દર્શાવેલ વેબ લિન્ક મારફતે પ્રાપ્ત કરી શકાશે, વેબ– લિન્ક https://www.maahimilk.com/Members/Annual-Return.

**૨૭. નિયમનકારો, અદાલતો અને ટ્રિબ્યુનલ્સ દ્વારા કરવામાં આવેલ નોંધપાત્ર અને મહત્વપૂર્ણ ઓર્ડર્સની વિગતો:**

નિયમનકારો, અદાલતો, ટ્રિબ્યુનલ્સ દ્વારા કોઈપણ નોંધપાત્ર ભૌતિક ઓર્ડર કરવામાં આવ્યો નથી કે જે કંપનીના કાર્યોને અસર કરે કે કંપનીની ભવિષ્યની કામગીરીને અસર કરે.

**૨૮. ઇન્સોલવન્સી એન્ડ બેન્કપ્સી, અધિનિયમ ૨૦૧૬ હેઠળ કાર્યવાહી:**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, કંપની દ્વારા અથવા કંપની વિરુદ્ધ કોઈ કાર્યવાહી દાખલ કરવામાં આવી ન હતી, જે ઈન્સોલવન્સી એન્ડ બેન્કપ્સી, અધિનિયમ ૨૦૧૬ હેઠળ, સુધારેલા જોગવાઈ મુજબ, રાષ્ટ્રીય કંપની કાયદા ટ્રિબ્યુનલ અથવા અન્ય અદાલતો સમક્ષ પેન્ડિંગ હોય.

**૨૯. સ્વીકૃતિ:**

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તમામ સ્તરે કર્મચારીઓને તેમની સખત મહેનત, સમર્પણ અને પ્રતિબદ્ધતા માટે તેમની પ્રશંસા કરે છે. કર્મચારીઓના ઉત્સાહ અને અવિરત પ્રયાસોએ કંપનીને એક સીમાચિન્હ રૂપી કાર્ય કરવામાં સક્ષમ બનાવી છે.

નિયામક મંડળ સભ્યો, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, એનડીડીબી ડેરી સર્વિસીઝ, મધર ડેરી ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રાઈવેટ લિમિટેડ, ગ્રાહકો, સપ્લાયર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ, ટ્રાન્સપોર્ટર્સ, સહાયકો, બેન્કર્સ અને અન્ય હિતધારકો તરફથી પ્રાપ્ત થયેલ સતત સમર્થન બદલ પોતાનો આભાર વ્યક્ત કરે છે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,**

**Sd/-**

**વિજયભાઈ ઓડેદરા**
**અધ્યક્ષ**
**(ડીન: ૦૯૨૫૪૯૮૨)**

**તારીખ: ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬**
**સ્થળ : ખંઢેરી, રાજકોટ**

## ડિરેક્ટર્સના રિપોર્ટ માટે પરિશિષ્ટ 'એ'
## સીએસઆર કાર્યો પર વાર્ષિક અહેવાલ

(કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૫ અને કંપની (કોર્પોરેટ સામાજિક જવાબદારી નીતિ) નિયમો,૨૦૧૪ ના નિયમ ૮(૧) અન્વયે)

**૧) કંપનીની સીએસઆર નીતિ અંગેની સંક્ષિપ્ત રૂપરેખા**

કંપનીની સીએસઆર નીતિનો ઉદ્દેશ્ય લાભાર્થીઓના જીવનમાં અર્થપૂર્ણ અને કાયમી અસર ઊભી કરવાનો છે. કંપની બાળકો, યુવાનો, મહિલાઓ અને સિમાંત વર્ગ માટે અર્થપૂર્ણ સ્તરે સમાન અને સમાવિષ્ટ માર્ગો બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ટકાઉ વ્યાપારી પ્રથાઓની સાથે, કંપની પર્યાવરણ, સામાજિક આવશ્યકતાઓ અને તેની આસપાસના સમુદાયો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ઇચ્છિત ધ્યેય હાંસલ કરવા માટે કંપની તેના સંસાધનોને અનેક જગ્યાએ મર્યાદિત માત્રામાં વાપરવાની જગ્યાએ તેને ચોક્કસ વ્યુહાત્મક ક્ષેત્રોમાં ફાળવણી કરે છે. કંપનીની સીએસઆર નીતિમાં કંપની અધિનિયમ, ૨૦૧૩ ના શિડ્યુલ VII માં સામેલ હોય એવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. પ્રાથમિકતા આપવાની આ નીતિ દવારા, માહી (Maahi) નું મુખ્ય ધ્યાન આજીવિકા ઉન્નતીકરણ, શિક્ષણ, કૌશલ્ય સ્વ-રોજગાર, પર્યાવરણ સંરક્ષણ, પશુ આરોગ્યસંભાળ અને બોર્ડ દવારા સમયાંતરે મંજૂર કરાયેલા અન્ય પ્રોજેકટસ પર રહેલું છે.

**૨) સીએસઆર સમિતિની રચનાઃ**

| નિયામકનું નામ | હોદ્દો | વર્ષ દરમ્યાન યોજાયેલી CSR સમિતિની બેઠકોની સંખ્યા | વર્ષ દરમ્યાન CSR સમિતિની હાજરી સભાઓની સંખ્યા |
|---|---|---|---|
| શ્રી વિજયભાઈ અરભમભાઈ ઓડેદરા | અધ્યક્ષ અને નિયામક | ૧ | ૧ |
| ડો. જીગ્નેશકુમાર ગીરીશભાઈ શાહ | સભ્ય, કુશળ નિયામક | ૧ | ૧ |
| શ્રી અલોક કુમાર ગુપ્તા | સભ્ય, મુખ્ય કાર્ય પાલક અને નિયામક | ૧ | ૧ |

**3) કંપનીની વેબસાઇટ પર સીએસઆર કમિટીની રચના, સીએસઆર નીતિ અને બોર્ડ દ્વારા મંજૂર સીએસઆર પ્રોજેક્ટ જાહેર કરવામાં આવે છે તે વેબ લિન્ક પ્રદાન કરો.**

https://www.maahimilk.com/Members/CSR-Policy

**૪) કંપનીઝ (કોર્પોરેટ સામાજિક જવાબદારી નીતિ) નિયમો, ૨૦૧૪ ના રુલ ૮ ના પેટા-નિયમ (૩) ને અનુસરતા હાથ ધરવામાં આવેલા સીએસઆર પ્રોજેક્ટ્સના અસર આકારણીની વિગતો પ્રદાન કરો, જો લાગુ પડતું હોય તો (અહેવાલ જોડો):** લાગુ પડતું નથી.

**૫) (એ) કલમ ૧૩૫(૫) મુજબ કંપનીનો સરેરાશ ચોખ્ખો નફોઃ** રૂ. ૨,૭૨૩.૬૫ લાખ

**(બી) કલમ ૧૩૫(૫) મુજબ કંપનીના સરેરાશ ચોખ્ખા નફાના બે ટકાઃ રૂ. ૫૪.૪૭ લાખ**

**(સી) સીએસઆર પ્રોજેક્ટ્સ અથવા પ્રોગ્રામ્સ અથવા પાછલા નાણાંકીય વર્ષોની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવેલ સરપ્લસઃ** લાગુ પડતું નથી

**(ડી) નાણાંકીય વર્ષ માટે સેટ ઓફ કરવાની રકમઃ** રૂ. ૨.૬૨ લાખ

**(ઈ) નાણાંકીય વર્ષ માટે કુલ સીએસઆર જવાબદારી (બી)+(સી)-(ડી)) - રૂ. ૫૧.૮૫ લાખ**

૬) (એ) નાણાંકીય વર્ષ માટે ખર્ચ કરેલ સીએસઆરની રકમ (ચાલુ પ્રોજેક્ટ અને તે સિવાયના પ્રોજેકટ અંતર્ગત): રૂ. ૫૪.૧૫ લાખ

(બી) વહીવટી ઓવરહેડ્સમાં ખર્ચ કરેલ રકમ: લાગુ પડતું નથી

(સી) જો લાગુ પડતું હોય તો, અસર આકારણી પર ખર્ચવામાં આવેલી રકમ: લાગુ પડતું નથી

(ડી) નાણાંકીય વર્ષ માટે ખર્ચ કરેલ કુલ રકમ (એ+બી+સી) : રૂ. ૫૪.૧૫ લાખ

(ઈ) નાણાંકીય વર્ષ માટે ખર્ચ કરેલ સીએસઆરની રકમ અથવા ખર્ચ કરવાની બાકી રહેલ રકમ

| | ખર્ચ કરવાની બાકી રહેલ રકમ (રૂ. લાખમાં) | | | | |
|---|---|---|---|---|---|
| નાણાંકીય વર્ષ માટે ખર્ચ કરેલ રકમ (રૂ. લાખમાં) | કલમ ૧૩૫(૬) મુજબ ખર્ચ કરવાની બાકી રકમ જે Unspent CSR એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હોય. | | કલમ ૧૩૫(૫) ની બીજી આંતરીક જોગવાઈ મુજબ શિડયુલ VII માં દર્શાવિલ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવેલ રકમ | | |
| | રકમ | ટ્રાન્સફરની તારીખ | ફંડનું નામ | રકમ | ટ્રાન્સફરની તારીખ |
| ૫૪.૧૫ | લાગુ પડતું નથી | | | | |

(એફ) સેટ-ઓફ કરવા માટે વધારે રકમ જો કોઈ હોય તો:

| ક્રમ | વિગત | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| i. | કલમ ૧૩૫(૫) મુજબ કંપનીના સરેરાશ ચોખ્ખા નફાના બે ટકા | ૫૪.૪૭ |
| | નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉપલબ્ધ સેટ-ઓફની રકમ | ૨.૬૨ |
| | CSRની જવાબદારી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે | ૫૧.૮૫ |
| ii. | નાણાંકીય વર્ષ માટે ખર્ચ કરેલ કુલ રકમ | ૫૪.૧૫ |
| iii. | નાણાંકીય વર્ષ માટે ખર્ચવામાં આવેલ વધારાની રકમ [(ii)-(i)] | ૨.૩૦ |
| iv. | પાછલા નાણાંકીય વર્ષોની પ્રવૃત્તિઓના CSR પ્રોજેક્ટ્સ અથવા પ્રોગ્રામ્સમાંથી ઉદ્ભવતા સરપ્લસ, જો કોઈ હોય તો | - |
| v. | અનુગામી નાણાંકીય વર્ષોમાં સેટ-ઓફ માટે ઉપલબ્ધ રકમ [(iii)-(iv)] | ૨.૩૦ |

**૭. (એ) અગાઉના ત્રણ નાણાંકીય વર્ષો માટે ખર્ચ કરવાની બાકી (અનસ્પેન્ટ) સીએસઆર રકમની વિગતો:** લાગુ પડતું નથી

| ૧<br>ક્રમ | ૨<br>અગાઉનું/ અગાઉના નાણાકીય વર્ષ(ઓ) | ૩<br>કલમ ૧૩૫ ના પેટા કલમ (૬) હેઠળ વણવપરાયેલ (Unspent) CSR ખાતામાં ટ્રાન્સફર કરાયેલી રકમ (રૂપિયામાં) | ૪<br>કલમ ૧૩૫ ના પેટા કલમ (૬) હેઠળ વણવપરાયેલ (Unspent) CSR ખાતામાં બાકી રહેલી રકમ (રૂપિયામાં) | ૫<br>નાણાકીય વર્ષમાં ખર્ચવામાં આવેલી રકમ (રૂપિયામાં) | ૬<br>કલમ ૧૩૫ ના પેટા કલમ(૫) ના બીજા પ્રોવિઝો (નિયમો) મુજબ શેડ્યૂલ VII હેઠળ નિર્દિષ્ટ ફંડમાં ટ્રાન્સફર કરાયેલી રકમ, જો કોઈ હોય તો | | ૭<br>આગામી નાણાકીય વર્ષોમાં ખર્ચવા માટે બાકી રહેતી રકમ (રૂપિયામાં) | ૮<br>ખામી/ તૂટ, જો કોઈ હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | રકમ (રૂ.) | ટ્રાન્સફરની તારીખ | | |
| | | | | શૂન્ય | | | | |

**૮. મૂડી સંપતિના સર્જન અથવા સંપાદનના કિસ્સામાં, નાણાંકીય વર્ષમાં ખર્ચવામાં આવેલા સીએસઆર દ્વારા બનાવવામાં આવેલી અથવા સંપાદિત થયેલી સંપતિને લગતી વિગતો પ્રસ્તુત કરો: ના**

જો હા, તો ઉત્પાદિત/મેળવેલ મૂડીગત અસ્કયામતોની સંખ્યા દાખલ કરો: લાગુ પડતું નથી

નાણાંકીય વર્ષમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ની ખર્ચાયેલી રકમ દ્વારા આ પ્રકારે ઉત્પાદિત અથવા મેળવેલ અસ્કયામત(તો) સંબંધિત વિગતો રજૂ કરો:

| ક્રમ | મિલકત અથવા અસ્કયામત(તો)ની ટૂંકી વિગતો (મિલકતનું સંપૂર્ણ સરનામું અને સ્થાન સહિત) | મિલકત અથવા અસ્કયામત(તો) નો પિનકોડ | ઉત્પાદન/ નિર્માણની તારીખ | ખર્ચવામાં આવેલી CSR ની રકમ | રજિસ્ટર્ડ માલિકની સંસ્થા/ સત્તાધિકારી/ લાભાર્થી ની વિગતો | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | | |
| | | | | | CSR રજીસ્ટ્રેશન નંબર, જો લાગુ પડતુ હોય | નામ | રજીસ્ટ્રેશન સરનામું |
| | | | NIL | | | | |

**૯. કારણો સ્પષ્ટ કરો, જો કંપની કલમ ૧૩૫ (૫) મુજબ સરેરાશ ચોખ્ખા નફામાં બે ટકા ખર્ચ કરવામાં નિષ્ફળ ગઈ હોય તો:** લાગુ પડતું નથી

તારીખ: ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬
સ્થળ: ખંઢેરી, રાજકોટ

Sd/-
વિજયભાઈ ઓડેદરા
અધ્યક્ષ અને નિયામક
(ડીન: ૦૯૨૫૪૯૮૨)

Sd/-
આલોક કુમાર ગુપ્તા
મુખ્ય કાર્યપાલક અને નિયામક
(ડીન: ૦૩૧૫૯૭૪૧)

## ડિરેક્ટર્સ રિપોર્ટ માટે પરિશિષ્ટ ‘બી’

## સંબંધિત પક્ષો સાથે કરારો, વ્યવસ્થાઓની વિગતો

[કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૩૪ ની પેટા–કલમ (૩) ના ક્લોઝ (એચ)
અને કંપનીઝ (એકાઉન્ટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૮(૨)ને અનુસરીને – AOC–૨]

આ ફોર્મ કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૮૮ની પેટા–કલમ (૧) માં ઉલ્લેખિત સંબંધિત પક્ષો સાથે કંપની દ્વારા કરવામાં આવેલ કરારો/વ્યવસ્થાઓની વિગતોના ખુલાસા અંગે છે, જેમાં ત્રીજી જોગવાઈ હેઠળ સ્વતંત્રતાના ધોરણ (આર્મ્સ લેંથ) મુજબ વ્યવહારોનો સમાવેશ થાય છે.

**કરારો અથવા વ્યવસ્થા અથવા વ્યવહારોની વિગતો જે આર્મ્સ લેંથ મુજબ નથીઃ**

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા વર્ષ દરમિયાન એવા કોઈ કરાર અથવા વ્યવસ્થા અથવા વ્યવહારો કરવામાં આવ્યા ન હતા, કે જે સ્વતંત્રતાના ધોરણ (આર્મ્સ લેંથ) મુજબ ન હોય.

**કરારો અથવા વ્યવસ્થા અથવા વ્યવહારો જે નોંધપાત્ર પ્રમાણમાં ગણાય (મટિરિયલ)ની વિગતો જે આર્મ્સ લેંથ મુજબ છેઃ**

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા વર્ષ દરમિયાન એવા કોઈપણ કરાર અથવા વ્યવસ્થા અથવા વ્યવહારો કરવામાં આવેલ નથી કે જે નોંધપાત્ર પ્રમાણમાં (મટિરિયલ) ગણાય અને જે સ્વતંત્રતાના ધોરણ (આર્મ્સ લેંથ) મુજબ હોય.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી,**

**Sd/-**
**વિજયભાઈ ઓડેદરા**
**અધ્યક્ષ**
**(ડીનઃ ૦૯૨૫૪૯૮૨)**

**તારીખઃ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬**
**સ્થળ : ખંઢેરી, રાજકોટ**

## ડિરેક્ટર્સ રિપોર્ટ માટે પરિશિષ્ટ 'સી'

કંપની અધિનિયમ, ૨૦૧૩ના સેક્શન ૧૩૪(૩)(M) અને ચેપ્ટર XXI-A હેઠળની જરૂરિયાત મુજબ ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે ઊર્જાના સંરક્ષણ, પર્યાવરણીય સંરક્ષણ, ટેકનોલોજી અવશોષણ અને વિદેશી મુદ્રા આવકો તથા ખર્ચ સંબંધિત સ્ટેટમેન્ટ જે ડિરેક્ટર્સના રિપોર્ટનો ભાગ છે.

**A. ઊર્જા સંરક્ષણ**

કંપની એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રિશન યુનિટ (AFNU) પ્લાન્ટ, બલ્ક મિલ્ક કુલર્સ (BMCs), ચિલિંગ સેન્ટર્સ (CCs) અને મિલ્ક પુલિંગ પોઈન્ટ્સ (MPPs) સહિતના તેના તમામ ઓપરેશનલ હબમાં ઊર્જા બચાવવાની મહત્વપૂર્ણ જરૂરિયાત પ્રત્યે ખૂબ જ સભાન છે. માહી અદ્યતન ઓટોમેશન અપનાવીને, ટેકનોલોજીકલ ફેરફારો લાગુ કરીને અને તેની દૈનિક કામગીરીમાં નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોને આક્રમક રીતે સાંકળીને ઊર્જા વપરાશને શ્રેષ્ઠ બનાવવા માટે સતત પ્રયાસ કરે છે.

**(I) ઊર્જા સંરક્ષણ માટે લેવાયેલા પગલાં અથવા તેની અસરો અને (II) ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવા માટે કંપની દ્વારા લેવાયેલા પગલાં:**

- **સૌર ઉર્જા માળખાના વિસ્તરણ:** ગ્રીન એનર્જી અપનાવવા, કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા અને નવીનીકરણીય સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ પ્રત્યેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વધુ બે કાચા દૂધના ચિલિંગ સેન્ટર્સ ખાતે સોલાર પાવર જનરેશન સિસ્ટમ્સ સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવી હતી. આ નવા સ્થાપનો સાથે, કાચા દૂધના ચિલિંગ સેન્ટર્સ અને AFNU પ્લાન્ટમાં સામૂહિક સોલાર ઊર્જા ઉત્પાદન નાણાંકીય વર્ષના અંત સુધીમાં આશરે ૧૫.૪૧ લાખ kWh (યુનિટ) ને વટાવી ગયું છે. આ પરિવર્તને પરંપરાગત ગ્રીડ વીજળી પરની નિર્ભરતા નોંધપાત્ર રીતે ઘટાડી છે, સંચાલન ખર્ચમાં ઘટાડો કર્યો છે અને ડેરી કામગીરીનું ટકાઉપણું (sustainability) વધાર્યું છે.
- **ઊર્જા-કાર્યક્ષમ ચિલિંગ ટેકનોલોજીનો ઉપયોગ:** કાચા દૂધની ગુણવત્તા સુધારવા અને કોલ્ડ ચેઈનને મજબૂત કરવા માટે, કુતિયાણા અને ભાવનગર ખાતે અદ્યતન એમોનિયા-આધારિત ઈન્સ્ટન્ટ મિલ્ક ચિલિંગ યુનિટ્સ કાર્યરત કરવામાં આવ્યા હતા. એમોનિયા રેફ્રિજરેશન ટેકનોલોજી પરંપરાગત કૃત્રિમ રેફ્રિજરન્ટ્સની તુલનામાં શ્રેષ્ઠ થર્મોડાયનેમિક કાર્યક્ષમતા અને નોંધપાત્ર રીતે ઓછો ઊર્જા વપરાશ પ્રદાન કરે છે. આ સિસ્ટમ દૂધને ઝડપથી ઠંડું કરવાનું સુનિશ્ચિત કરે છે. બેક્ટેરિયાની વૃદ્ધિ અટકાવે છે અને આપણી નેટ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડે છે.
- **સોલાર-સંચાલિત ડિજિટલ પ્રાપ્તિ:** પારદર્શિતા અને ઓપરેશનલ આત્મનિર્ભરતા વધારવા માટે, નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (NPDD) હેઠળ વધુ ૭૦૦ સોલાર-સંચાલિત ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ્સ (AMCS) વસાવવામાં આવી છે. આપણા ગ્રામીણ દૂધ એકત્રીકરણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સોલાર પાવરના સંકલનથી પરંપરાગત વીજ વપરાશ અસરકારક રીતે ઘટે છે, જયારે ઉચ્ચ ડેટા અખંડિતતા અને ગ્રીડ-સ્વતંત્ર ઓપરેશનલ વિશ્વસનીયતા સુનિશ્ચિત થાય છે.
- **રેફ્રિજરેશન માળખાનું ઓપ્ટિમાઇઝેશન:** ઉનાળાના વધતા જતા તાપમાન અને કૂલિંગ કાર્યક્ષમતા પર તેની સીધી અસરને ધ્યાનમાં રાખીને, વ્યૂહાત્મક BMC સેન્ટર્સ પર વિસ્તૃત હીટ ટ્રાન્સફર સપાટી ધરાવતા ૨૦ નવા હાઈ-કેપેસિટી રેફ્રિજરેશન કન્ડેન્સર યુનિટ્સ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ હીટ રિજેક્શનને સરળ બનાવે છે, કોમ્પ્રેસર પર ઊર્જાનો બોજ ઘટાડે છે, વીજ વપરાશ ઓછો કરે છે અને ઉનાળાના પીક સમય દરમિયાન સ્થિર, ઉચ્ચ સ્તરીય મિલ્ક ચિલિંગ કામગીરીની ગેરંટી આપે છે.

**II. ઊર્જા સંરક્ષણ પગલાંની અસર**

સ્વચ્છ ઊર્જા નેટવર્ક, ઊર્જા-કાર્યક્ષમ રેફ્રિજરેશન અને ડિજિટાઈઝ્ડ કલેક્શન પ્રણાલીઓના સુમેળભર્યું અમલીકરણથી માપી શકાય તેવા કામગીરી અને પર્યાવરણીય લાભો પ્રાપ્ત થયા છે:

– પરંપરાગત થર્મલ/ગ્રીડ ઊર્જા પરની નિર્ભરતામાં અને તેને સંબંધિત ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો.

- તમામ ગ્રામીણ દૂધ ચિલિંગ અને એકત્રીકરણ કેન્દ્રો પર ઊર્જા કાર્યક્ષમતાના ધોરણો ઉચ્ચ સ્તરે પહોંચ્યા.
- દૂધ ઠંડું થવાના સમયગાળામાં ઘટાડો, જેનાથી સ્ત્રોત પર જ કાચા દૂધની શ્રેષ્ઠ ગુણવત્તા જાળવી શકાય.
- મુખ્ય સંચાલન, યુટિલિટી (વીજ–પાણી) અને જાળવણી ખર્ચમાં ઘટાડો.
- દૂધ સંપાદન પ્રક્રિયામાં વધેલી પારદર્શિતા, રીઅલ–ટાઈમ ટ્રેસેબિલિટી (ભૂતકાળની વિગતો જાણવાની ક્ષમતા) અને સંપૂર્ણ ડેટા ચોકસાઈ.
- પર્યાવરણીય સંતુલન જાળવી રાખીને ભવિષ્યની પ્રગતિને ટેકો આપવા સક્ષમ, આબોહવા–અનુકૂળ ડેરી માળખાની સ્થાપના.

**III. ઊર્જા સંરક્ષણમાં મૂડી રોકાણ**

નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન, કંપનીએ ઊર્જા સંરક્ષણ ટેકનોલોજી અને પુનઃપ્રાપ્ય ઊર્જા સાધનોની ખરીદી તેમજ સ્થાપના માટે ખાસ કરીને રૂ. ૨૧૪.૩૫ લાખ નું મૂડી રોકાણ કર્યું છે.

**બી. પર્યાવરણ સુરક્ષા અને વ્યવસ્થાપન**

માહી કુદરતી ઈકોસિસ્ટમનું રક્ષણ કરવા, ઔદ્યોગિક પ્રદૂષણ રોકવા અને તંદુરસ્ત પર્યાવરણીય સંતુલન જાળવવાના પાયાના સિદ્ધાંત પર કામ કરે છે.

તમામ ઉદ્યોગ–વિશિષ્ટ પર્યાવરણીય કાયદાઓ, વૈધાનિક સુરક્ષા આદેશો અને પ્રદૂષણ નિયંત્રણ નિયમોના ચુસ્ત પાલન ઉપરાંત, કંપની પર્યાવરણીય સંરક્ષણ માટે સક્રિયપણે નેતૃત્વ પૂરું પાડે છે. નોંધનીય છે કે, માહીએ તેની એક્સટેન્ડેડ પ્રોડ્યૂસર રિસ્પોન્સિબિલિટી (EPR) ફ્રેમવર્કને સફળતાપૂર્વક અમલમાં મૂકી છે, જેના અંતર્ગત પર્યાવરણ પર પ્લાસ્ટિકની નકારાત્મક અસરોને ઘટાડવા માટે ગ્રાહક પ્લાસ્ટિક કચરાનો વ્યવસ્થિત રીતે એકત્રીકરણ, પ્રોસેસિંગ અને જવાબદારીપૂર્વક નિકાલ કરવામાં આવે છે. જેથી પર્યાવરણ પરના પ્લાસ્ટીક ફૂટ પ્રિન્ટને ઘટાડવામાં મદદ મળે.

**સી. ટેકનોલોજી એબ્સોર્પ્શન, અનુકુલન અને નવીનતા**

કંપની તેના બહુસ્તરીય કામગીરીના વિવિધ માળખામાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને સક્રિયપણે પ્રોત્સાહન આપે છે.

ઓટોમેટેડ પ્રોસેસિંગ, હાર્ડવેર સંકલન અને ડેટા એનાલિટિક્સ ઈકોસિસ્ટમમાં લક્ષિત રોકાણો દ્વારા, કંપનીએ ઓપરેશનલ કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો છે, ઉત્પાદનની ગુણવત્તા સુધારી છે અને સપ્લાય ચેઈનની ટકાઉક્ષમતામાં મજબૂતાઈ પ્રાપ્ત કરી છે.

- **ટેકનોલોજી એબ્સોર્પ્શન (ટેકનોલોજી આત્મસાત કરવા) માટે કરાયેલા પ્રયાસોઃ** સંપાદનમાં ઓટોમેટેડ ડિજિટલ સાધનોનું સંકલન, રીઅલ–ટાઈમ સપ્લાય ચેઈન એપ્લિકેશન્સ અને અદ્યતન માળખાકીય સુધારાઓ (જેમ કે એમોનિયા–આધારિત ચિલિંગ સિસ્ટમ્સ અને ડિજિટલ AMCS નેટવર્ક્સ).
- **મેળવેલા લાભોઃ** ઓપરેશનલ ક્ષમતામાં વધારો, લોજિસ્ટિકલ વિલંબમાં ઘટાડો, ઈન્વેન્ટરી ખર્ચનું સરળીકરણ અને મજબૂત ગુણવત્તા નિયંત્રણના માપદંડો.
- **આયાતી ટેકનોલોજીઃ** કંપનીની મુખ્ય કામગીરીઓ સ્વદેશી રીતે સંચાલિત થાય છે અને તેમાં વિદેશી ટેકનોલોજીની કોઈ ખાસ કે નોંધપાત્ર આયાતની જરૂર નથી. તમામ સ્થાપિત પ્રણાલીઓનું સંચાલન અને જોડાણ સ્થાનિક ઓપરેશનલ માળખામાં જ અસરકારક રીતે કરવામાં આવે છે.

**ડી. કુલ વિદેશી મુદ્રા આવક અને ખર્ચ**

વર્ષ દરમિયાન વિદેશી મુદ્રા આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

વિદેશી મુદ્રા આવક રૂ. ૨.૩૫ લાખ
(USD ૨૭૧૬.૫૪)
વિદેશી મુદ્રા ખર્ચ શૂન્ય

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,**

**વિજયભાઈ ઓડેદરા**
**અધ્યક્ષ**
**(ડીનઃ ૦૯૨૫૪૯૮૨)**

**તારીખઃ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬**
**સ્થળ : ખંઢેરી, રાજકોટ**

# સ્વતંત્ર ઓડિટર્સનો અહેવાલ

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના સભ્યો જોગ,**
**નાણાંકીય હિસાબોનો અહેવાલઃ**

**અભિપ્રાયઃ**

૧) અમે આ સાથે, માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ ("કંપની")ના નાણાંકીય પત્રકોનું ઓડિટ કરેલ છે, જેમાં ૩૧મી માર્ચ, ૨૦૨૬ના દિવસનું સરવૈયું અને આ દિવસે પૂર્ણ થયેલ વર્ષ માટેનું નફા-નુકસાન પત્રક અને રોકડ નાણા પ્રવાહ પત્રક, તેમજ મહત્વપૂર્ણ હિસાબી નીતિઓનો સારાંશ તથા અન્ય વિવરણાત્મક માહિતીનો સમાવેશ થાય છે.

૨) અમારા અભિપ્રાયમાં અને અમારી શ્રેષ્ઠ જાણકારી મુજબ તેમજ અમને આપવામાં આવેલ સ્પષ્ટીકરણો અનુસાર, ઉપરોકત નાણાંકીય પત્રકો કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") અનુસાર જરૂરી માહિતી આપે છે જે ભારતમાં સામાન્યપણે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતોને અનુરૂપ ૩૧મી માર્ચ, ૨૦૨૬ના દિવસ સુધીની કંપનીની બાબતોનું સાચું અને યોગ્ય ચિત્ર આપે છે તથા એ તારીખે પૂર્ણ થયેલ વર્ષ માટે તેના નફા અને રોકડ પ્રવાહ વિશેની એક સાચી અને નિષ્પક્ષ પુષ્ટી આપે છે.

**અભિપ્રાય માટેનો આધારઃ**

૩) અમે નાણાંકીય પત્રકોનું ઓડિટ અધિનિયમની કલમ ૧૪૩(૧૦) હેઠળ નિર્દિષ્ટ તપાસણીના ધોરણો (SAs) અનુસાર કર્યું હતું. તે ધોરણો હેઠળ અમારી જવાબદારીઓ, અમારા રિપોર્ટના નાણાંકીય પત્રકો વિભાગના ઓડિટ માટે આ ધોરણો હેઠળ નિર્દિષ્ટ ઓડિટરની જવાબદારીઓમાં પણ વર્ણિત કરાયેલ છે. ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા જારી આચારસંહિતા તેમજ અધિનિયમની જોગવાઈઓ અને તેના હેઠળ બનાવાયેલ નિયમો અનુસાર નૈતિક જરૂરિયાતો જે નાણાંકીય પત્રકોના અમારા ઓડિટને સુસંગત છે, તે મુજબ અમે કંપનીથી સ્વતંત્ર છીએ, અને અમે આ જરૂરિયાતો તેમજ આઈસીએઆઈની આચારસંહિતા અનુસાર અમારી અન્ય નૈતિક જવાબદારીઓ પરિપૂર્ણ કરેલ છે. અમે માનીએ છીએ કે અમને પ્રાપ્ત થયેલ ઓડિટ પુરાવા નાણાંકીય પત્રકો પરના અમારા ઓડિટ અભિપ્રાય માટે એક આધાર પ્રદાન કરવા માટે પર્યાપ્ત અને યોગ્ય છે.

**અન્ય માહિતી**

૪) કંપનીનું નિયામક મંડળ અન્ય માહિતી માટે જવાબદાર છે. અન્ય માહિતીમાં ડિરેક્ટર્સ રિપોર્ટમાં સમાવિષ્ટ માહિતીનો સમાવેશ થાય છે, પરંતુ તેમાં નાણાંકીય પત્રકો અને તેના પરના અમારા ઓડિટર્સ અહેવાલનો સમાવેશ થતો નથી.

નાણાંકીય પત્રકો પરનો અમારો અભિપ્રાય અન્ય માહિતીને આવરી લેતો નથી અને અમે તેના પરના કોઈપણ પ્રકારની ખાતરીપૂર્વક નિષ્કર્ષ વ્યક્ત કરતા નથી.

નાણાંકીય પત્રકોની તપાસણીના સંબંધમાં, અમારી જવાબદારી છે કે અન્ય માહિતીઓ વાંચવી, અને એમ કરવામાં, ધ્યાનમાં લેવું કે શું અન્ય માહિતી નાણાંકીય પત્રકો સાથે નોંધપાત્ર રીતે અસંગત છે કે કેમ અથવા ઓડિટના સમય દરમિયાન પ્રાપ્ત થયેલ અમારી જાણકારી નોંધપાત્ર બાબતમાં ખોટી જણાય છે કે કેમ. અમે કરેલ કામગીરીના આધારે જો અમે એ તારણ કાઢીએ કે આ અન્ય માહિતીમાં નોંધપાત્ર વિસંગતતા છે તો અમારે આ હકીકત રિપોર્ટ કરવાની રહે છે.

અમારી પાસે આ બાબતે રિપોર્ટ કરવા માટે કશું નથી.

**નાણાંકીય પત્રકો માટે મેનેજમેન્ટની અને અન્ય અધિકારીઓ કે જેઓ ગવર્નન્સ માટે જવાબદાર છે તેમની જવાબદારીઃ**

૫) આ નાણાંકીય પત્રકો તૈયાર કરવાના સંબંધે કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૩૪(૫)માં જણાવેલ બાબતો માટે કંપનીનું નિયામક મંડળ જવાબદાર છે જે કલમ ૧૩૩ અંતર્ગત દર્શાવેલ એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ અને ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત અન્ય એકાઉન્ટિંગ સિદ્ધાંતો અનુસાર કંપનીની નાણાંકીય સ્થિતિ, નાણાંકીય પ્રદર્શન અને રોકડ પ્રવાહોની એક સાચી અને ન્યાયોચિત તસ્વીર આપે છે. આ જવાબદારીમાં કંપનીની અસ્કયામતોની સુરક્ષા માટે તેમજ છેતરપિંડીઓ અને અન્ય અનિયમિતતાઓ રોકવા તેમજ શોધવા માટે કાયદાની જોગવાઈઓ અનુસાર પર્યાપ્ત હિસાબી રેકોર્ડની જાળવણી, યોગ્ય એકાઉન્ટિંગ નીતિઓની પસંદગી તેમજ અમલીકરણ, નિર્ણયો અને અનુમાનો કરવા જે વ્યાજબી અને સમજદારીપૂર્ણ છે; અને પર્યાપ્ત નાણાંકીય નિયંત્રણોની રચના, અમલીકરણ અને જાળવણી જે એકાઉન્ટિંગ રેકોર્ડ્સની ચોકસાઈ અને પૂર્ણતા સુનિશ્ચિત કરવા માટે અસરકારક રીતે કાર્યરત હતાં જેમાં નાણાંકીય પત્રકોની તૈયારી તેમજ રજૂઆતનો સમાવેશ થાય છે જે એક સાચી અને ન્યાયોચિત તસ્વીર આપે છે તથા છેતરપિંડી અથવા ભૂલને કારણે અપાતા ખોટા આર્થિક હિસાબોથી મુક્ત છે.

૬) નાણાંકીય પત્રકો તૈયાર કરવામાં, મેનેજમેન્ટ અવિરતપણે ચાલુ રહેવાની કંપનીની ક્ષમતાનું મૂલ્યાંકન કરવાના ચાલુ પેઢીને જેમ લાગુ પડે તેમ લાગુ પડતી બાબતો જાહેર કરવા માટે અને એકાઉન્ટિંગના અવિરતપણાના આધારનો ઉપયોગ કરવા માટે જવાબદાર છે સિવાય કે મેનેજમેન્ટનો આશય કંપનીને ફડચામાં લઈ જવાનો કે સંચાલનો બંધ કરવાનો છે અથવા તેની પાસે આવું કર્યા સિવાયનો કોઈ વાસ્તવિક વિકલ્પ નથી. નિયામક મંડળ કંપનીની નાણાંકીય રિપોર્ટીંગ પ્રક્રિયાની દેખરેખ રાખવા માટે પણ જવાબદાર છે.

૭) બોર્ડ ઓફ ડિરેકટર્સ કંપનીની નાણાંકીય અહેવાલ પ્રક્રિયાની દેખરેખ રાખવા માટે પણ જવાબદાર છે.

**નાણાંકીય પત્રકોના ઓડિટ માટે ઓડિટર્સની જવાબદારીઃ**

૮) અમારો ઉદ્દેશ્ય એ વિષે વાજબી ખાતરી મેળવવાનો છે કે શું નાણાંકીય પત્રકો સમગ્રપણે વિસંગતતાથી મુક્ત છે કે કેમ, ચાહે છેતરપિંડી કે ભૂલને કારણે, તથા તેના પર ઓડિટર્સ અહેવાલ આપવો જેમાં અમારો અભિપ્રાય સામેલ છે. વાજબી ખાતરી એ ખાતરીનું એક ઉચ્ચસ્તર છે, પરંતુ તે કોઈ બાહેધરી નથી કે તપાસના ધારાધોરણ (SAs) અનુસાર હાથ ધરાયેલ ઓડિટ હંમેશા નોંધપાત્ર ખોટું વિવરણ પકડશે જો તે અસ્તિત્વમાં હોય. મિથ્યાકથન, છેતરપિંડી કે ભૂલમાંથી ઉદ્‌ભવી શકે છે અને તેને નોંધપાત્ર ગણવામાં આવે છે જો, વ્યક્તિગતરૂપે અથવા એકંદરે, આ નાણાંકીય પત્રકોને આધારે લેવામાં આવેલા નિર્ણયોને વપરાશકર્તાઓના આર્થિક નિર્ણયોને વ્યાજબી રીતે અસર કરી શકે.

૯) SAs અનુસાર એક ઓડિટના ભાગરૂપે અમે વ્યવસાયિક અભિગમ રાખીએ છીએ અને, સમગ્ર ઓડિટ દરમિયાન અમે કોઈપણ પ્રકારની શંકા વિના તે વ્યાવસાયિક અભિગમ જાળવી રાખીએ છીએ. અમેઃ

- નાણાંકીય પત્રકોમાંના નોંધપાત્ર ખોટા વિવરણો ચાહે છેતરપિંડી અથવા ભૂલને કારણે હોય, તેના જોખમોને ઓળખીએ છીએ તેમજ મૂલ્યાંકન કરીએ છીએ તથા આ જોખમોને અનુરૂપ ઓડિટ પ્રક્રિયાઓ ડિઝાઈન કરી ઓડિટ પુરાવા પ્રાપ્ત કરીએ છીએ જે અમારા અભિપ્રાય માટે એક

આધાર પ્રદાન કરવા માટે પર્યાપ્ત અને યોગ્ય છે. છેતરપિંડીમાંથી ઉત્પન્ન થયેલ નોંધપાત્ર મિથ્યાકથનને ન શોધી શકવાનું જોખમ ભૂલમાંથી ઉત્પન્ન થયેલ ખોટું વિવરણ ન શોધવાના જોખમ કરતાં વધુ મોટું છે કારણકે છેતરપિંડીમાં મિલીભગત, બનાવટ, ઈરાદાપૂર્વકની ચૂક, ખોટી રજૂઆતો, અથવા આંતરિક નિયંત્રણનું બિનઅસરકારક હોવું સામેલ હોઈ શકે છે.

- ઓડિટ પ્રક્રિયાઓની રચના કરવા માટે આંતરિક નાણાંકીય નિયંત્રણની સમજ મેળવીએ છીએ જે ઓડિટને સુસંગત છે તથા સંજોગોને અનુરૂપ છે. અધિનિયમની કલમ ૧૪૩(૩)(i) હેઠળ, અમે એ બાબત પર પણ અમારો અભિપ્રાય વ્યકત કરવા માટે જવાબદાર છીએ કે શું કંપની પાસે પર્યાપ્ત આંતરિક નાણાંકીય નિયંત્રણ પ્રણાલીઓ છે તથા આવા નિયંત્રણોની સંચાલકીય અસરકારકતા અમલમાં છે કે કેમ.
- ઉપયોગમાં લેવામાં આવતી હિસાબી નીતિઓની યોગ્યતા અને હિસાબી અનુમાનોનું વ્યાજબીપણું તેમજ મેનેજમેન્ટ દ્વારા જારી કરવામાં આવેલ સંબંધિત ખુલાસાઓનું મૂલ્યાંકન કરીએ છીએ.
- મેનેજમેન્ટના અવિરતપણે ચાલુ પેઢીના આધારે રાખવામાં આવેલા એકાઉન્ટિંગના ઉપયોગની યોગ્યતા પર અને પ્રાપ્ત થયેલ ઓડિટ પુરાવાનાં આધારે નિષ્કર્ષ આપીએ છીએ કે શું કોઈ મહત્વની અનિશ્ચિતતા કે ઘટનાઓ અસ્તિત્વમાં છે કે કેમ જે કંપની અવિરતપણે ચાલુ પેઢી તરીકે ચાલુ રહેવાની ક્ષમતા પર નોંધપાત્ર શંકા પેદા કરી શકે છે. જો અમે એ તારણ કાઢીએ કે કોઈ મહત્વની અનિશ્ચિતતા અસ્તિત્વમાં છે તો અમારે નાણાંકીય પત્રકો પરના અમારા ઓડિટરના રિપોર્ટમાં ધ્યાન દોરવું જરૂરી છે અથવા જો સ્પષ્ટીકરણ કે ખુલાસાઓ અપૂરતા હોય તો અમારે અમારો અભિપ્રાય બદલવો જોઈએ. અમે તારવેલા નિષ્કર્ષ અમારા ઓડિટરના રિપોર્ટની તારીખ સુધીમાં પ્રાપ્ત થયેલ ઓડિટ પુરાવા પર આધારિત છે. જોકે, ભવિષ્યની ઘટનાઓ અથવા પરિસ્થિતિઓ કંપનીને એક અવિરતપણે ચાલુ પેઢી તરીકે ચાલુ ન રહેવાનું કારણ બની શકે છે.
- નાણાંકીય પત્રકોની એકંદર રજૂઆત, બંધારણ અને ઘટકો સહિત ખુલાસાઓનું મૂલ્યાંકન કરીએ છીએ, અને શું નાણાંકીય પત્રકો અંતર્ગત વ્યવહારો અને ઘટનાઓને વ્યાજબી રીતે રજૂ કરે છે કે કેમ.

૧૦) અમે અન્ય બાબતોની સાથે સાથે અમારા ઓડિટ દરમિયાન અમને જણાયેલ આંતરિક નિયંત્રણમાં રહેલી કોઈ નોંધપાત્ર ખામીઓ સહિત ઓડિટના આયોજિત વ્યાપ અને સમય તેમજ ઓડિટ અને નોંધપાત્ર ઓડિટ તારણો બાબતે જવાબદાર કર્મચારીઓ સાથે ચર્ચા કરીએ છીએ.

૧૧) અમે ગવર્નન્સની સંભાળ રાખનારને એ પણ દર્શાવવા માંગીએ છીએ કે અમે સ્વતંત્રતા સંબંધિત જરૂરી નૈતિક આવશ્યકતાઓનું પાલન કર્યું છે, અને તમામ સંબંધો અને અન્ય બાબતો કે જે વ્યાજબી રીતે અમારી સ્વતંત્રતા પર અસર કરે અને જ્યાં લાગુ પડે ત્યાં તે સબંધિત સલામતીના પગલા અંગેની પણ જાણ કરવામાં આવે છે.

**અન્ય કાયદાકીય અને નિયમનકારી જરૂરિયાતો પર રિપોર્ટ:**

૧૨) અધિનિયમની કલમ ૧૪૩ ની પેટા કલમ–૧૧ અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા અમલી કંપનીઝ (ઓડિટર્સ રિપોર્ટ) ઓર્ડર, ૨૦૨૦ દ્વારા જરૂરી હોય તે મુજબ, અમે ઓર્ડરના ફકરાઓ ૩ અને ૪ માં નિર્દિષ્ટ બાબતો પરનું એક નિવેદન પરિશિષ્ટ–બી માં આપીએ છીએ.

૧૩) અધિનિયમની કલમ ૧૪૩ (૩) ની શરતો અનુસાર, અમારા ઓડિટને આધારે અમે રિપોર્ટ કરીએ છીએ કે :

એ. અમે તમામ માહિતી અને સ્પષ્ટીકરણો માંગેલ અને મેળવેલ છે જે અમારા ઓડિટના હેતુઓ માટે અમારી શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ જરૂરી હતાં.

બી. અમારા અભિપ્રાયમાં, કંપની દ્વારા કાયદા મુજબ જરૂરી રીતે હિસાબના યોગ્ય ચોપડા રાખવામાં આવેલ છે સિવાય કે કંપનીઝ (ઓડિટ અને ઓડિટર્સ) નિયમો, ૨૦૧૪ (સુધાર્યા મુજબ) નિયમનના નિયમ ૧૧(જી) અંતર્ગત ફકરા ૧૩(એચ)(vi) માં દર્શાવ્યા મુજબ.

સી. આ અહેવાલ સાથે સંલગ્ન સરવૈયું, નફા નુકસાન પત્રક અને રોકડ પ્રવાહ પત્રકો હિસાબના ચોપડા સાથે સુસંગત છે.

ડી. અમારા અભિપ્રાયમાં, ઉપરોક્ત નાણાંકીય પત્રકો અધિનિયમની કલમ-૧૩૩ હેઠળ નિર્દિષ્ટ હિસાબી ધારાધોરણોનું પાલન કરે છે.

ઈ. ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ નિયામક મંડળ દ્વારા રેકોર્ડ પર લેવાયેલ કંપનીના નિયામકો પાસેથી પ્રાપ્ત થયેલ લેખિત રજૂઆતોના આધારે, કોઈપણ નિયામક અધિનિયમની કલમ ૧૬૪(૨) મુજબ નિયામક તરીકે નિયુક્ત થવા માટે ગેરલાયક ઠરતા નથી.

એફ. હિસાબોની જાળવણી અને તેની સાથે જોડાયેલી અન્ય બાબતોના સંદર્ભમાં, ફકરા ૧૩(એચ)(vi) હેઠળ રિપોર્ટીંગ પર ઉપરના ફકરા ૧૩(બી) માં અમારી ટિપ્પણીઓનો સંદર્ભ આપવામાં આવે છે.

જી. કંપનીના નાણાંકીય નિવેદનોના સંદર્ભમાં આંતરિક નાણાંકીય નિયંત્રણોની પર્યાપ્તતા અને આવા નિયંત્રણોની સંચાલકીય અસરકારકતાના સંબંધમાં, 'પરિશિષ્ટ-એ' માં અમારો અલગ રિપોર્ટ સામેલ છે.

એચ. કંપનીઝ (ઓડિટ અને ઓડિટર્સ) નિયમો, ૨૦૧૪ (સુધાર્યા મુજબ)ના નિયમ ૧૧ મુજબ ઓડિટર્સ રિપોર્ટમાં સામેલ કરવા યોગ્ય અન્ય બાબતોના સંબંધમાં, અમારા અભિપ્રાયમાં અને અમારી શ્રેષ્ઠ જાણકારી મુજબ તથા અમને આપવામાં આવેલ સ્પષ્ટીકરણો અનુસારઃ

i. કંપનીએ તેના નાણાંકીય પત્રકોમાં બાકી રહેલ મુક્કદમાઓની તેની નાણાંકીય સ્થિતિ પરની અસર ધ્યાને લીધેલ છે. જુઓ નાણાંકીય પત્રકો માટેની નોંધ ૩૧.

ii. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી કંપનીને લાંબાગાળાના કરારો પર કોઈ સંભવિત નુકસાન નથી તેથી કંપનીને લાગુ કાયદા અથવા એકાઉન્ટિંગ ધોરણો હેઠળ જોગવાઈને માન્યતા આપવાની જરૂર નથી. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી કંપની પાસે કોઈ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ નથી.

iii. કંપની દ્વારા રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળમાં તબદીલ કરવાની જરૂરી રકમો તબદીલ કરવામાં કોઈ વિલંબ થયો નથી.

iv. (a) મેનેજમેન્ટે રજૂઆત કરી છે કે, તેની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ, ખાતાઓની નોંધોમાં દર્શાવ્યા મુજબ, કંપની દ્વારા (ઉછીના લીધેલા ભંડોળ અથવા શેર પ્રીમિયમ અથવા અન્ય કોઈપણ સ્ત્રોતો અથવા અન્ય કોઈપણ પ્રકારના ભંડોળમાંથી) વિદેશી સંસ્થાઓ ("મધ્યસ્થી") સહિત અન્ય કોઈપણ વ્યક્તિઓ અથવા એન્ટીટી(ઓ)માં કોઈ ફંડ એડવાન્સ્ડ કે લોન આપવામાં આવ્યું નથી અથવા રોકાણ કરવામાં આવ્યું નથી એવી સમજણ સાથે, ભલે તે લેખિતમાં નોંધાયેલ હોય કે અન્યથા, કે મધ્યસ્થી પ્રત્યક્ષ કે આડકતરી રીતે, કંપની દ્વારા અથવા તેના વતી અન્ય કોઈપણ રીતે ઓળખાયેલી અન્ય વ્યક્તિઓ અથવા સંસ્થાઓ ("અંતિમ લાભાર્થીઓ")ને ધિરાણ અથવા રોકાણ કરશે અથવા તેના વતી અથવા અંતિમ લાભાર્થીઓ વતી કોઈપણ ગેરંટી, સુરક્ષા અથવા તેના જેવા અન્ય કોઈ લાભ પ્રદાન કરશે. (નાણાંકીય નિવેદનની નોંધ ૩૫(બ)(૮) નો સંદર્ભ લેવો);

(b) મેનેજમેન્ટે રજૂઆત કરી છે કે, તેની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ, ખાતાઓની નોંધોમાં દર્શાવ્યા મુજબ, વિદેશી સંસ્થાઓ

("ભંડોળ આપનાર સંસ્થા") સહિત કોઈપણ વ્યક્તિઓ અથવા સંસ્થાઓ પાસેથી કંપનીને કોઈ ભંડોળ પ્રાપ્ત થયું નથી. એવી સમજણ સાથે, ભલે તે લેખિતમાં નોંધાયેલ હોય કે અન્યથા, કે કંપની, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, ભંડોળ આપનાર સંસ્થા ("અંતિમ લાભાર્થીઓ") દ્વારા અથવા તેના વતી કોઈપણ રીતે ઓળખાયેલી અન્ય વ્યક્તિઓ અથવા સંસ્થાઓને ધિરાણ અથવા રોકાણ કરશે, અથવા અંતિમ લાભાર્થીઓ વતી કોઈપણ બાંયધરી, સુરક્ષા અથવા તેના જેવા અન્ય કોઈ લાભ પ્રદાન કરશે. (નાણાંકીય નિવેદનની નોંધ ૩૫(બ)(૮)નો સંદર્ભ લેવો);

અને

(c) વાજબી અને યોગ્ય ઓડિટ પ્રક્રિયાના આધારે, અમારા ધ્યાન પર એવું કંઈ આવ્યું નથી કે જેના કારણે અમે માનીએ છીએ કે પેટા-કલોઝ (a) અને (b) હેઠળની રજૂઆતોમાં કોઈપણ ખોટી વિગતો છે.

v. કંપની દ્વારા વર્ષ દરમિયાન અગાઉના પૂર્ણ થયેલ વર્ષ ૩૧ માર્ચ, ૨૦૨૫ સંદર્ભનું, ચૂકવવામાં આવેલ ડિવિડન્ડ કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૨૩ની જોગવાઈ મુજબ છે.

નાણાંકીય નિવેદનોની નોંધ ૩૨ માં જણાવ્યા મુજબ, કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વર્ષ માટે અંતિમ ડિવિડન્ડનો પ્રસ્તાવ મૂક્યો છે, જે આગામી વાર્ષિક સામાન્ય સભામાં સભ્યોની મંજૂરીને આધીન છે. જાહેર કરાયેલ ડિવિડન્ડ કાયદાની કલમ ૧૨૩ અનુસાર છે.

vi. અમારી તપાસના આધારે, જેમાં આકારણીની તપાસનો પણ સમાવેશ થાય છે, તે મુજબ કંપનીએ તેના હિસાબી પુસ્તકોને જાળવવા માટે એકાઉન્ટિંગ સોફ્ટવેરનો ઉપયોગ કર્યો છે જેમાં ઓડિટ ટ્રેઈલ (એડિટ લોગ) રેકોર્ડિંગની સુવિધા છે અને જે સોફ્ટવેરમાં નોંધાયેલા તમામ સબંધિત વ્યવહારો માટે સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત છે, સિવાય કે એપ્લિકેશન સ્તર પર ઓડિટ લોગ ચોકકસ વપરાશ સાથે ચોકકસ વપરાશકર્તાઓ દ્વારા ફેરફારના કિસ્સામાં. વધુમાં ડેટાબેજ થર્ડ પાર્ટી સર્વિસ પ્રોવાઈડર દ્વારા હોસ્ટ કરવામાં આવે છે અને સ્વતંત્ર સર્વિસ ઓડિટરના અહેવાલ વગર ડેટાબેઈઝ સ્તર પર ઓડિટ ટ્રેઈલ કાર્યરત છે કે નહી એ સંદર્ભે અમો કોઈ નિવેદન આપી શકશું નહીં. અમારી કાર્યવાહી દરમિયાન, ઓડિટ ટ્રેઈલના ઉપરોકત કિસ્સાઓ સિવાયના અન્ય કોઈપણ કિસ્સો મળ્યા ન હતા જયાં ઓડિટ ટ્રેઈલ સુવિધા સાથે ચેડા કરવામાં આવ્યા છે કે કેમ તે અંગેની અમારી ટિપ્પણી કરવાનો પ્રશ્ન ઉભો થતો નથી, અમને ઓડિટ ટ્રેઈલ સુવિધા સાથે ચેડા થયાનો કોઈ દાખલો નોંધાયો નથી. વધુમાં અગાઉના વર્ષના જેટલાપણ ઓડિટ ટ્રેઈલ્સ જે કંપનીએ સાચવ્યા છે તે વૈજ્ઞાનિક જોગવાઈ મુજબ સાચવવામાં આવ્યા છે.

૧૪) અધિનિયમની કલમ ૧૯૭ અનુસૂચિ(v)માં દર્શાવેલ જોગવાઈઓ ફક્ત જાહેર કંપનીઓને જ લાગુ પડે છે. આથી, અધિનિયમની કલમ ૧૯૭(૧૬) હેઠળ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

૧૫) અધિનિયમની કલમ ૩૭૮ZG મુજબ અમે એ કલમમાં નિર્દિષ્ટ બાબતો પરનું એક નિવેદન "પરિશિષ્ટ-સી" માં આપીએ છીએ.

**પ્રાઈઝ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપી વતી**
**(ફર્મ રજીસ્ટ્રેશન નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬)**

**રાજીવ ગોયલ**
**ભાગીદાર**
**(સભ્યપદ નં. ૦૯૪૫૪૯)**
(UDIN:26094549YWQPAA4040)

**સ્થળ : ગુરુગ્રામ**
**તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬**

# સ્વતંત્ર ઓડિટર્સ અહેવાલનું પરિશિષ્ટ – એ

**(માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના સભ્યોને ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા વર્ષના નાણાંકીય નિવેદનો પર અમે આપેલ સ્વતંત્ર ઓડિટર્સના અમારા અહેવાલના ક્રમ નં. ૧૩(જી) ના સંદર્ભમાં)**

**અધિનિયમની કલમ ૧૪૩ની પેટા-કલમ ૩ ના ક્લોઝ (૧) હેઠળ નાણાંકીય અહેવાલ પર આંતરિક નાણાંકીય નિયંત્રણો પરનો અહેવાલ.**

૧) અમે, ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ ("કંપની")ના નાણાંકીય પત્રકોના અમારા ઓડિટના જોડાણ સાથે નાણાંકીય અહેવાલ પર આંતરિક નાણાંકીય નિયંત્રણોનું ઓડિટ કરેલ છે.

**આંતરિક નાણાંકીય નિયંત્રણો માટે મેનેજમેન્ટની જવાબદારી:**

૨) ભારતની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ સંસ્થાન (ICAI) દ્વારા જારી કરાયેલ નાણાંકીય અહેવાલ પર આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઓડિટ પરની માર્ગદર્શન પત્રિકા ('માર્ગદર્શન પત્રિકા')માં જણાવેલ આંતરિક નિયંત્રણના અનિવાર્ય ઘટકોને ધ્યાનમાં લઈને નાણાંકીય અહેવાલ માપદંડ પર આંતરિક નાણાંકીય નિયંત્રણો સ્થાપિત કરવા અને જાળવવા માટે કંપનીનું મેનેજમેન્ટ જવાબદાર છે. આ જવાબદારીઓમાં પર્યાપ્ત આંતરિક નાણાંકીય નિયંત્રણોની રચના, અમલીકરણ અને જાળવણી સામેલ છે જે તેના વ્યવસાયનું વ્યવસ્થિત અને કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત કરવા માટે કાર્યરત હતા, જેમાં કંપનીની નીતિઓનું અનુપાલન, તેની અસ્કયામતોનું રક્ષણ, છેતરપિંડીઓ તેમજ ખામીઓનું નિવારણ અને તપાસ, હિસાબી રેકોર્ડસની ચોકસાઈ અને સંપૂર્ણતા, તથા અધિનિયમ હેઠળ આવશ્યક એવી વિશ્વસનીય નાણાંકીય જાણકારીની સમયસર તૈયારી સામેલ છે.

**ઓડિટરની જવાબદારી:**

૩) અમારી જવાબદારી અમારા ઓડિટને આધારે કંપનીના આંતરિક નાણાંકીય નિયંત્રણો ઉપર અમારો અભિપ્રાય વ્યક્ત કરવાની છે. અમે ICAI દ્વારા જારી કરાયેલ માર્ગદર્શન પત્રિકા મુજબ આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઓડિટ પર માર્ગદર્શન પત્રિકાના અનુપાલનમાં અને અધિનિયમની કલમ ૧૪૩(૧૦) હેઠળ આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઓડિટને લાગુ પડતી હદ સુધી નિર્ધારિત ઓડિટીંગ પરના ધારાધોરણો અનુસાર અમે ઓડિટ કરેલ હતું, તે ધારાધોરણો અને માર્ગદર્શન પત્રિકા અનુસાર એ જરૂરી છે કે અમે નૈતિક જરૂરિયાતો તેમજ યોજનાનું પાલન કરીએ તેમજ એ બાબત માટે વાજબી વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે ઓડિટ કરીએ કે શું નાણાંકીય અહેવાલ પરના પર્યાપ્ત આંતરિક નાણાંકીય નિયંત્રણો સ્થાપિત થયેલ હતા તથા તેને જાળવવામાં આવ્યા હતા તેમજ આવા નિયંત્રણો તમામ મહત્વપૂર્ણ બાબતોમાં અસરકારક રીતે કાર્યરત હતા.

૪) અમારા ઓડિટમાં નાણાંકીય રિપોર્ટીંગ પર આંતરિક નાણાંકીય નિયંત્રણોની પ્રણાલીની પર્યાપ્તતા અને તેમના કાર્યક્ષમ સંચાલન વિશે ઓડિટ પુરાવા મેળવવા કાર્યવાહી અને પ્રક્રિયાઓ કરવાનું સામેલ છે. નાણાંકીય અહેવાલ ઉપર આંતરિક નાણાંકીય નિયંત્રણોના અમારા ઓડિટમાં નાણાંકીય અહેવાલ ઉપર આંતરિક નાણાંકીય નિયંત્રણોની સમજ પ્રાપ્ત કરવી, એ જોખમનું મૂલ્યાંકન કરવું કે મહત્વપૂર્ણ ખામીઓ અસ્તિત્વ ધરાવે છે, તથા જોખમના મુલ્યાંકનના આધારે આંતરિક નિયંત્રણની રચના તેમજ કાર્યક્ષમ સંચાલનનું પરીક્ષણ અને મૂલ્યાંકન સામેલ છે. ઓડિટરનો પસંદ કરાયેલ પ્રક્રિયા અંગેનો નિર્ણય, નાણાંકીય હિસાબોની ખોટી પ્રસ્તુતિ કે જે છેતરપિંડી કે ભૂલને કારણે હોય તેના જોખમોના આકલન પર આધાર રાખે છે.

૫) અમે માનીએ છીએ કે અમે મેળવેલ ઓડિટ પુરાવાઓ નાણાંકીય રિપોર્ટીંગ પર કંપનીના આંતરિક નાણાંકીય નિયંત્રણ પ્રણાલી પર અમારા

અભિપ્રાય માટેનો એક આધાર પૂરો પાડવા માટે પર્યાપ્ત અને યોગ્ય છે.

**નાણાંકીય અહેવાલના સંદર્ભમાં આંતરિક નાણાંકીય નિયંત્રણોનો અર્થ:**

૬) નાણાંકીય અહેવાલના સંદર્ભમાં કંપનીનું આંતરિક નાણાંકીય નિયંત્રણ એ એક પ્રક્રિયા છે જેની રચના નાણાંકીય અહેવાલની વિશ્વસનીયતાના સંબંધમાં વાજબી ખાતરી પ્રદાન કરવા માટે અને સામાન્યપણે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અનુસાર બાહ્ય હેતુઓ માટે નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે કરવામાં આવી છે. નાણાંકીય અહેવાલના સંદર્ભમાં કંપનીના આંતરિક નાણાંકીય નિયંત્રણમાં એ નીતિઓ અને પ્રક્રિયાઓ સામેલ છે જે (૧) રેકોર્ડસના જાળવણીને લગતી છે જે વિગતવાર કંપનીની અસ્કયામતોની લેવડદેવડો તેમજ નિકાલ અંગેના વ્યવહારોને ચોકસાઈપૂર્વક તથા ઉચિત રીતે પ્રતિબિંબિત કરે છે; (૨) વાજબી ખાતરી પૂરી પાડે છે કે સામાન્યપણે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અનુસાર નાણાંકીય પત્રકો તૈયાર કરવા જરૂરી હોય તે રીતે વ્યવહારો રેકોર્ડ કરવામાં આવ્યા છે, અને કંપનીની રસીદો તેમજ ખર્ચ ફકત કંપનીના મેનેજમેન્ટ તથા ડિરેક્ટર્સની અધિકૃતતા અનુસાર જ કરવામાં આવી રહ્યા છે; અને (૩) નાણાંકીય પત્રકો પર નોંધપાત્ર અસર કરી શકે તેવા કંપનીની અસ્કયામતોની બિનઅધિકૃત ખરીદી, ઉપયોગ કે નિકાલને રોકવા અથવા સમયસર તપાસને લગતી વાજબી ખાતરી આપે છે.

**નાણાંકીય અહેવાલના સંદર્ભમાં આંતરિક નાણાંકીય નિયંત્રણોની અંતર્ગત મર્યાદાઓ:**

૭) નાણાંકીય અહેવાલના સંદર્ભમાં આંતરિક નાણાંકીય નિયંત્રણોની અંતર્ગત મર્યાદાઓને કારણે, મિલીભગત અથવા નિયંત્રણોના અયોગ્ય સંચાલન, બિનઅસરકારકતા સહિત, છેતરપિંડી અથવા ખામીને કારણે ખોટી રીતે નાણાંકીય અહેવાલની પ્રસ્તુતિ થઈ શકે છે અને તે ધ્યાનમાં ન આવે તેવું પણ બની શકે છે. વળી, ભવિષ્યના સમય માટે નાણાંકીય અહેવાલના સંદર્ભમાં આંતરિક નાણાંકીય નિયંત્રણોના મૂલ્યાંકનના અંદાજો એ જોખમને આધારિત છે કે સ્થિતિઓમાં પરિવર્તનોને કારણે અથવા નીતિઓ અથવા પ્રક્રિયાઓના અનુપાલનનું પ્રમાણ ઉતરતી કક્ષાનું હોવાના કારણે અપર્યાપ્ત બની શકે છે.

**અભિપ્રાય:**

૮) અમારા અભિપ્રાયમાં અને અમારી શ્રેષ્ઠ જાણકારી અનુસાર તથા અમને આપવામાં આવેલ સ્પષ્ટીકરણો અનુસાર, કંપની પાસે, તમામ નોંધપાત્ર બાબતોમાં, નાણાંકીય અહેવાલના સંદર્ભમાં પર્યાપ્ત આંતરિક નાણાંકીય નિયંત્રણ પ્રણાલી છે જે ભારતની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થાન દ્વારા જારી કરાયેલ નાણાંકીય અહેવાલના સંદર્ભમાં આંતરિક નાણાંકીય નિયંત્રણોના ઓડિટ પર માર્ગદર્શન નોટમાં ઉલ્લેખિત આંતરિક નિયંત્રણના અનિવાર્ય ઘટકોને ધ્યાનમાં રાખીને કંપની દ્વારા સ્થાપિત કરવામાં આવ્યા હતા જે ૩૧મી માર્ચ, ૨૦૨૬ ના દિવસ સુધી કાર્યક્ષમ રીતે કાર્યરત હતા.

**પ્રાઈઝ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપી વતી**

**(ફર્મ રજીસ્ટ્રેશન નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬)**

**રાજીવ ગોયલ**
**ભાગીદાર**
**(સભ્યપદ નં. ૦૯૪૫૪૯)**
(UDIN:26094549YWQPAA4040)

**સ્થળ : ગુરુગ્રામ**

**તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬**

# સ્વતંત્ર ઓડિટર્સ અહેવાલનું પરિશિષ્ટ – બી

**(માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના સભ્યોને ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા વર્ષના નાણાંકીય નિવેદનો પર અમે આપેલ સ્વતંત્ર ઓડિટર્સના અમારા અહેવાલના ક્રમ નં. ૧૨ ના સંદર્ભમાં)**

અમારા દ્વારા માંગવામાં આવેલી અને કંપની દ્વારા આપવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અને અમારા ઓડિટ દરમિયાન અમારા દ્વારા તપાસવામાં આવેલ હિસાબ અને રેકોર્ડર્સના સંદર્ભમાં અને અમારી શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ, અમે નીચે મુજબ અમારો અહેવાલ રજુ કરીએ છીએ કે:

**(i) એ)** (A) કંપનીએ મિલકત, પ્લાન્ટ અને સાધનોની માત્રાત્મક વિગતો અને પરિસ્થિતિ સહિત સંપૂર્ણ વિગતો દર્શાવતો યોગ્ય રેકોર્ડ જાળવી રાખ્યો છે.

(B) કંપનીએ અસ્થુળ અસ્કયામતોની સંપૂર્ણ વિગતો દર્શાવતા યોગ્ય રેકોર્ડ જાળવી રાખ્યા છે.

**બી)** કંપનીની મિલકત, પ્લાન્ટ અને સાધનો વર્ષ દરમિયાન મેનેજમેન્ટ દ્વારા ભૌતિક રીતે ચકાસવામાં આવ્યા છે અને આવી ચકાસણીમાં કોઈ સામગ્રીની વિસંગતતાઓ જોવામાં આવી નથી. અમારા મતે, ચકાસણી માટેનો અંતરાલ વાજબી છે.

**સી)** કંપની કોઈ સ્થાવર મિલકતની માલિકી ધરાવતી નથી (નાણાકીય નિવેદનોની નોંધ ૧૨ નો સંદર્ભ લો). તેથી, ઓર્ડરની કલમ ૩(i)(c) હેઠળ રીપોર્ટીંગ કંપનીને લાગુ પડતી નથી.

**ડી)** કંપનીએ તેની મિલકત, પ્લાન્ટ અને સાધનો અને અસ્થુળ અસ્કયામતો માટે પુનઃમુલ્યાંકન કર્યું નથી પરિણામે, પુનઃમૂલ્યાંકન રજિસ્ટર્ડ વેલ્યુઅર દ્વારા મૂલ્યાંકન પર આધારિત છે કે કેમ, અથવા ફેરફારની રકમનો ઉલ્લેખ, જો ફેરફાર, પ્લાન્ટ અને સાધનો અથવા અસ્થુળ સંપત્તિની દરેક વર્ગની મિલકતના ચોખ્ખા વહન મૂલ્યના એકંદરમાં ૧૦% અથવા તેથી વધુ હોય તો, તે અંગેની અમારી ટિપ્પણીનો પ્રશ્ન ઉભો થતો નથી.

**ઈ)** કંપની સામે બેનામી મિલકત રાખવા બદલ બેનામી પ્રોપર્ટી ટ્રાન્ઝેકશન અધિનિયમ, ૧૯૮૮ (તેમજ ૨૦૧૬માં કરેલ સુધારા મુજબ) (અગાઉના બેનામી ટ્રાન્ઝેકશન્સ (પ્રોહિબિશન) અધિનિયમ, ૧૯૮૮ (૧૯૮૮ના ૪૫) અને તેના હેઠળ બનેલા નિયમો અંતર્ગત કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી કે બાકી નથી અને તેથી કંપનીએ તેના નાણાંકીય નિવેદનોમાં યોગ્ય રીતે વિગતો જાહેર કરી છે કે કેમ તેના પર અમારી ટિપ્પણી કરવાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી.

**(ii) એ)** વર્ષ દરમિયાન મેનેજમેન્ટ દ્વારા માલના જથ્થાની ભૌતિક ચકાસણી વાજબી અંતરાલ પર હાથ ધરવામાં આવી છે અને અમારા મતે, મેનેજમેન્ટ દ્વારા આવી ચકાસણીની કવરેજ અને પ્રક્રિયા યોગ્ય છે. હિસાબી પુસ્તકના રેકોર્ડની સરખામણીમાં માલના જથ્થાની ભૌતિક ચકાસણીમાં જોવામાં આવેલી વિસંગતતાઓ દરેક વર્ગના માલના જથ્થા માટે એકંદરે ૧૦% કે તેથી વધુ ન હતી અને તેનો યોગ્ય રીતે હિસાબના ચોપડામાં વ્યવહાર નોંધવામાં આવ્યો છે.

**બી)** વર્ષ દરમિયાન, કંપનીને ચાલુ અસ્ક્યામતો ની જામીનગીરીના આધારે બેંકો તરફથી એકંદરે રૂા. ૫ કરોડથી વધુની વર્કિંગ કેપિટલ મર્યાદા મંજૂર કરવામાં આવી છે. કંપનીએ આવી બેંકો સમક્ષ ત્રિમાસિક રિટર્ન અથવા નિવેદનો ફાઈલ કર્યા છે, જે ઓડિટ ન થયેલા ચોપડા સાથે મેળ ખાતા નથી, તેમ છતાં બેંકોને જાહેર કરેલી રકમો અને ઓડિટ ન થયેલા ચોપડા મુજબની રકમો વચ્ચેના આવા તફાવતો, જે નીચે આપેલા કોષ્ટકમાં દર્શાવ્યા છે, તેને સરભર/મેળવી લેવામાં આવ્યા છે (નાણાકીય પત્રકોની નોંધ 35(b)(ii) પણ જુઓ).

| ત્રીમાસિક ગાળો | બેંકનું નામ | મંજૂર થયેલ એકંદરે વર્કિંગ કેપિટલ મર્યાદા (રૂા. લાખમાં) | પૂરી પાડવામાં આવેલી જામીનગીરીની વિગત | ચાલુ અસ્કયામતનો પ્રકાર જયાં તફાવત જોવા મળ્યો | ત્રિમાસિક રિર્ટન/ નિવેદનમાં દર્શાવેલ રકમ (રૂા. લાખમાં) | ઓડિટ ન થયેલા હિસાબી ચોપડા મુજબ રકમ (રૂા. લાખમાં) | તફાવતની રકમ (રૂા. લાખમાં) | મહત્વના તફાવતનું કારણ |
|---|---|---|---|---|---|---|---|---|
| માર્ચ–૨૬ | એકસીસ બેન્ક | ૩,૦૦૦ | સ્ટોક/ માલસામાન વેપારી લેણા અને અન્ય લેણાં | લેણાં | ૭,૦૭૫.૬૩ | ૬,૯૨૩.૬૧ | ૧૫૨.૦૨ | નાણાકીય આખરી પ્રક્રિયા વખતે થયેલા સમાયોજનો/ પુનઃવર્ગીકરણના કારણે આ તફાવત છે. |
| | એચડી એફસી બેન્ક | ૩,૫૦૦ | | | | | | |

**(iii)** કંપનીએ કોઈ રોકાણ કર્યું નથી, સુરક્ષિત/અસુરક્ષિત ધિરાણ/ધિરાણોની પ્રકૃતિમાં એડવાન્સ મંજૂર કર્યા નથી, અથવા બાંહેધરી, અથવા કોઈપણ પક્ષકારોને સુરક્ષા પ્રદાન કરી નથી. તેથી, કલમ ૩(iii), (iii)(a), (iii)(b), (iii)(c), (iii)(d), (iii)(e) અને (iii)(f) હેઠળ રિપોર્ટિંગ ઓર્ડર કંપનીને લાગુ પડતો નથી.

**(iv)** કંપનીએ અધિનિયમની કલમ ૧૮૫ અને ૧૮૬ હેઠળ આવરી લેવામાં આવતા પક્ષકારોને કોઈ લોન આપી નથી કે કોઈ રોકાણ કર્યું નથી અથવા કોઈ બાંહેધરી અથવા સુરક્ષા પ્રદાન કરી નથી. તેથી, ઓર્ડરની કલમ ૩(iv) હેઠળનું રિપોર્ટિંગ કંપનીને લાગુ પડતું નથી.

**(v)** કંપનીએ અધિનિયમની કલમ ૭૩, ૭૪, ૭૫ અને ૭૬ અને તે અંતર્ગત ઘડવામાં આવેલા નિયમોમાં ઉલ્લેખિત થાપણો અથવા થાપણો તરીકે માનવામાં આવતી કોઈપણ રકમોનો સ્વીકાર કરેલ નથી. તેથી, ઓર્ડરની કલમ ૩(v) હેઠળનું રિપોર્ટિંગ કંપનીને લાગુ પડતું નથી.

**(vi)** ભારત સરકારે કંપનીના કોઈપણ ઉત્પાદનો માટે અધિનિયમની કલમ ૧૪૮ ની પેટા-કલમ (૧) હેઠળ કોસ્ટના રેકોર્ડની જાળવણીનો ઉલ્લેખ કર્યો નથી. તેથી ઓર્ડરની કલમ 3(vi) હેઠળનું રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(vii)** **એ.** અમારા મતે, કંપની નિર્વિવાદ વૈધાનિક ચૂકવણી જેવા કે ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ, પ્રોવિડન્ટ ફંડ, એમ્પ્લોયીસ સ્ટેટ ઈન્સ્યોરન્સ, આવકવેરો, વેચાણવેરો, સેવા વેરો, કસ્ટમ્સ ડ્યુટી, આબકારી જકાત, વેલ્યુ અડેડ ટેક્ષ, સેસ અને અન્ય મટીરીઅલ વૈધાનિક લેણાં, જે લાગુ પડે છે તે સહિતના લેણાં યોગ્ય સત્તા અધિકારીને જમા કરાવવામાં નિયમિત છે.

**બી.** પેટા કલોઝ(એ)માં ઉલ્લેખ કોઈપણ વૈધાનિક ચુકવણી વિવાદને કારણે બાકી નથી.

**(viii)** આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કર આકારણીઓમાં વર્ષ દરમિયાન સરન્ડર કરવામાં આવેલ અથવા આવક તરીકે જાહેર કરવામાં આવેલ એવા કોઈ વ્યવહારો નથી કે જે હિસાબી ચોપડામાં નોંધાયેલ ન હોય.

**(ix)** **(a)** કંપનીએ વર્ષ દરમિયાન કોઈપણ ધિરાણકર્તાને લોન અથવા ઉધારની ચુકવણીમાં અથવા તેના પરના વ્યાજની ચુકવણીમાં ડિફોલ્ટ કર્યા નથી.

**(b)** અમારા ઓડીટ પ્રોસીઝર ના આધારે અમે જણાવીએ છીએ કે, કંપનીને કોઈપણ બેંક અથવા નાણાંકીય સંસ્થા અથવા સરકાર અથવા કોઈપણ સરકારી સત્તા દ્વારા વિલફુલ ડિફોલ્ટર જાહેર કરવામાં આવી નથી.

**(c)** કંપનીએ કોઈ ટર્મ લોન મેળવી નથી. તેથી ઓર્ડરની કલમ 3(ix)(c) હેઠળ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(d)** અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસાઓ તેમજ અમારા દ્વારા કરવામાં આવેલી પ્રક્રિયાઓ અનુસાર, અને કંપનીના નાણાંકીય નિવેદનોની એકંદર તપાસ પર, અમે અહેવાલ આપીએ છીએ કે કંપની દ્વારા ટૂંકા ગાળાના ધોરણે એકત્ર કરાયેલા કોઈપણ ભંડોળનો ઉપયોગ લાંબા-ગાળાના હેતુ માટે કરવામાં આવ્યો નથી.

**(e)** અમને આપવામાં આવેલી માહિતી અને સમજૂતીઓ અને અમારા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અનુસાર, અમે જાણ કરીએ છીએ કે કંપની પાસે વર્ષ દરમિયાન કોઈ પેટાકંપનીઓ, સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓ ન હતી. તેથી ઓર્ડરની કલમ 3(ix)(e) હેઠળ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતુ નથી.

**(f)** અમને આપવામાં આવેલી માહિતી અને સમજૂતીઓ અને અમારા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અનુસાર, અમે જાણ કરીએ છીએ કે કંપની પાસે વર્ષ દરમિયાન કોઈ પેટાકંપનીઓ, સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓ ન હતી. તેથી ઓર્ડરની કલમ 3(ix)(f) હેઠળ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતુ નથી.

**(x)** **(a)** કંપનીએ વર્ષ દરમિયાન પ્રારંભિક જાહેર ઓફર અથવા વધારાની જાહેર ઓફર (ડેટ સાધનો સહિત) દ્વારા નાણાં એકત્ર કર્યા નથી અને તેથી ઓર્ડરની કલમ-૩(x)(a) હેઠળ જાણ કરવી લાગુ પડતી નથી.

**(b)** વર્ષ દરમિયાન, કંપનીએ શેરની કોઈ પ્રેફરન્શિયલ ફાળવણી અથવા ખાનગી પ્લેસમેન્ટ અથવા સંપૂર્ણ, આંશિક અને વૈકલ્પિક રીતે કન્વર્ટિબલ ડિબેન્ચર્સ જારી કર્યા નથી અને તેથી ઓર્ડરની કલમ-૩(x)(b) હેઠળ રિપોર્ટીંગ લાગુ પડતું નથી.

**(xi)** **(a)** ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત ઓડિટીંગ પ્રથાઓ અનુસાર હાથ ધરવામાં આવેલ કંપની ના હિસાબી પુસ્તકો અને રેકોર્ડની અમારી

તપાસ દરમિયાન અને અમને આપવામાં આવેલી માહિતી અને સમજૂતીઓ અનુસાર, વર્ષ દરમિયાન અમારી પાસે કોઈ પણ દાખલો જોવા મળ્યો નથી કે જેમાં કંપની દ્વારા અથવા કંપની પર કોઈ નોંધપાત્ર છેતરપિંડી નોંધવામાં આવી હોઈ અથવા તેની જાણ કરવામાં આવી હોઈ, અથવા મેનેજમેન્ટ દ્વારા અમને આવા કોઈ કેસની જાણ કરવામાં આવી નથી.

**(b)** ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત ઓડિટીંગ પ્રથાઓ અનુસાર હાથ ધરવામાં આવેલ કંપનીના હિસાબી પુસ્તકો અને રેકોર્ડની અમારી તપાસ દરમિયાન અને અમને આપવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, અધિનિયમની કલમ ૧૪૩(૧૨) હેઠળનો અહેવાલ, કંપનીઝ (ઓડિટ અને ઓડિટર્સ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૧૩ હેઠળ સૂચવ્યા મુજબ ફોર્મ ADT-4 માં, કેન્દ્ર સરકારમાં ફાઈલ કરવાની જરૂર નહતી. આથી, ઓર્ડરની કલમ-૩(xi)(b) હેઠળનુ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતુ નથી.

**(c)** ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત ઓડિટીંગ પ્રથાઓ અનુસાર હાથ ધરવામાં આવેલ હિસાબી પુસ્તકો અને રેકોર્ડ્સની તપાસ દરમિયાન તેમજ મેનેજમેન્ટ તરફથી પ્રાપ્ત થયેલ જાણકારી મુજબ કોઈપણ વ્હિસલ-બ્લોઅર ફરિયાદ મળી નથી. આથી કલમ 3(xi)(c) વડે હેઠળ નું રિપોર્ટિંગ કંપનીને લાગુ પડતું નથી.

**(xii)** કંપની નિધિ કંપની નથી અને નિધિ નિયમો, ૨૦૧૪ તેને લાગુ પડતા નથી, તેથી ઓર્ડરની કલમ-૩(xii) હેઠળનુ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(xiii)** કંપનીએ અધિનિયમની કલમ ૧૮૮ની જોગવાઈઓનું પાલન કરીને સંબંધિત પક્ષો સાથે વ્યવહારો કર્યા છે. અધિનિયમની કલમ ૧૩૩ હેઠળ નિર્દિષ્ટ એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ ૧૮ 'સંબંધિત પાર્ટી ડિસ્કોલોઝર' હેઠળ જરૂરી નાણાંકીય નિવેદનોમાં આવા સંબંધિત પક્ષના વ્યવહારોની વિગતો જાહેર કરવામાં આવી છે. વધુમાં, કંપનીએ અધિનિયમની કલમ ૧૭૭ હેઠળ ઓડિટ સમિતિની રચના કરવાની જરૂર નથી અને તે મુજબ, આ હદ સુધી, ઓર્ડરની કલમ-૩(xiii) હેઠળનુ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(xiv)** **(a)** અમારા મતે કંપની પાસે તેના વ્યવસાયના કદ અને પ્રકૃતિને અનુરૂપ આંતરિક ઑડિટ સિસ્ટમ છે.

**(b)** ઓડિટ હેઠળના સમયગાળા માટેના આંતરિક ઓડિટરના અહેવાલો અમારા દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

**(xv)** કંપનીએ તેના ડિરેક્ટરો અથવા તેની સાથે જોડાયેલ વ્યક્તિઓ સાથે કોઈ પણ બિન-રોકડ વ્યવહારો કર્યા નથી. આથી, ઓર્ડરની કલમ ૩(xv) હેઠળ અધિનિયમની કલમ ૧૯૨ ની જોગવાઈઓનું પાલન કરવા અંગેનુ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(xvi)** **(a)** કંપનીએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એકટ, ૧૯૩૪ની કલમ ૪૫-IA હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી. તે મુજબ, ઓર્ડરની કલમ-૩ (xvi)(a) હેઠળનુ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(b)** કંપનીએ વર્ષ દરમિયાન નોન-બેંકિંગ ફાયનાન્સ/હાઉસિંગ ફાઈનાન્સ પ્રવૃત્તિઓ હાથ ધરી નથી. આથી, ઓર્ડરની કલમ-૩ (xvi)(b) હેઠળનુ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(c)** કંપની ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત નિયમોમાં નિર્ધારિત કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની (CIC) નથી. આથી, ઓર્ડરની કલમ ૩(xvi)(c) હેઠળનું રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(d)** કંપનીના મેનેજમેન્ટ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓના આધારે, ગ્રુપ (કોર ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ (રિઝર્વ બેંક) નિર્દેશો, ૨૦૨૫માં વ્યાખ્યાયિત કર્યા મુજબ) પાસે કોઈ CIC નથી, જે જૂથનો ભાગ છે. જો કે, અમે મેનેજમેન્ટ દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી સચોટ અને સંપૂર્ણ છે કે કેમ તેનું અલગથી મૂલ્યાંકન કર્યુ નથી. આથી, ઓર્ડરની કલમ ૩(xvi)(d) હેઠળનુ રિપોર્ટીંગ કંપનીને લાગુ પડતું નથી.

**(xvii)** કંપનીએ નાણાંકીય વર્ષમાં અથવા તેના પહેલાના નાણાંકીય વર્ષમાં કોઈ રોકડ ખોટ કરી નથી.

**(xviii)** વર્ષ દરમિયાન વૈધાનિક ઓડિટરોએ રાજીનામું આપ્યું નથી અને તે મુજબ કલમ ૩(xviii) હેઠળનુ રિપોર્ટીંગ લાગુ પડતું નથી.

**(xix)** અમને આપવામાં આવેલી માહિતી અને સમજૂતીઓ અનુસાર અને નાણાંકીય ગુણોત્તરના આધારે નાણાંકીય અસ્કયામતોની વસૂલાતનો સમય અને અપેક્ષિત તારીખો અને નાણાંકીય જવાબદારીઓની ચુકવણી, નાણાંકીય નિવેદનો સાથેની અન્ય માહિતી, બોર્ડ ઓફ

ડિરેક્ટર્સ અને મેનેજમેન્ટની યોજનાઓ વિશેની અમારી જાણકારી અને ધારણાઓને સમર્થન આપતા પુરાવાઓની અમારી તપાસના આધારે, અમારા ધ્યાન પર એવું કંઈ આવ્યું નથી, જેના કારણે અમે માનીએ છીએ કે ઑડિટ રિપોર્ટની તારીખે કોઈપણ ભૌતિક અનિશ્ચિતતા અસ્તિત્વમાં છે જે કંપની સરવૈયાની તારીખે અને સરવૈયાની તારીખથી એક વર્ષના સમયગાળામાં બાકી રહેતી તેની વર્તમાન જવાબદારીઓને પહોંચી વળવા સક્ષમ નથી. જો કે, ભાવિ સધ્ધરતાની કોઈપણ ખાતરી અમે આપતા નથી. અમે વધુમાં જણાવીએ છીએ કે અમારો રિપોર્ટિંગ ઑડિટ રિપોર્ટની તારીખ સુધીના તથ્યો પર આધારિત છે અને અમે ન તો કોઈ ગેરેંટી આપીએ છીએ કે ન તો કોઈ ખાતરી આપીએ છીએ કે બેલેન્સ શીટની તારીખથી એક વર્ષના સમયગાળામાં બાકી રહેલી તમામ જવાબદારીઓ કંપની દ્વારા જયારે ચૂકવવાપાત્ર થાય ત્યારે ચૂકવવામાં આવશે.

**(xx)** સરવૈયાની તારીખ સુધી, કંપની પાસે અધિનિયમની કલમ ૧૩૫(૫) હેઠળ વણખર્ચાયેલી કોઈ રકમ બાકી નથી. આથી, ઓર્ડરની કલમ ૩(xx) હેઠળ રિપોર્ટિંગ લાગુ પડતું નથી.

**(xxi)** સ્ટેન્ડઅલોન નાણાંકીય પત્રકોના ઓડિટના સંદર્ભમાં ઓર્ડરની કલમ ૩(xxi) હેઠળનો અહેવાલ લાગુ પડતો નથી. આથી, આ અહેવાલમાં ઉપરોક્ત કલમના સંદર્ભમાં કોઈ ટિપ્પણી સામેલ કરવામાં આવી નથી.

**પ્રાઈઝ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપી વતી**

**(ફર્મ રજીસ્ટ્રેશન નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬)**

**રાજીવ ગોયલ**
**ભાગીદાર**
**(સભ્યપદ નં. ૦૯૪૫૪૯)**
(UDIN : 26094549YWQPAA4040)

**સ્થળ : ગુરુગ્રામ**

**તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬**

# સ્વતંત્ર ઓડિટર્સ અહેવાલનું પરિશિષ્ટ – સી

**(માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના સભ્યોને ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા વર્ષ માટેના નાણાંકીય નિવેદનો પર અમે આપેલ સ્વતંત્ર ઓડિટર્સના અમારા અહેવાલના ફકરા ૧૫ ના સંદર્ભમાં)**

(a) માલના અને સેવાઓના વેચાણથી બાકી લેણાંની રકમ નાણાંકીય પત્રકો માટેની નોંધ નં. ૧૭ માં જાહેર કર્યા અનુસાર છે. અમને આપવામાં આવેલ માહિતી અને સ્પષ્ટીકરણો અનુસાર, નોંધ નં. ૧૭માં દર્શાવેલ લેણાં સિવાય કોઈ લેણાંની વસૂલાત માટે શંકાસ્પદ ગણવામાં આવ્યા નથી.

(b) અમને આપવામાં આવેલી માહિતી અને સમજૂતીઓ અનુસાર, કંપની પાસે હાથ પર કોઈ રોકડ (કેશ ઓન હેન્ડ) રકમ નથી અને તે વર્ષના અંતે ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ કોઈપણ રોકાણ સિક્યોરિટી ધરાવતું નથી.

(c) ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધીની અસ્કયામતો તથા જવાબદારીઓની વિગત ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ વર્ષ સુધી અને એ મુજબ કંપનીના નાણાંકીય પત્રકો અનુસાર છે.

(d) અધિનિયમના XXIA પ્રકરણની લાગુ જોગવાઈઓના સંદર્ભમાં, કંપનીએ વર્ષ દરમિયાન સભ્યોને લાભો, શેરોની ટ્રાન્સફર અને હાજરીના અધિકારો, સામાન્ય અને અન્ય અનામતના સંબંધમાં વ્યવહારો કર્યા છે. અમારા અભિપ્રાયમાં અને અમને આપવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, અમે ઉપરોક્ત સંબંધમાં કંપની દ્વારા હાથ ધરવામાં આવેલ કોઈ વ્યવહારો જોયા નથી, જે અધિનિયમના પ્રકરણ XXIA ની લાગુ જોગવાઈઓથી વિરુદ્ધ હોય.

(e) અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસાઓ અનુસાર, કંપનીએ તેના નિયામકોને કોઈ લોન આપી નથી.

(f) અમને આપવામાં આવેલ માહિતી તથા સ્પષ્ટીકરણ અનુસાર, કંપનીએ વર્ષ દરમ્યાન કોઈ દાન કે લવાજમો આપેલ નથી.

(g) અમને આપવામાં આવેલી માહિતી અને ખુલાસાઓ અનુસાર, ઉપર જણાવેલ સિવાય અન્ય કોઈ બાબતો નથી.

**પ્રાઈઝ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપી વતી**
**(ફર્મ રજીસ્ટ્રેશન નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬)**

**રાજીવ ગોયલ**
**ભાગીદાર**
**(સભ્યપદ નં. ૦૯૪૫૪૯)**
(UDIN : 26094549YWQPAA4040 )

**સ્થળ : ગુરુગ્રામ**
**તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬**

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

**૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજનું સરવૈયુ**

**(રકમ રૂપિયા લાખમાં છે, સિવાય કે અલગથી જણાવ્યું હોય)**

| વિગત | નોંધ નં. | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ |
|---|---|---|---|
| **ઈક્વિટી અને જવાબદારીઓ** | | | |
| **સભાસદોનું ભંડોળ** | | | |
| શેરમૂડી | ૩ | ૪,૮૬૯.૨૯ | ૪,૭૩૭.૨૪ |
| અનામતો અને પુરાંત | ૪ | ૨૦,૭૭૫.૪૦ | ૧૭,૦૮૮.૫૯ |
| | | **૨૫,૬૪૪.૬૯** | **૨૧,૮૨૫.૮૩** |
| **વિલંબિત અનુદાન** | ૫ | **૧,૬૫૬.૧૧** | **૭૧૦.૨૮** |
| **બિન ચાલુ જવાબદારીઓ** | | | |
| અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | ૬ | ૨,૬૭૨.૪૭ | ૩,૫૯૦.૭૮ |
| લાંબાગાળાની જોગવાઈઓ | ૭ | ૯૮.૫૨ | ૪૩.૬૫ |
| | | **૨,૭૭૦.૯૯** | **૩,૬૩૪.૪૩** |
| **ચાલુ જવાબદારીઓ** | | | |
| ટૂંકા ગાળાનાં ધિરાણો | ૮ | ૧,૧૪૮.૯૫ | ૬,૦૫૭.૪૮ |
| વ્યાપારી ચૂકવણી | ૯ | | |
| -સુક્ષ્મ અને નાના સાહસો કુલ બાકી રકમ | | ૪૬૪.૦૬ | ૫૭૬.૫૭ |
| -સુક્ષ્મ અને નાના સાહસો કરતા અન્ય લેણદારોને કુલ બાકી રકમ | | ૮,૨૩૧.૭૦ | ૯,૨૯૬.૫૪ |
| અન્ય ચાલુ જવાબદારીઓ | ૧૦ | ૧,૧૧૨.૦૫ | ૧,૨૪૪.૯૭ |
| ટૂંકા ગાળાની જોગવાઈઓ | ૧૧ | ૧૪૫.૮૫ | ૨૪૬.૦૨ |
| | | **૧૧,૧૦૨.૬૧** | **૧૭,૪૨૧.૫૮** |
| **કુલ** | | **૪૧,૧૭૪.૪૦** | **૪૩,૫૯૨.૧૨** |
| **અસ્કયામતો** | | | |
| **બિન ચાલુ અસ્કયામતો** | | | |
| મિલકત, મશીન અને સાધનો અસ્થુળ અસ્કયામતો | | | |
| મિલકત, મશીન અને સાધનો | ૧૨ | ૩,૧૩૭.૫૯ | ૨,૫૫૦.૭૮ |
| અસ્થુળ અસ્કયામતો | ૧૨ | ૨૩૭.૮૫ | ૩૬૨.૨૯ |
| મૂડી કાર્ય પ્રગતિમાં | ૧૨ | ૧,૪૨૫.૧૦ | ૯૩.૨૫ |
| વિલંબિત કર સંપતિ (ચોખ્ખી) | ૧૩ | ૧૨૫.૦૨ | ૧૪૬.૨૧ |
| લાંબાગાળાના ધિરાણો અને પેશગીઓ | ૧૪ | ૫૨૮.૯૦ | ૪૨૦.૦૪ |
| અન્ય બિન-વર્તમાન અસ્કયામતો | ૧૫ | ૨,૦૮૩.૩૯ | ૭૬.૩૪ |
| | | **૭,૫૩૭.૮૫** | **૩,૬૪૮.૯૧** |
| **ચાલુ અસ્કયામતો** | | | |
| માલનો જથ્થો | ૧૬ | ૧,૮૩૧.૧૮ | ૧૨,૦૧૦.૮૨ |
| મળવાપાત્ર વ્યાપારી રકમ | ૧૭ | ૬,૯૭૭.૩૫ | ૪,૬૨૪.૪૦ |
| રોકડ અને બેન્ક સિલક | ૧૮ | ૨૩,૭૭૨.૨૬ | ૨૨,૬૫૦.૧૮ |
| ટૂંકાગાળાના ધિરાણો અને પેશગીઓ | ૧૯ | ૩૦૭.૦૩ | ૧૨૬.૦૭ |
| અન્ય ચાલુ અસ્કયામતો | ૨૦ | ૭૪૮.૭૩ | ૫૩૧.૭૪ |
| | | **૩૩,૬૩૬.૫૫** | **૩૯,૯૪૩.૨૧** |
| **કુલ** | | **૪૧,૧૭૪.૪૦** | **૪૩,૫૯૨.૧૨** |

નાણાંકીય નિવેદન સાથેની નોંધ તેનો અભિન્ન ભાગ છે.

આ સરવૈયું છે જેનો ઉલ્લેખ અમારા દ્વારા આપવામાં આવેલ અહેવાલમાં છે.

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી**

**પ્રાઈઝ વોટર હાઉસ ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ એલએલપી વતી**
પેઢી નોંધણી નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬

વિજયભાઈ ઓડેદરા
ડિરેક્ટર
(ડીન : ૦૯૨૫૪૯૮૨)

ગોગનભાઈ કંડોરીયા
ડિરેક્ટર
(ડીન : ૦૮૫૧૭૭૪૩)

રાજીવ ગોયલ
ભાગીદાર
મેમ્બરશીપ નં. ૦૯૪૫૪૯
સ્થળ : ગુરુગ્રામ
તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬

આલોક કુમાર ગુપ્તા
ચીફ એક્ઝિક્યુટિવ એન્ડ ડિરેક્ટર
(ડીન : ૦૩૧૫૯૭૪૧)

વિનય કુમાર ઈનાની
સિનિ. મેનેજર એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ

સંજય તલાટી
કંપની સેક્રેટરી
મેમ્બરશીપ નં. A૨૭૧૪૪
સ્થળ : ખંઢેરી, રાજકોટ
તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ**

CIN : U01403GJ2012PTC070646

**૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષ માટેનું નફા અને નુકસાનનું પત્રક**

**(રકમ રૂપિયા લાખમાં છે, સિવાય કે અલગથી જણાવ્યું હોય)**

| વિગત | નોંધ નં. | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ પૂરા થયેલ વર્ષ માટે | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ પૂરા થયેલ વર્ષ માટે |
|---|---|---|---|
| **આવક** | | | |
| સંચાલનમાંથી આવક | ૨૧ | ૨૧૦,૭૯૭.૨૭ | ૨૧૧,૦૮૬.૫૪ |
| અન્ય આવક | ૨૨ | ૧,૯૦૫.૭૯ | ૧,૬૫૯.૭૮ |
| **કુલ આવક** | | **૨૧૨,૭૦૩.૦૬** | **૨૧૨,૭૪૬.૩૨** |
| **ખર્ચાઓ** | | | |
| વપરાયેલ માલની કિંમત | ૨૩ | ૫૪,૧૯૬.૩૬ | ૭૮,૮૬૯.૭૧ |
| વ્યાપારી માલની ખરીદીઓ | ૨૪ | ૧૩૪,૫૦૯.૬૯ | ૧૧૦,૦૭૪.૮૪ |
| તૈયાર માલ અને વ્યાપારી માલના જથ્થામાં ફેરફાર | ૨૫ | ૪,૮૫૭.૬૫ | ૨,૭૫૦.૨૩ |
| કર્મચારી લાભોના ખર્ચ | ૨૬ | ૨,૯૦૩.૦૮ | ૩,૨૦૧.૫૩ |
| નાણાંકીય ખર્ચ | ૨૭ | ૬૯.૪૭ | ૨૦૦.૨૧ |
| ઘસારો અને વિભાજન ખર્ચ | ૨૮ | ૪૯૬.૬૬ | ૩૭૯.૬૨ |
| અન્ય ખર્ચાઓ | ૨૯ | ૧૦,૩૦૫.૯૭ | ૧૩,૪૬૬.૬૯ |
| **કુલ ખર્ચાઓ** | | **૨૦૭,૩૩૮.૮૮** | **૨૦૮,૯૪૨.૮૩** |
| **કરવેરા પહેલાનો નફો** | | **૫,૩૬૪.૧૮** | **૩,૮૦૩.૪૯** |
| **કરવેરા ખર્ચ** | | | |
| ચાલુ વેરો | | ૧,૩૪૩.૦૦ | ૯૬૬.૦૦ |
| વિલંબિત કર ઉધાર/(જમા) | | ૨૧.૧૯ | ૨.૫૫ |
| **કુલ કરવેરા ખર્ચ** | | **૧,૩૬૪.૧૯** | **૯૬૮.૫૫** |
| **વર્ષનો/સમયગાળાનો નફો** | | **૩,૯૯૯.૯૯** | **૨,૮૩૪.૯૪** |
| ઈક્વિટી શેર દીઠ આવક | | | |
| (શેર દીઠ મુળ કિંમત રૂા.૧૦૦) (માર્ચ ૩૧,૨૦૨૫: રૂા.૧૦૦) | ૩૦ | | |
| બેઝીક | | ૮૭.૦૦ | ૬૫.૧૪ |

નાણાંકીય નિવેદન સાથેની નોંધ તેનો અભિન્ન ભાગ છે.

આ નફા નુકસાન ખાતું છે જેનો ઉલ્લેખ અમારા દ્વારા આપવામાં આવેલ અહેવાલમાં છે.

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી**

**પ્રાઈઝ વોટર હાઉસ**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપી વતી**
પેઢી નોંધણી નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬

વિજયભાઈ ઓડેદરા
ડિરેક્ટર
(ડીન : ૦૯૨૫૪૯૮૨)

ગોગનભાઈ કંડોરીયા
ડિરેક્ટર
(ડીન : ૦૮૫૧૭૭૪૩)

રાજીવ ગોયલ
ભાગીદાર
મેમ્બરશીપ નં. ૦૯૪૫૪૯
સ્થળ : ગુરુગ્રામ
તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬

આલોક કુમાર ગુપ્તા
ચીફ એક્ઝિક્યુટિવ
એન્ડ ડિરેક્ટર
(ડીન : ૦૩૧૫૯૭૪૧)

વિનય કુમાર ઈનાની
સિનિ. મેનેજર એકાઉન્ટસ
એન્ડ ફાઈનાન્સ

સંજય તલાટી
કંપની સેક્રેટરી
મેમ્બરશીપ નં. A૨૭૧૪૪
સ્થળ : ખંઢેરી, રાજકોટ
તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ
CIN : U01403GJ2012PTC070646
**૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષનું રોકડ નાણાં પ્રવાહ પત્રક**
**(રકમ રૂપિયા લાખમાં છે, સિવાય કે અલગથી જણાવ્યું હોય)**

| વિગત | નોંધ નં. | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ પૂરા થયેલ વર્ષ માટે | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ પૂરા થયેલ વર્ષ માટે |
|---|---|---|---|
| **એ. સંચાલન પ્રવૃત્તિઓમાંથી નાણાનો પ્રવાહ** | | | |
| કરવેરા પહેલાનો નફો | | ૫,૩૬૪.૧૮ | ૩,૮૦૩.૪૯ |
| **હવાલાઓ:** | | | |
| ઘસારો અને વિભાજન ખર્ચ | ૨૮ | ૪૯૬.૬૬ | ૩૭૯.૬૨ |
| જવાબદારી કે જે પાછી લખવાની જરૂર નથી | ૨૨ | (૧૭.૮૭) | (૩.૨૬) |
| સ્થિર અસ્કયામતોના વેચાણ પર ચોખ્ખો નફો | ૨૨ | (૮.૭૬) | (૭.૪૭) |
| વ્યાજની આવક | ૨૨ | (૧,૮૩૧.૮૭) | (૧,૫૩૮.૪૩) |
| નાણાંકીય ખર્ચ | ૨૭ | ૬૭.૬૭ | ૧૯૮.૪૦ |
| **સંચાલકીય અસ્કયામત અને જવાબદારી પહેલાનો સંચાલકીય પ્રવૃત્તિઓનો નફો** | | **૪,૦૭૦.૦૧** | **૨,૮૩૨.૩૫** |
| **સંચાલકીય અસ્કયામત અને જવાબદારીમાં ફેરફાર** | | | |
| અન્ય બિન-વર્તમાન અસ્કયામતોમાં (વધારો)/ઘટાડો | | (૨,૦૦૭.૦૫) | ૩.૫૦ |
| ટૂંકાગાળાની લોન અને એડવાન્સિસમાં (વધારો)/ઘટાડો | | (૧૮૦.૯૬) | (૩૭.૨૦) |
| માલના જથ્થામાં (વધારો)/ઘટાડો | | ૧૦,૧૭૯.૬૪ | ૭,૭૬૪.૯૬ |
| મળવાપાત્ર વ્યાપારી રકમમાં (વધારો)/ઘટાડો | | (૨,૩૫૨.૯૫) | (૧,૨૭૧.૨૫) |
| અન્ય ચાલુ સંપતિમાં (વધારો)/ઘટાડો | | (૨૦૭.૪૪) | – |
| અન્ય લાંબા ગાળાની જવાબદારીઓમાં વધારો/(ઘટાડો) | | (૯૧૮.૩૧) | ૧૨૭.૪૫ |
| લાંબા ગાળાની જોગવાઈઓમાં વધારો/(ઘટાડો) | | ૫૪.૮૭ | ૨૨.૨૧ |
| ટૂંકા ગાળાની જોગવાઈઓમાં વધારો/(ઘટાડો) | | (૧૦૦.૧૭) | ૧૨.૦૪ |
| વ્યાપારિક ચૂકવણીમાં વધારો/(ઘટાડો) | | (૧,૧૫૯.૪૮) | ૪૦૧.૪૩ |
| અન્ય વર્તમાન જવાબદારીઓમાં વધારો/(ઘટાડો) | | (૨૭૩.૫૫) | ૧૨૭.૪૪ |
| **સંચાલનમાં ઉપયોગમાં લીધેલ રોકડ** | | **૭,૧૦૪.૬૧** | **૯,૯૮૨.૯૩** |
| આવક પરનો ચોખ્ખો વેરો | | (૧,૪૫૧.૮૬) | (૯૧૩.૬૮) |
| **સંચાલન પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવેલ ચોખ્ખી રોકડનો પ્રવાહ** | **(એ)** | **૫,૬૫૨.૭૫** | **૯,૦૬૯.૨૫** |
| **બી. રોકાણ પ્રવૃત્તિઓમાંથી નાણાનો પ્રવાહ** | | | |
| સ્થાયી અસ્થુળ અને કેપીટલ વર્કઈન પ્રોગ્રેસ અસ્કયામતોની ખરીદી | | (૨,૩૨૮.૪૫) | (૧,૨૩૬.૧૭) |
| સ્થાયી અસ્કયામતોનું વેચાણ | | ૩૪.૧૩ | ૯.૭૫ |
| વર્ષ દરમ્યાન પ્રાપ્ત મૂડી અનુદાન | | ૮૮૫.૭૨ | ૦.૭૨ |
| મૂડી ખર્ચ કરતાં વધું ખર્ચ કરાયેલ ગ્રાન્ટ | | ૨૨૬.૦૦ | (૩૨.૧૫) |
| બેંકોમાં થાપણોમાંથી મળેલી રકમ | | ૧૯,૫૧૯.૯૬ | ૧૦,૯૬૦.૦૯ |
| બેંકોમાં થાપણોમાં રોકાણ | | (૨૧,૨૪૮.૦૦) | (૧૯,૫૨૦.૦૦) |
| મળેલ વ્યાજ | | ૧,૮૨૨.૩૨ | ૧,૪૨૧.૯૮ |
| **રોકાણ પ્રવૃત્તિઓમાં વપરાયેલી ચોખ્ખી રોકડનો પ્રવાહ** | **(બી)** | **(૧,૦૮૮.૩૨)** | **(૮,૩૯૫.૭૮)** |
| **સી. નાણાંકીય પ્રવૃત્તિઓમાંથી રોકડ નાણાંનો પ્રવાહ** | | | |
| ઈક્વિટી શેરના ઈશ્યૂથી થતી આવક (સિક્યોરિટીઝ પ્રીમિયમ સહિત) | | ૮૦૨.૮૩ | ૯૫૬.૬૭ |
| રદ કરાયેલા/સરેન્ડર કરાયેલા ઈક્વિટી શેરની ચુકવણી (સિક્યોરિટીઝ પ્રીમિયમ સહિત) | | (૫૧૦.૨૪) | (૩૫૨.૨૮) |
| ચૂકવેલ ડિવિડન્ડ | | (૪૭૪.૩૯) | (૩૯૬.૬૨) |
| ચૂકવેલ નાણાંકીય ખર્ચ | | (૭૯.૩૫) | (૧૮૫.૨૮) |
| ટૂંકાગાળાના ઉધાર/ઉધારની ચૂકવણી | | (૪,૯૦૮.૫૩) | (૧,૦૯૦.૩૦) |
| **નાણાંકીય પ્રવૃત્તિઓમાં વપરાયેલી ચોખ્ખી રોકડનો પ્રવાહ-** | **(સી)** | **(૫,૧૬૯.૬૮)** | **(૧,૦૬૭.૮૧)** |
| **રોકડ અને રોકડ સમતૂલ્યમાં ચોખ્ખો ઘટાડો** | **(એ+બી+સી)** | **(૬૦૫.૨૫)** | **(૩૯૪.૩૫)** |
| વર્ષની શરૂઆતમાં રોકડ અને રોકડ સમતૂલ્યો | | ૩,૧૨૬.૦૧ | ૩,૫૨૦.૩૬ |
| **વર્ષના અંતમાં રોકડ અને રોકડ સમતૂલ્યો** | | **૨,૫૨૦.૭૬** | **૩,૧૨૬.૦૧** |
| **રોકડ અને રોકડ સમતૂલ્યોના ઘટકો** | ૧૮ | | |
| બેન્કસ સાથેની સિલકો | | | |
| – ચાલુ ખાતાઓમાં | | ૨૦.૭૬ | ૧૨૬.૦૧ |
| – ડિમાન્ડ ડિપોઝિટ (૩ મહિનાથી ઓછી પાકતી મુદત) | | ૨,૫૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| | | **૨,૫૨૦.૭૬** | **૩,૧૨૬.૦૧** |

૧. નાણાં પ્રવાહ એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ-૩માં દર્શાવ્યા મુજબ પરોક્ષ પદ્ધતિ હેઠળ તૈયાર કરવામાં આવ્યું છે.
૨. કૌંસના આંકડા રોકડ નાણાં પ્રવાહ પત્રક ઘટાડો સૂચવે છે.
આ રોકડ નાણાં પ્રવાહ પત્રક છે. જેનો ઉલ્લેખ અમારા દ્વારા આપવામાં આવેલ અહેવાલમાં છે.

**પ્રાઈઝ વોટર હાઉસ**
**ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ એલએલપી વતી**
પેઢી નોંધણી નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬

રાજીવ ગોયલ
ભાગીદાર
મેમ્બરશીપ નં. ૦૯૪૫૪૯
સ્થળ : ગુરુગ્રામ
તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી**

વિજયભાઈ ઓડેદરા
ડિરેક્ટર
(ડીન : ૦૯૨૫૪૯૮૨)

ગોગનભાઈ કંડોરીયા
ડિરેક્ટર
(ડીન : ૦૮૫૧૭૭૪૩)

આલોક કુમાર ગુપ્તા
ચીફ એક્ઝિક્યુટિવ
એન્ડ ડિરેક્ટર
(ડીન : ૦૩૧૫૯૭૪૧)

વિનય કુમાર ઈનાની
સિનિ. મેનેજર એકાઉન્ટસ
એન્ડ ફાઈનાન્સ

સંજય તલાટી
કંપની સેક્રેટરી
મેમ્બરશીપ નં. A૨૭૧૪૪
સ્થળ : ખંઢેરી, રાજકોટ
તારીખ : ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

### ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

**૧. કંપની માહિતીઃ**

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ ("કંપની")ની સ્થાપના કંપનીઝ એકટ, ૧૯૫૬ ના ભાગ IXA હેઠળ ૭મી જૂન, ૨૦૧૨ના રોજ થઈ હતી.

કંપની ગુજરાતના ગામડાંઓમાંથી દૂધ સંપાદન કેન્દ્રો દ્વારા દૂધ ઉત્પાદકો પાસેથી દૂધની સીધી જ ખરીદી કરે છે અને કંપની કાચા દૂધનો પણ વેપાર કરે છે અને મેળવેલ દૂધ પર પ્રક્રિયા કરી પોલીપેક મિલ્ક (પીપીએમ), છાશ, ઘી, દહીં, શ્રીખંડ, પનીર, ફલેવર્ડ મિલ્ક, લસ્સી, સ્કીમ્ડ મિલ્ક પાવડર અને વ્હાઈટ બટર બનાવી વેચાણ કરે છે. કંપની પશુદાણ મિનરલ મિક્ષ્ચર પણ બનાવે છે અને એનીમલ સીમેનનો પણ વેપાર કરે છે. જે ગુણવત્તામાં વધારો કરે છે અને પશુનું સ્વાસ્થય પણ સારૂ રાખે છે જેથી દુધ ઉત્પાદકતામાં વધારો થાય છે.

**૨. અગત્યની હિસાબી નીતિઓઃ**

**૨.૧ હિસાબોનો મૂળભૂત આધારઃ**

આ નાણાંકીય પત્રકો ઐતિહાસિક ખર્ચ પરંપરા હેઠળ સ્વાભાવિક વૃદ્ધિના આધારે સામાન્ય રીતે સ્વીકૃત એકાઉન્ટિંગ સિધ્ધાંતો અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે. આ નાણાંકીય પત્રકો કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૩૩ અને અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ નિર્દિષ્ટ કંપનીઝ (એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ) નિયમો, ૨૦૨૧ હેઠળ સૂચિત એકાઉન્ટિંગ ધોરણો સાથે તમામ ભૌતિક પાસાઓનું પાલન થાય તે મુજબ તૈયાર કરવામાં આવ્યા છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ના અનુસૂચિ III (ભાગ-I) માં નિર્ધારિત કંપનીના કામગીરીના સમય અને અન્ય માપદંડો અનુસાર તમામ અસ્કયામતો અને જવાબદારીઓને વર્તમાન અથવા બિન-વર્તમાન તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. ઉત્પાદનોની પ્રકૃતિ અને પ્રોસેસિંગ માટે અસ્કયામતોનું સંપાદન અને રોકડ અને રોકડ સમકક્ષમાં તેમની પ્રાપ્તિ વચ્ચેના સમયના આધારે, કંપનીએ અસ્કયામતો અને જવાબદારીઓના વર્તમાન-બિન-વર્તમાન વર્ગીકરણના હેતુ માટે તેની કામગીરીનું સમય ૧૨ મહિનાનું નક્કી કર્યુ છે.

**૨.૨ મિલકત, પ્લાન્ટ અને સાધનોઃ**

મિલકત, પ્લાન્ટ અને સાધનોની કિંમત, ચોખ્ખી સંચિત ઘસારાની અને સંચિત ક્ષતિની ખોટ, જો કોઈ હોય તો, તે બાદ કરીને લેવામાં આવે છે. મિલકત, પ્લાન્ટ અને સાધનોની કિંમતમાં આયાત કર અને નોન-રીફંડપાત્ર કર સહિતની રકમનો સમાવેશ થાય છે, અને મિલકતને તેના ઉપયોગના સ્થાન પર લઈ જવાના અને સંચાલન મંડળ દ્વારા નિર્ધારિત શરત પર કાર્યક્ષમ બનાવવા માટે કરવામાં આવેલા સીધા આભારી ખર્ચનો સમાવેશ થાય છે. જો જરૂરી માપદંડને પૂર્ણ કરવામાં આવે તો મિલકત, પ્લાન્ટ અને સાધનસામગ્રીને લગતા અનુગામી ખર્ચને મિલકત, પ્લાન્ટ અને સાધનસામગ્રીની મૂળ રકમમાં દર્શાવવામાં આવે છે.

મિલકત, પ્લાન્ટ અને સાધનસામગ્રીની કોઈ વસ્તુ નિકાલ પર અથવા જ્યારે તેના ઉપયોગ અથવા નિકાલથી ભવિષ્યમાં કોઈ આર્થિક લાભની અપેક્ષા ન હોય ત્યારે તેવી મિલકતની માન્યતા રદ કરવામાં આવે છે. માન્યતા રદ કરવાથી થતા લાભ અથવા નુકસાનને નફા અને નુકસાનના નિવેદનમાં ઓળખવામાં આવે છે.

**૨.૩ ઘસારોઃ**

અસ્કયામતો પરનો ઘસારો અસ્કયામતોના અંદાજિત ઉપયોગી જીવન પર સીધીલીટીની પધ્ધતિના આધારે પ્રદાન કરવામાં આવે છે, જે અસ્કયામતોના હેતુ, તેમના ઉપયોગનો અંદાજિત સમય અને સંચાલનને ધ્યાનમાં લેતા મેનેજમેન્ટના નિષ્ણાંત દ્વારા હાથ ધરવામાં આવેલા તકનીકી મૂલ્યાંકનના આધારે કરવામાં આવે છે. જો ઘસારાની રકમ અન્ય કોઈપણ

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

મિલ્કતોની મૂળ રકમમાં સામેલ ન હોય તો ઘસારાની રકમને નફા અને નુકસાનના પત્રકમાં દર્શાવવમાં આવે છે. ઉપયોગી આયુષ્ય, અવશેષ મૂલ્ય અને અવમૂલ્યન પધ્ધતિની ઓછામાં ઓછી દરેક નાણાંકીય વર્ષના અંતે સમીક્ષા કરવામાં આવે છે. જો અપેક્ષાઓ અગાઉના અંદાજોથી અલગ હોય, તો ફેરફારોને સંભવિત રીતે એકાઉન્ટિંગ અંદાજમાં ફેરફાર તરીકે ગણવામાં આવે છે.

**મિલકત, પ્લાન્ટ અને સાધનના ઉપયોગી આયુષ્યનો અંદાજ નીચે મુજબ છે:**

| **એસેટ્સ** | **અનુસુચિ-II મુજબ ઉપયોગી આયુષ્ય (વર્ષમાં)** | **મેનેજમેન્ટના અંદાજ મુજબ ઉપયોગી આયુષ્ય (વર્ષમાં)** |
|---|---|---|
| ઈમારત/ભવન | ૩૦ | ૨૦ |
| પ્લાન્ટ અને મશીનરી | ૧૫ | ૩–૨૫ |
| ઓફિસ સાધનો | ૫ | ૫ |
| ફર્નીચર અને ફિક્ષ્ચર્સ | ૧૦ | ૧૦ |
| કોમ્પ્યુટર | ૩ | ૩ |

**૨.૪ અસ્થુળ અસ્કયામતો:**

અસ્થુળ અસ્કયામતોની કિંમત, ચોખ્ખી સંચિત ઘસારાની અને સંચિત ક્ષતિની ખોટ, જો કોઈ હોય તો, તે બાદ કરીને લેવામાં આવે છે. અસ્થુળ અસ્કયામતો તેમના અંદાજિત ઉપયોગી આયુષ્ય પર સીધીલીટીની પધ્ધતિના ધોરણે ઘસારો પ્રદાન કરવામાં આવે છે. ખંડન કરી શકાય તેવી ધારણા મુજબ અસ્થુળ સંપત્તિનું ઉપયોગી આયુષ્ય જ્યારે સંપત્તિ ઉપયોગ માટે ઉપલબ્ધ હોય તે તારીખથી ૧૦ વર્ષથી વધુ નહીં હોય તે મુજબ મેનેજમેન્ટ દ્વારા ગણવામાં આવે છે. ઘસારાનો સમયગાળો અને ઘસારાની પધ્ધતિની સમીક્ષા ઓછામાં ઓછી દરેક નાણાંકીય વર્ષના અંતે કરવામાં આવે છે. જો સંપત્તિનું અપેક્ષિત ઉપયોગી આયુષ્ય અગાઉના અંદાજો કરતા નોંધપાત્ર રીતે અલગ હોય, તો ઘસારાનો સમયગાળો તે મુજબ બદલાય છે.

અસ્થુળ સંપત્તિના માંડવાળ અથવા નિકાલથી ઉદ્‌ભવતા લાભો અથવા નુકસાનને ચોખ્ખી નિકાલની આવક અને સંપત્તિની મૂળ રકમ વચ્ચેના તફાવત તરીકે નિર્ધારિત કરવામાં આવે છે અને નફા અને નુકસાનના પત્રકમાં આવક અથવા ખર્ચ તરીકે દર્શાવવામાં આવે છે. અસ્થુળ સંપત્તિનું અંદાજિત ઉપયોગી આયુષ્ય નીચે મુજબ છે:

| **એસેટ્સ** | **અનુસુચિ-II મુજબ ઉપયોગી આયુષ્ય (વર્ષમાં)** | **મેનેજમેન્ટના અંદાજ મુજબ ઉપયોગી આયુષ્ય (વર્ષમાં)** |
|---|---|---|
| કોમ્પ્યુટર સોફ્ટવેર | લાગુ પડતું નથી | ૩ |

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

**૨.૫ ઋણના ખર્ચ:**

ઋણના ખર્ચમાં વ્યાજ, ઋણ લેવાના સંબંધમાં થતા અન્ય ખર્ચનો સમાવેશ થાય છે. લાયકાત ધરાવતી અસ્કયામતોના સંપાદન, બાંધકામ અથવા ઉત્પાદનને સીધી રીતે આભારી સામાન્ય અને ચોક્કસ ઉધાર ખર્ચ, જે એવી અસ્કયામતો છે કે જે તેમના હેતુપૂર્વકના ઉપયોગ અથવા વેચાણ માટે તૈયાર થવા માટે જરૂરી સમયનો નોંધપાત્ર સમય લે છે, તેવા ઋણ ખર્ચ જ્યાં સુધી અસ્કયામતો તેમના હેતુપૂર્વકના ઉપયોગ અથવા વેચાણ માટે પૂરતા પ્રમાણમાં તૈયાર ના હોય ત્યાં સુધી અસ્કયામતોની કિંમતમાં ઉમેરવામાં આવે છે. અન્ય તમામ ઋણ ખર્ચ જે સમયગાળામાં કરવામાં આવે છે તે સમયગાળામાં નફા અને નુકસાનના નિવેદનમાં ઓળખવામાં આવે છે.

**૨.૬ સંપત્તિની ક્ષતિ:**

દરેક બેલેન્સ શીટની તારીખે, સંપત્તિ (સ્થુળ અને અસ્થુળ)માં કંઈપણ ક્ષતિ થઇ છે કે કેમ તે અંગેના સંકેતનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જો આવો કોઈ સંકેત હોય તો, સંપત્તિ/રોકડ પેદા કરતા એકમ (CGU)ની વસૂલાત પાત્ર રકમનો અંદાજ બનાવવામાં આવે છે. પુનઃપ્રાપ્તિપાત્ર રકમ, એસેટસ અથવા CGU ની ચોખ્ખી વેચાણ કિંમત અને તેના ઉપયોગના મૂલ્ય, એમ જે વધુ હશે તે મુજબની રહેશે. એસેટસના ઉપયોગનું મૂલ્ય એ સંપત્તિના સતત ઉપયોગથી અને તેના ઉપયોગી આયુષ્યના અંતે તેના નિકાલથી ઉદ્ભવે તેવી અપેક્ષા અંદાજિત ભાવિ રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય છે. ક્ષતિનું મૂલ્યાંકન કરવાના હેતુસર, વસૂલાતપાત્ર રકમ વ્યક્તિગત સંપત્તિ માટે નક્કી કરવામાં આવે છે, સિવાય કે સંપત્તિ રોકડ પ્રવાહ પેદા કરતી નથી જે મોટાભાગે અન્ય અસ્કયામતો અથવા અસ્કયામતોના ગ્રુપથી સ્વતંત્ર છે. અસ્કયામતોના સૌથી નાના ઓળખી શકાય તેવા ગ્રુપ કે જે સતત ઉપયોગથી રોકડ પ્રવાહ પેદા કરે છે જે મોટાભાગે અન્ય અસ્કયામતો અથવા અસ્કયામતોના ગ્રુપોમાંથી પેદા થતા રોકડ પ્રવાહથી સ્વતંત્ર છે, તેને CGU તરીકે ગણવામાં આવે છે. સંપતિ અથવા CGU કે જેની વર્તમાન મૂલ્ય તેની વસૂલાતપાત્ર રકમ કરતાં વધી જાય તેને ક્ષતિગ્રસ્ત ગણવામાં આવે છે અને તેવી સંપતિને વસૂલાતપાત્ર રકમથી દર્શાવવામાં આવે છે. મૂલ્યાંકન દરેક બેલેન્સ શીટની તારીખે પણ કરવામાં આવે છે કે શું ત્યાં કોઈ સંકેત છે કે અગાઉના નાણાંકીય સમયગાળામાં સંપતિ માટે માન્યતા પ્રાપ્ત ક્ષતિની ખોટ હવે અસ્તિત્વમાં નથી અથવા ઘટી શકે છે. ક્ષતિની ખોટ એ હદે ઉલટાવી દેવામાં આવે છે કે સંપતિની વર્તમાન રકમ જે અગાઉ કોઈ ક્ષતિની ખોટ ઓળખવામાં આવી ન હોય તો તે મુજબ નક્કી કરવામાં આવેલ સંપતિની વર્તમાન રકમ કરતાં વધુ ન હોય.

**૨.૭ માલના જથ્થા:**

માલના જથ્થાની કિંમત તેની ખરીદ કિંમત અને ચોખ્ખી મળવાપાત્ર મૂલ્યમાં જે ઓછું હોય તે મુજબ દર્શાવવામાં આવી છે. ભારિત સરેરાશ પધ્ધતિનો ઉપયોગ કરીને કિંમત નક્કી કરવામાં આવે છે. તૈયાર માલની કિંમતમાં કાચો માલ, પ્રત્યક્ષ મજૂરી, અન્ય પ્રત્યક્ષ ખર્ચ, સંબંધિત ઉત્પાદન ઓવરહેડ અને માલના જથ્થાને તેમના હાલના સ્થાન અને સ્થિતિમાં લાવવામાં થયેલ અન્ય ખર્ચનો સમાવેશ થાય છે. ચોખ્ખુ મળવાપાત્ર મૂલ્ય એ વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં અંદાજિત વેચાણ કિંમત છે, જે માલના જથ્થાને પૂર્ણ થવા માટે લગતા અંદાજિત ખર્ચ અને વેચાણ કરવા માટે જરૂરી અંદાજિત ખર્ચ બાદ કર્યા પછીની કિંમત છે.

**૨.૮ આવકની ઓળખ:**

**માલનું વેચાણ**

વેચાણ ત્યારે માનવામાં આવે છે જ્યારે માલની માલિકીને લગતા નોંધપાત્ર જોખમો અને લાભો કરારની શરતો અનુસાર ખરીદનારને તબદીલ

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

કરવામાં આવે, જેમાં વેપાર ડિસ્કાઉન્ટ, રિબેટ અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને બાદ કરીને, જે માલની ડિલિવરી સાથે એકરૂપ હોય છે.

**અન્ય આવક**

વ્યાજની આવક બાકી રકમ અને લાગુ પડતા દરને ધ્યાનમાં લઈને સમયના પ્રમાણના આધારે ઓળખવામાં આવે છે.

**૨.૯ કર્મચારી લાભઃ**

**પ્રોવિડન્ટ ફંડ**

કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડમાં યોગદાન રેગ્યુલેટરી ઓથોરિટીઝને આપવામાં આવે છે, જ્યાં કંપનીની કોઈ વધુ જવાબદારી નથી. આવા લાભોને નિર્ધારિત યોગદાન યોજનાઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે કારણ કે કંપની માસિક ધોરણે કરેલા યોગદાન સિવાય અન્ય કોઈ જવાબદારીઓ વહન કરતી નથી.

**ગ્રેચ્યુઈટી**

કંપની ૨૧ નવેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવેલ લેબર કોડ્સના નોટિફિકેશનને અનુરૂપ, સોશિયલ સિક્યુરિટી કોડ, ૨૦૨૦ અનુસાર પાત્ર કર્મચારીઓને આવરી લેતી એક વ્યાખ્યાયિત લાભ યોજના (ગ્રેચ્યુઈટી પ્લાન) માટે ગ્રેચ્યુઈટીની જોગવાઈ કરે છે. આ ગ્રેચ્યુઈટી પ્લાન નિવૃત્તિ, મૃત્યુ, અસમર્થતા, અથવા રોજગાર સમાપ્ત થવા પર નિહિત કર્મચારીઓને એકસાથે રકમ ચૂકવે છે, જે કર્મચારીના પગાર અને સેવાના કાર્યકાળ પર આધારિત હોય છે. કંપનીની જવાબદારી દર વર્ષના અંતે એક સ્વતંત્ર એક્યુઅરી દ્વારા (પ્રોજેક્ટેડ યુનિટ ક્રેડિટ પદ્ધતિનો ઉપયોગ કરીને) નક્કી કરવામાં આવે છે. એક્યુઅરિયલ નુકસાન/લાભ જે વર્ષમાં થાય તે જ વર્ષમાં નફા-નુકસાનના પત્રકમાં માન્ય કરવામાં આવે છે. ભૂતકાળની સેવાના ખર્ચના સંદર્ભમાં લેબર કોડ્સના અમલીકરણને કારણે ગ્રેચ્યુઈટીની જવાબદારીમાં થતો કોઈ પણ વધારો, લાભો અગાઉથી નિહિત થઈ ગયા હોય તેટલા અંશે નફા-નુકસાનના પત્રકમાં તાત્કાલિક માન્ય કરવામાં આવે છે, અને બિન-નિહિત હિસ્સા માટે નિહિત સમયગાળા દરમિયાન નફા-નુકસાનના પત્રકમાં માન્ય કરવામાં આવે છે. ગ્રેચ્યુઈટી પ્લાન ફંડેડ છે અને તેનું સંચાલન ભારતીય જીવન વીમા નિગમ (LIC) દ્વારા કરવામાં આવે છે. LIC ને કરવામાં આવેલ યોગદાનને પ્લાન સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે. બેલેન્સ શીટમાં દર્શાવવામાં આવેલી વ્યાખ્યાયિત લાભની જવાબદારી એ વ્યાખ્યાયિત લાભની જવાબદારીના વર્તમાન મૂલ્યમાંથી પ્લાન સંપત્તિનું વાજબી મૂલ્ય બાદ કર્યા પછીની રકમ દર્શાવે છે.

**ગેરહાજરીમાં આપવામાં આવતું વળતર**

સંચિત ગેરહાજરીમાં આપવાના વળતરની, જે વર્ષના અંતથી ૧૨ મહિનાની અંદર મેળવવાની અથવા રોકડ કરવામાં આવે તેવી અપેક્ષા છે તેને ટૂંકા ગાળાના કર્મચારી લાભો તરીકે ગણવામાં આવે છે. તેના પ્રત્યેની જવાબદારીને ગેરહાજરી પર ના વળતરના સંચિત કરવાના અપેક્ષિત ખર્ચ પર માપવામાં આવે છે કારણ કે વર્ષના અંતમાં બિન ઉપયોગી હકદારીના પરિણામે અપેક્ષિત વધારાની રકમ ચૂકવવામાં આવે છે.

સંચિત ગેરહાજરી પર વળતર, જેનો લાભ મળવાની અથવા રોકડ કરવામાં આવે તેવી અપેક્ષા વર્ષના અંતથી ૧૨ મહિના પછી છે તો તેને અન્ય લાંબા ગાળાના કર્મચારી લાભો તરીકે ગણવામાં આવે છે. કંપનીની જવાબદારી વાસ્તવમાં (પ્રોજેકટેડ યુનિટ ક્રેડિટ પદ્ધતિનો ઉપયોગ કરીને) દરેક વર્ષના અંતે નક્કી કરવામાં આવે છે. એક્ચ્યુરીયલ નુકસાન/નફો જે વર્ષમાં તેઓ ઉદ્‌ભવે છે તે વર્ષમાં નફા અને નુકસાનના નિવેદનમાં ઓળખવામાં આવે છે.

સંચિત ગેરહાજરી પર ના વળતરની જવાબદારીનું ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તેનું સંચાલન ભારતીય જીવન વીમા નિગમ (LIC) દ્વારા કરવામાં આવે છે. LICમાં આપેલા યોગદાનને પ્લાન એસેટ તરીકે ઓળખવામાં આવે છે. સંચિત ગેરહાજરી પર વળતરની જવાબદારી બેલેન્સ શીટમાં ઓળખવામાં આવે છે તે સંચિત

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

ગેરહાજરી પર વળતરની જવાબદારીનું વર્તમાન મૂલ્ય દર્શાવે છે જે યોજનાની સંપત્તિના વાજબી મૂલ્યને બાદ કાર્ય પછીની રકમ રજૂ કરે છે.

**૨.૧૦ વર્તમાન અને વિલંબિત કરઃ**

આ સમયગાળા માટેનો કર ખર્ચ, વર્તમાન કર અને વિલંબિત કરનો સમાવેશ થાય છે, તે સમયગાળા માટેના ચોખ્ખા નફા અથવા નુકસાનના નિર્ધારણમાં સમાવેશ થાય છે. વર્તમાન કર પ્રવર્તમાન કરવેરા કાયદા અનુસાર ટેક્ષ ઓથોરિટીઝને ચૂકવવામાં આવનાર રકમ પર માપવામાં આવે છે.

વિલંબિત કરને સમયના તમામ તફાવતો માટે ઓળખવામાં આવે છે, જે વિલંબિત કર સંપત્તિના સંદર્ભને આધિન છે. વિલંબિત કરવેરા અસ્કયામતોને માત્ર એટલી હદે ઓળખવામાં આવે છે અને આગળ વહન કરવામાં આવે છે જ્યાં સુધી વાજબી નિશ્ચિતતા હોય કે પર્યાપ્ત ભાવિ કરપાત્ર આવક ઉપલબ્ધ હશે જેની સામે આવી વિલંબિત કર અસ્કયામતો હોઈ શકે છે. બેલેન્સ શીટની તારીખે ઘડાયેલ છે અથવા નોંધપાત્ર રીતે ઘડાયેલ છે તેવા કર દરો અને કર કાયદાનો ઉપયોગ કરીને વિલંબિત કર અસ્કયામતો અને જવાબદારીઓ માપવામાં આવે છે.

વર્તમાન કર અસ્કયામતો અને વર્તમાન કર જવાબદારીઓ ઓફસેટ થાય છે જ્યારે માન્ય રકમને સેટ ઓફ કરવાનો કાયદેસર રીતે લાગુ કરવાનો અધિકાર હોય છે અને સંપત્તિ અને જવાબદારીને ચોખ્ખા ધોરણે પતાવટ કરવાનો હેતુ હોય છે. વિલંબિત કર અસ્કયામતો અને વિલંબિત કર જવાબદારીઓ ઑફસેટ થાય છે જ્યારે વર્તમાન કરનું પ્રતિનિધિત્વ કરતી જવાબદારીઓ સામે અસ્કયામતો સેટ ઑફ કરવાનો કાયદેસર રીતે લાગુ કરવાનો અધિકાર હોય છે અને જ્યાં વિલંબિત કર અસ્કયામતો અને વિલંબિત કર જવાબદારીઓ સમાન સંચાલિત કરવેરા કાયદા દ્વારા લાદવામાં આવતી આવક પરના કર સાથે સંબંધિત હોય છે.

**૨.૧૧ જોગવાઈઓ અને આકસ્મિક જવાબદારીઓઃ**

**જોગવાઈઓ**

ભૂતકાળની ઘટનાના પરિણામે વર્તમાન જવાબદારી હોય ત્યારે જોગવાઈઓને ઓળખવામાં આવે છે, સંભવ છે કે આર્થિક લાભોને સમાવિષ્ટ કરતા સંસાધનોના પ્રવાહની જવાબદારીની પતાવટ કરવાની જરૂર પડશે અને જવાબદારીની રકમનો વિશ્વસનીય અંદાજ છે. જોગવાઈઓ બેલેન્સ શીટની તારીખે વર્તમાન જવાબદારીની પતાવટ કરવા માટે જરૂરી ખર્ચના શ્રેષ્ઠ અંદાજ પર માપવામાં આવે છે અને તેના વર્તમાન મૂલ્યમાં કોઈપણ ઘટાડો કરવામાં આવતો નથી.

**આકસ્મિકતાઓ**

આકસ્મિક જવાબદારીઓ ત્યારે જાહેર કરવામાં આવે છે જ્યારે ભૂતકાળની ઘટનાઓમાંથી સંભવિત જવાબદારી ઊભી થાય છે, જેના અસ્તિત્વની પુષ્ટિ માત્ર એક અથવા વધુ અનિશ્ચિત ભાવિ ઘટનાઓની ઘટના અથવા બિન-ઘટના દ્વારા કરવામાં આવશે જે સંપૂર્ણપણે કંપનીના નિયંત્રણમાં નથી અથવા વર્તમાન જવાબદારી કે જે ભૂતકાળની ઘટનાઓમાંથી ઉદ્ભવે છે જ્યાં સંભવ નથી કે સંસાધનોના પ્રવાહને સ્થાયી કરવા જરૂરી છે અથવા તો રકમનો વિશ્વસનીય અંદાજ કરી શકાતો નથી.

**૨.૧૨ અંદાજોનો ઉપયોગઃ**

ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત નાણાંકીય સિધ્ધાંતોને અનુરૂપ નાણાંકીય પત્રકોની તૈયારી માટે મેનેજમેન્ટે અંદાજો અને ધારણાઓ બનાવવાની જરૂર છે જે સરવૈયાની તારીખ મુજબની અસ્કયામતો અને જવાબદારીઓની નોંધાયેલી રકમ, વર્ષ માટે આવક અને ખર્ચની નોંધાયેલી રકમ અને સરવૈયાની તારીખ મુજબ આકસ્મિક જવાબદારીઓને અસર કરે છે. આ

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

નાણાંકીય પત્રકોમાં વપરાતા અંદાજો અને ધારણાઓ નાણાંકીય પત્રકોની તારીખથી સંબંધિત તથ્યો અને સંજોગોના મેનેજમેન્ટના મૂલ્યાંકન પર આધારિત છે. વાસ્તવિક પરિણામો આ અંદાજોથી અલગ હોઈ શકે છે અને વાસ્તવિક પરિણામો અને અંદાજો વચ્ચેના તફાવતને તે સમયગાળામાં ઓળખવામાં આવે છે જયારે પરિણામો જાણીતા/મટીરિયલાઈઝ થાય છે.

### ૨.૧૩ લીઝ:

**ઓપરેટિંગ લીઝ**

લીઝ કે જેમાં જોખમો અને માલિકીના લાભોનો નોંધપાત્ર હિસ્સો ભાડે આપનાર દ્વારા જાળવી રાખવામાં આવે છે તેને ઓપરેટિંગ લીઝ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. ઓપરેટિંગ લીઝ હેઠળ કરવામાં આવેલી ચૂકવણીઓ લીઝના સમયગાળા દરમિયાન સીધા-લાઈનના ધોરણે નફા અને નુકસાનના પત્રકમાં દર્શાવવામાં આવે છે.

### ૨.૧૪ રોકડ અને રોકડ સમતુલ્યો:

કેશ ફ્લો સ્ટેટમેન્ટમાં, રોકડ અને રોકડ સમકક્ષમાં હાથમાં રોકડ, બેંકો પાસે ડિમાન્ડ ડિપોઝિટ, ૩ મહિના કે તેથી ઓછી મુદતની મૂળ પરિપક્વતા સાથે અન્ય ટૂંકા ગાળાના ખુબજ પ્રવાહી રોકાણોનો સમાવેશ થાય છે.

### ૨.૧૫ શેર દીઠ આવક:

શેર દીઠ મૂળભૂત કમાણીની ગણતરી એ સમયગાળા દરમિયાન બાકી રહેલા ઈક્વિટી શેરોની ભારિત સરેરાશ સંખ્યા દ્વારા ઈક્વિટી શેરધારકોને આભારી સમયગાળા માટેના ચોખ્ખા નફા અથવા નુકસાનને વિભાજિત કરીને કરવામાં આવે છે. શેર દીઠ ડાયલ્યુટેડ કમાણીની ગણતરી કરવાના હેતુસર, ઈક્વિટી શેરધારકોને આભારી સમયગાળા માટેનો ચોખ્ખો નફો અથવા નુકસાન અને તે સમયગાળા દરમિયાન બાકી રહેલા શેરોની ભારિત સરેરાશ સંખ્યાને તમામ ડાયલ્યુટીવ સંભવિત ઈક્વિટી શેરની અસરો માટે સમાયોજિત કરવામાં આવે છે.

### ૨.૧૬ સરકારી અનુદાન:

સરકાર તરફથી પ્રાપ્ત થયેલ અનુદાનને ત્યારે ઓળખવામાં આવે છે જ્યારે અનુદાન પ્રાપ્ત થશે અને કંપની દ્વારા તે અંતર્ગતની તમામ શરતોનું પાલન કરવામાં આવે છે તેની વાજબી ખાતરી હોઈ.

આવકને લગતી સરકારી અનુદાન વિલંબિત કરવામાં આવે છે અને તેમને વળતર આપવાનો હેતુ હોય તેવા ખર્ચ સાથે સરખાવવામાં આવે છે અને સબંધિત સમયગાળા દરમિયાન નફા અથવા નુકસાનમાં દર્શાવવામાં આવે છે અને અન્ય આવકમાં રજૂ કરવામાં આવે છે.

મિલકત, પ્લાન્ટ અને સાધનસામગ્રીની ખરીદી સંબંધિત સરકારી અનુદાનને વિલંબિત અનુદાન તરીકે ગણવામાં આવે છે જે સંપતિના ઉપયોગી આયુષ્ય પર વ્યવસ્થિત અને તર્કસંગત ધોરણે નફા અને નુકસાનના પત્રકમાં દર્શાવવામાં આવે છે, એટલે કે, આવી સંપતિઓ પરનો ઘસારો અનુદાન વિલંબિત ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવે છે અને નફા અને નુકસાનના પત્રકમાં ઘટાડેલા ઘસારા દ્વારા દર્શાવવામાં આવે છે.

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

(રકમ રૂપિયા લાખમાં છે, સિવાય કે અલગથી જણાવ્યું હોય)

**૩. શેરમૂડી**

| વિગત | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ |
|---|---|---|
| **અધિકૃત શેરમૂડી** | | |
| ૭,૫૦૦,૦૦૦ (માર્ચ ૩૧, ૨૦૨૫: ૭,૫૦૦,૦૦૦) ઈક્વિટી શેર્સ-રૂ. ૧૦૦નો એક | ૭,૫૦૦.૦૦ | ૭,૫૦૦.૦૦ |
| **શેર મૂડી ઈસ્યૂ** | | |
| ૪,૮૬૯,૨૯૬ (માર્ચ ૩૧,૨૦૨૫: ૪,૭૩૭,૨૪૪) ઈક્વિટી શેર્સ-રૂ. ૧૦૦નો એક | ૪,૮૬૯.૨૯ | ૪,૭૩૭.૨૪ |
| **ભરપાઈ અને સંપૂર્ણ ચૂકતે થયેલી** | | |
| ૪,૮૬૯,૨૯૬ (માર્ચ ૩૧,૨૦૨૫: ૪,૭૩૭,૨૪૪) ઈક્વિટી શેર્સ-રૂ. ૧૦૦નો એક | ૪,૮૬૯.૨૯ | ૪,૭૩૭.૨૪ |

**(૧) શેરોની સંખ્યા અને રકમનું મેળવણીપત્રક**

| વિગત | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ શેરોની સંખ્યા | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ રકમ |
|---|---|---|
| **ઈક્વિટી શેર્સ** | | |
| વર્ષની શરૂઆતની સિલક | ૪,૭૩૭,૨૪૪ | ૪,૭૩૭.૨૪ |
| ઉમેરોઃ વર્ષ દરમ્યાન જારી કરેલ શેર | ૫૩૫,૨૧૭ | ૫૩૫.૨૨ |
| બાદઃ વર્ષ દરમ્યાન રદ/પરત કરેલ શેર્સ | (૪૦૩,૧૬૫) | (૪૦૩.૧૭) |
| **વર્ષના અંતે સિલક** | **૪,૮૬૯,૨૯૬** | **૪,૮૬૯.૨૯** |

| વિગત | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ શેરોની સંખ્યા | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ રકમ |
|---|---|---|
| **ઈક્વિટી શેર્સ** | | |
| વર્ષની શરૂઆતની સિલક | ૪,૪૦૫,૯૧૩ | ૪,૪૦૫.૯૧ |
| ઉમેરોઃ વર્ષ દરમ્યાન જારી કરેલ શેર | ૬૩૭,૭૭૯ | ૬૩૭.૭૮ |
| બાદઃ વર્ષ દરમ્યાન રદ/પરત કરેલ શેર્સ | (૩૦૬,૪૪૮) | (૩૦૬.૪૫) |
| **વર્ષના અંતે સિલક** | **૪,૭૩૭,૨૪૪** | **૪,૭૩૭.૨૪** |

**(૨) શેર સંબંધિત અધિકારો અને મર્યાદાઓ**

કંપનીએ એક શેરના રૂ.૧૦૦ની મૂળ કિંમતવાળા એક શ્રેણીના ઈક્વિટી શેર્સ ઈસ્યૂ કર્યા છે. પ્રત્યેક સભ્ય એક મતનો અધિકાર ધરાવે છે. સભ્યો કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન અનુસાર મર્યાદિત વળતર અને બોનસને પાત્ર છે. નિયામક મંડળ દ્વારા ભલામણ કરવામાં આવેલ ડિવિડન્ડ આગામી વાર્ષિક સાધારણ સભામાં સભ્યોની મંજૂરીને આધીન છે.

(૩) કોઈપણ સભ્ય કંપનીની શેરમૂડીના ૫% કે તેથી વધુ શેરમૂડી ધરાવતો નથી.

(૪) વર્ષ દરમિયાન અથવા નાણાકીય વર્ષના તરત જ અગાઉના પાંચ વર્ષમાં રોકડ સિવાયના અન્ય કોઈ અવેજ સામે કે બોનસ શેર તરીકે કોઈ શેર જારી (ઈશ્યુ) કરવામાં આવ્યા નથી.

કંપની એક્ટ, ૨૦૧૩ ના પ્રકરણ XXIA ની જોગવાઈઓ અને કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન અનુસાર, કંપની સભ્યો દ્વારા પૂરા પાડવામાં આવેલા દૂધ માટે ચૂકવવાપાત્ર કિંમતમાંથી અમુક હિસ્સો અનામત (રોકી) રાખે છે. ત્યારપછી રોકી રાખેલી આ રકમ સામે સભ્યોને પૂરા પાડવામાં આવેલા દૂધના જથ્થાના પ્રમાણમાં શેર જારી કરવામાં આવે છે, અને તેથી શેર રોકડ બદલ જારી કરવામાં આવ્યા છે તેમ ગણવામાં આવે છે.

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

(રકમ રૂપિયા લાખમાં છે, સિવાય કે અલગથી જણાવ્યું હોય)

**(૫) પ્રમોટરની શેર હોલ્ડિંગની વિગત**

| વિગત | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ | |
|---|---|---|
| | શેરોની સંખ્યા | % |
| શ્રી વિજયભાઈ અરભમભાઈ ઓડેદરા | ૧૨૨ | ૦.૦૦૨૫% |
| શ્રી ગોગનભાઈ અરશીભાઈ કંડોરિયા | ૬૧ | ૦.૦૦૧૩% |
| શ્રીમતી સુશિલાબેન રાજેન્દ્રકુમાર પંડયા | ૨૭ | ૦.૦૦૦૬% |
| શ્રી શરદકુમાર મોહનલાલ મોતા | ૩૪૩ | ૦.૦૦૭૦% |
| શ્રીમતી નિલમબેન મકાભાઈ ગોલીતર | ૨૩ | ૦.૦૦૦૫% |
| શ્રીમતી હિતાર્થી કનકસિંહ ડોડીયા | ૬૮ | ૦.૦૦૧૪% |
| શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા | ૨૨ | ૦.૦૦૦૫% |
| શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ રંગપરા | ૩૦૧ | ૦.૦૦૬૨% |
| શ્રી પરબત વરવાભાઈ પીંડરીયા | ૧૬૬ | ૦.૦૦૩૪% |
| શ્રી રામદે અરભમ મોઢવાડીયા* | ૧૦૦ | ૦.૦૦૨૧% |
| શ્રીમતી હંસાબેન રવેસીંગભાઈ પરમાર* | ૭૯ | ૦.૦૦૧૬% |
| શ્રી નાગાભાઈ લાખાભાઈ ઓડેદરા# | લાગુ પડતું નથી. | લાગુ પડતું નથી. |
| શ્રી રામભાઈ બાવકુભાઈ બુઢાસ# | લાગુ પડતું નથી. | લાગુ પડતું નથી. |

\# તા.: ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજથી કંપનીના નિયામક તરીકે કાર્યરત નથી.

* તા.: ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજથી કંપનીના નિયામક તરીકે નિમણૂંક થયેલ છે.

| વિગત | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ | |
|---|---|---|
| | શેરોની સંખ્યા | % |
| શ્રી વિજયભાઈ અરભમભાઈ ઓડેદરા | ૧૨૧ | ૦.૦૦૨૬% |
| શ્રી નાગાભાઈ લાખાભાઈ ઓડેદરા | ૪૮ | ૦.૦૦૧૦% |
| શ્રી ગોગનભાઈ અરશીભાઈ કંડોરિયા | ૬૧ | ૦.૦૦૧૩% |
| શ્રીમતી સુશિલાબેન રાજેન્દ્રકુમાર પંડયા | ૨૭ | ૦.૦૦૦૬% |
| શ્રી શરદકુમાર મોહનલાલ મોતા | ૩૪૩ | ૦.૦૦૭૨% |
| શ્રી રામભાઈ બાવકુભાઈ બુઢાસ | ૧૮૩ | ૦.૦૦૩૯% |
| શ્રીમતી નિલમબેન મકાભાઈ ગોલીતર | ૨૩ | ૦.૦૦૦૫% |
| શ્રીમતી હિતાર્થી કનકસિંહ ડોડીયા | ૬૮ | ૦.૦૦૧૪% |
| શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા | ૨૨ | ૦.૦૦૦૫% |
| શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ રંગપરા | ૩૦૧ | ૦.૦૦૬૪% |
| શ્રી પરબત વરવાભાઈ પીંડરીયા* | ૧૬૬ | ૦.૦૦૩૫% |
| શ્રીમતી શોભનાબેન દિનેશભાઈ પટોરિયા# | લાગુ પડતું નથી. | લાગુ પડતું નથી. |

\# તા.: ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજથી કંપનીના નિયામક તરીકે કાર્યરત નથી.

* તા.: ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજથી કંપનીના નિયામક તરીકે નિમણૂંક થયેલ છે.

(૬) બોર્ડ દ્વારા પ્રસ્તાવિત ડિવીડન્ડ માટે નોંધ નં ૩૨ જુઓ

## માહી મિલ્ક પ્રોડ્યુસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો

(રકમ રૂપિયા લાખમાં છે, સિવાય કે અલગથી જણાવ્યું હોય)

| | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ |
|---|---|---|
| **૪. અનામતો અને પુરાંત** | | |
| **(એ) સામાન્ય અનામત** | | |
| ઉઘડતી સિલક | ૪,૪૨૯.૧૦ | ૪,૩૨૯.૧૦ |
| ઉમેરો: નફા-નુકસાન પત્રકની | | |
| પુરાંતમાંથી તબદીલ કરી | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| **બંધ સિલક** | **૪,૫૨૯.૧૦** | **૪,૪૨૯.૧૦** |
| **(બી) શેર પ્રીમિયમ** | | |
| ઉઘડતી સિલક | ૨,૪૫૪.૧૯ | ૨,૧૮૧.૧૩ |
| ઉમેરો: વર્ષ દરમિયાન શેર પ્રીમિયમ | ૨૬૭.૬૧ | ૩૧૮.૮૯ |
| બાદ: રદ/પરત કરેલ શેર પરનું શેર પ્રીમિયમ | ૧૦૭.૦૭ | ૪૫.૮૩ |
| **બંધ સિલક** | **૨,૬૧૪.૭૩** | **૨,૪૫૪.૧૯** |
| **(સી) નફા-નુકસાન પત્રકની પુરાંત** | | |
| ઉઘડતી સિલક | ૧૦,૨૦૫.૩૦ | ૭,૮૬૬.૮૯ |
| ઉમેરો: વર્ષ માટેનો નફો | ૩,૯૯૯.૯૯ | ૨,૮૩૪.૯૪ |
| બાદ: | | |
| (૧) ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થતાં વર્ષ માટે સભ્યોને સુચિત મર્યાદિત (ડિવિડન્ડ) (શેરદીઠ રૂ. ૧૦) [૩૧ માર્ચ, ૨૦૨૪ (શેરદીઠ રૂ. ૯)] | ૪૭૩.૭૨ | ૩૯૬.૫૩ |
| (૨) સામાન્ય અનામતમાં તબદીલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| **બંધ સિલક** | **૧૩,૬૩૧.૫૭** | **૧૦,૨૦૫.૩૦** |
| | **૨૦,૭૭૫.૪૦** | **૧૭,૦૮૮.૫૯** |
| **૫. વિલંબિત અનુદાન** | | |
| (એ) પ્રારંભિક સિલક | ૭૧૦.૨૮ | ૮૫૨.૧૬ |
| (બી) વર્ષ દરમ્યાન પ્રાપ્ત મૂડી અનુદાન (વ્યાજની રકમ સહિત રૂ. ૦.૦૦) (૩૧ માર્ચ, ૨૦૨૫ રૂ. ૦.૭૨) | ૮૮૫.૭૨ | ૦.૭૨ |
| (સી) બાદ: ઉપરોકત રસીદમાંથી વર્ષ દરમ્યાન મોકલવામાં આવેલી ઓછી રકમ* | ૮૮૬.૪૪ | ૫૭૮.૫૧ |
| (ડી) વર્ષ દરમ્યાન મૂડી ખર્ચ (નોંધ ૧૨(એ) જુઓ) | ૧,૧૧૧.૭૨ | ૫૪૬.૩૬ |
| (ઈ) બાદ: મૂડી અનુદાનમાંથી અધિગ્રહિત અસ્કયામતોને લગતો ઘસારો (નોંધ ૧૨(એ)) | ૧૬૫.૦૪ | ૧૧૦.૧૯ |
| (એફ) બાદ: મિલકત, સાધનસામગ્રી માંડવાળ પરનું નુકસાન | ૦.૧૩ | ૦.૨૬ |
| | **૧,૬૫૬.૧૧** | **૭૧૦.૨૮** |

* કંપનીએ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા વર્ષ દરમિયાન પ્રોજેક્ટ્સ પર રૂ.૧,૧૧૧.૭૨ (માર્ચ ૩૧, ૨૦૨૫: ૫૯૯.૧૪) ખર્ચ્યા છે, જ્યારે ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા વર્ષ દરમિયાન રૂ. ૮૮૬.૪૪ (માર્ચ ૩૧, ૨૦૨૫: રૂ. ૫૭૮.૫૧) ની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ હતી. ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા વર્ષ દરમિયાન ખર્ચવામાં આવેલી રકમ NDDB પાસેથી વસૂલવાપાત્ર છે અને ટૂંકાગાળાના ધિરાણ અને પેશગીઓ હેઠળ જાહેર કરવામાં આવી છે (નોંધ ૧૯ જુઓ).

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

CIN : U01403GJ2012PTC070646

૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના નાણાંકીય પત્રકના ભાગરૂપ નોંધો
(રકમ રૂપિયા લાખમાં છે, સિવાય કે અલગથી જણાવ્યું હોય)

| | ૩૧.૦૩.૨૦૨૬ના રોજ | ૩૧.૦૩.૨૦૨૫ના રોજ |
|---|---|---|
| **૬. અન્ય લાંબાગાળાની જવાબદારીઓ** | | |
| (એ) પ્રાપ્ત થયેલ વ્યાપારી/સુરક્ષા થાપણો | ૨,૬૭૨.૪૭ | ૩,૫૯૦.૭૮ |
| | **૨,૬૭૨.૪૭** | **૩,૫૯૦.૭૮** |
| **૭. લાંબાગાળાની જોગવાઈઓ** | | |
| **કર્મચારીઓના લાભો માટે જોગવાઈ** | | |
| (એ) ગ્રેચ્યુઈટીની જોગવાઈ (જૂઓ નોંધ ૩૪) | ૯૮.૫૨ | ૪૩.૬૫ |
| | **૯૮.૫૨** | **૪૩.૬૫** |
| **૮. ટૂંકાગાળાના ધિરાણો** | | |
| **બેન્ક દ્વારા ધિરાણો** | | |
| (એ) સુરક્ષિત ધિરાણ | | |
| ૧. કાર્યરત મૂડીનું ધિરાણ (માંગ પર ચૂકવવાપાત્ર) (જૂઓ નોંધ (૧) થી (૩)) | ૧,૧૪૮.૯૫ | ૬,૦૫૭.૪૮ |
| | **૧,૧૪૮.૯૫** | **૬,૦૫૭.૪૮** |

**નોંધઃ** (૧) કંપનીએ બેંક પાસેથી ૧૨ મહિનાના સમયગાળા માટે બેંક ઓવરડ્રાફ્ટ સુવિધાના સ્વરૂપમાં કાર્યકારી મૂડી લોન લીધી છે જે માંગ પર ચૂકવવાપાત્ર છે. વર્ષના અંતે બાકી રકમ રૂ.૧,૧૪૮.૮૬ (૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ રૂ. ૭૪૦.૪૪). ચાલુ વર્ષ દરમિયાન, વ્યાજનો દર ૫.૯૧% થી ૬.૮૫% ની રેન્જમાં હતો (૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજનું વ્યાજ ૬.૭૦% થી ૬.૮૫% ની રેન્જમાં હતું). લોન બેંકમાં કંપનીની ફિક્સ ડિપોઝિટ સામે સુરક્ષિત છે (જુઓ નોંધ ૧૮).

"આથી ઠરાવવામાં આવે છે કે, કંપની એક્ટ, ૨૦૧૩ની લાગુ પડતી જોગવાઈઓ અને કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની જોગવાઈઓ અનુસાર, 'નો ક્લાસ' (No Class) માં વર્ગીકૃત થયેલા શ્રી નાગાભાઈ લાખાભાઈ ઓડેદરા (ડીનઃ ૦૮૧૯૦૫૩૬), જેઓ તેમની નિમણૂકની બીજી મુદત પૂર્ણ કરે છે અને આર્ટિકલ ૯.૬ iii ની જોગવાઈઓ અનુસાર પુનઃનિમણૂંક માટે પાત્ર નથી, તેઓ કંપનીની ૧૪ મી વાર્ષિક સાધારણ સભામાં નિવૃત્ત થાય છે; અને ભાગીદારી આધારિત માપદંડ (આર્ટિકલ ૯.૫ અને ૯.૬ i ની જોગવાઈઓને સાથે વંચાણમાં લેતા) મુજબ બોર્ડમાં સભ્યોના વર્ગનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે તથા નોમિનેટિંગ કમિટી અને બોર્ડની ભલામણના આધારે, તેમના સ્થાને 'વર્ગ-બ' ના સભ્યોનું પ્રતિનિધિત્વ કરતા શ્રી રામદેભાઈ મોઢવાડિયા (ડીનઃ ૦૫૧૯૮૫૪૩) ને આથી કંપનીના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવે છે, જેઓ વારા મુજબ નિવૃત્તિને પાત્ર રહેશે."

શ્રી અશ્વનિભાઈ કશરાભાઈ (ફોલીઓઃ ૦૦૧૪૫૭૭) જેઓ વર્ગ-બ ના સભ્ય છે તેમણે આ ઠરાવને ટેકો આપ્યો.

અધ્યક્ષશ્રીએ સભ્યોને સ્પષ્ટ કર્યું કે આ ઠરાવ પર માત્ર વર્ગ-બ ના સભ્યો જ આમાં મતદાન કરી શકે છે.

અધ્યક્ષશ્રીએ ઠરાવ મતદાન માટે ખુલ્લો મુક્યો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વસંમતિથી મંજૂર જાહેર કર્યો.

**૫. નિવૃત્ત થતા ડિરેક્ટરના સ્થાને વર્ગ - બ નું પ્રતિનિધિત્વ કરતા શ્રીમતી હંસાબેન રવેંસિગભાઈ પરમાર (ડીનઃ૧૧૨૧૪૬૯૩) ની ડિરેક્ટર તરીકે નિમણૂંક**

૫.૧ શ્રી કિરીટભાઈ બચુભાઈ બારડ (ફોલીઓઃ ૦૧૧૩૦૫૪) જેઓ વર્ગ-બ ના સભ્ય છે તેમણે નીચે મુજબના ઠરાવને સામાન્ય ઠરાવ તરીકે પ્રસ્તાવિત કર્યો હતો.

**ઠરાવ નં.: ૧૪મી એજીએમઃ**

**૦૩.૦૯.૨૦૨૫:૫ /૨૦૨૫-૨૬**

"આથી ઠરાવવામાં આવે છે કે, કંપની અધિનિયમ, ૨૦૧૩ અને કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની જોગવાઈઓ અનુસાર, 'વર્ગ-અ' નું પ્રતિનિધિત્વ કરતા શ્રી રામભાઈ બાવકુભાઈ બુઢાસ (ડીનઃ ૦૯૬૮૦૪૧૦), જેઓ રોટેશન દ્વારા નિવૃત્તિને પાત્ર છે અને આર્ટિકલ ૯.૫.i ની જોગવાઈઓ મુજબ પુનઃનિમણૂંક માટે પાત્ર નથી, તેઓ કંપનીની ૧૪ મી વાર્ષિક સાધારણ સભામાં નિવૃત્ત થાય છે; અને અને ભાગીદારી આધારિત માપદંડ (આર્ટિકલ ૯.૫ અને ૯.૬ i ની જોગવાઈઓને સાથે વંચાણમાં લેતા) મુજબ બોર્ડમાં સભ્યોના વર્ગનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે તથા નોમિનેટિંગ કમિટી અને બોર્ડની ભલામણના આધારે, તેમના સ્થાને 'વર્ગ-બ' ના સભ્યોનું પ્રતિનિધિત્વ કરતા શ્રીમતી હંસાબેન રવેસિંગભાઈ પરમાર (ડીનઃ ૧૧૨૧૪૬૯૩) ને આથી કંપનીના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવે છે, જેઓ વારા મુજબ નિવૃત્તિને પાત્ર રહેશે."

શ્રી નટુભા બાલુભા જાડેજા (ફોલીઓ: ૦૦૧૮૯૫૬) જેઓ વર્ગ-બ ના સભ્ય છે તેમણે આ ઠરાવને ટેકો આપ્યો હતો.

અધ્યક્ષશ્રીએ સભ્યોને સ્પષ્ટ કર્યું કે આ ઠરાવ પર માત્ર વર્ગ-બ ના સભ્યો જ આમાં મતદાન કરી શકે છે.

અધ્યક્ષશ્રીએ ઠરાવ મતદાન માટે ખુલ્લો મુક્યો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વસંમતિથી મંજૂર જાહેર કર્યો.

**૬. સ્ટેચ્યુટરી ઓડિટર્સ તરીકે પ્રાઇસ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ LLP ની નિમણૂંક**

૬.૧ શ્રી વાલજી રામ ગઢવી (ફોલીઓઃ ૦૧૦૬૩૪૦) જેઓ વર્ગ -ક ના સભ્ય છે તેમણે નીચે મુજબના ઠરાવને સામાન્ય ઠરાવ તરીકે રજૂ કર્યો હતો.

**ઠરાવ નં.: ૧૪મી એજીએમઃ**

**૦૩.૦૯.૨૦૨૫: ૬ /૨૦૨૫-૨૬**

"ઠરાવવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ના ચેપ્ટર XXIAની જોગવાઈ તેમજ કંપની અધિનિયમની અન્ય લાગુ પડતી જોગવાઈ અંતર્ગત મેસર્સ પ્રાઇસ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપી (ફર્મ નોંધણી નં. 012754N/N500016)ને આથી, આ ૧૪મી વાર્ષિક સાધારણ સભા પૂર્ણ થયેથી આગામી ૧૫ મી વાર્ષિક સાધારણ સભાના અંત સુધી રૂ. ૧૮,૭૫,૦૦૦/- (રૂપિયા અઢાર લાખ પંચોતેર હજાર પૂરા) ના મહેનતાણા

તથા લાગુ પડતા જીએસટી તેમજ ખિસ્સા ખર્ચીના વાસ્તવિક વળતર સાથે કંપનીના વૈધાનિક ઓડિટર્સ તરીકે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના ઓડિટ માટે નિયુક્ત કરવામાં આવે છે."

શ્રી દેવકરણ લખમણભાઈ નારણકા (ફોલીઓઃ ૦૧૩૮૨૯૩) જેઓ વર્ગ-ક ના સભ્ય છે તેમણે આ ઠરાવને ટેકો આપ્યો હતો.

અધ્યક્ષશ્રીએ ઠરાવ મતદાન માટે ખુલ્લો મુક્યો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વસંમતિથી મંજૂર જાહેર કર્યો.

**૭. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીના બજેટની વિચારણા અને મંજૂરી**

૭.૧ શ્રી રાજાભાઈ ગોવિંદભાઈ બારૈયા (ફોલીઓઃ ૦૧૦૯૪૬૮) જેઓ વર્ગ-બ ના સભ્ય છે તેમણે નીચે મુજબના ઠરાવને સામાન્ય ઠરાવ તરીકે રજૂ કર્યો હતો.

**ઠરાવ નં.: ૧૪મી એજીએમઃ**

**૦૩.૦૯.૨૦૨૫: ૭/૨૦૨૫-૨૬**

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીનું બજેટ, જે સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે, તેને આથી મંજૂર કરવામાં આવે છે."

શ્રી નિર્મલભાઈ કાથડભાઈ મૈયડ (ફોલીઓઃ ૦૧૦૩૨૪૫) જેઓ વર્ગ-અ ના સભ્ય છે તેમણે આ ઠરાવને ટેકો આપ્યો હતો.

અધ્યક્ષશ્રીએ ઠરાવ મતદાન માટે ખુલ્લો મુક્યો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વસંમતિથી મંજૂર જાહેર કર્યો.

**૮. બોર્ડને મૂળ કિંમતે અથવા પ્રીમિયમથી શેર જારી કરવા, શેર ખરીદવા અને શેર પરત સ્વીકારવા અધિકૃત કરવા.**

૮.૧ શ્રી યોગેશભાઈ માલાભાઈ બાલદાણીયા (ફોલીઓઃ૦૦૨૩૪૫૪) જેઓ વર્ગ-બ ના સભ્ય છે તેમણે નીચે મુજબના ઠરાવને ખાસ ઠરાવ તરીકે રજૂ કર્યો હતો.

**ઠરાવ નં.: ૧૪મી એજીએમઃ**

**૦૩.૦૯.૨૦૨૫: ૮/૨૦૨૫-૨૬**

"ઠરાવવામાં આવે છે કે ૨૯ જુલાઈ, ૨૦૧૬ ના રોજ યોજાયેલી ૫ મી વાર્ષિક સાધારણ સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ નં. ૫મી એજીએમઃ ૨૯.૦૭.૨૦૧૬:૯/૨૦૧૬-૧૭ તેમજ અને ૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ યોજાયેલી કંપનીની ૭ મી વાર્ષિક સાધારણ સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ નં ૭મી એજીએમ :૦૭.૦૯.૨૦૧૮:૧૨/૨૦૧૮-૧૯ ને ઉપરવટ રહીને તેમજ કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૬.૪ અને કંપની એક્ટ, ૨૦૧૩ ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર,(જેમાં કોઈપણ વૈધાનિક ફેરફારો અથવા પુનઃઅધિનિયમ અને સમયાંતરે થતાં સુધારાનો પણ સમાવેશ થાય છે) કંપની અધિનિયમ અને ઈન્કમ ટેક્સ અધિનિયમની જોગવાઈ મુજબ સભ્યને શેર મૂળ કિંમતે જારી કરવા અથવા બોર્ડ દ્વારા મૂલ્યાંકનની યોગ્ય પદ્ધતિ પર નક્કી કરાયેલ મૂલ્ય કરતાં વધુ ન હોય તેવું પ્રીમિયમ, અને બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા નિયમો અને શરતો અને નિર્ધારિત કરેલ સમય મુજબ જારી કરવા સભ્યોની મંજૂરી અહી બોર્ડને આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૬.૮ અને ૮ અને કંપનીના આર્ટિકલ ઓફ એસોસિએશનના અન્ય લાગુ પડતા લેખો, કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ ના પ્રકરણ XXI A અને કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ ની અન્ય લાગુ પડતી જોગવાઈઓ (જેમાં કોઈપણ વૈધાનિક ફેરફારો અથવા પુનઃઅધિનિયમ અને સમયાંતરે થતા સુધારાનો પણ સમાવેશ થાય છે), અને આવી અન્ય મંજૂરીઓ, સંમતિઓ, પરવાનગીઓ, અને તેના જેવી જોગવાઈઓ અનુસાર, કંપનીના બોર્ડને અધિકૃત કરવામાં આવે છે કે તેમના દ્વારા નક્કી કરેલ તારીખ બાદ સંપૂર્ણ અથવા આંશિક શેર ખરીદી કે પછી શેર પરતની અરજી સ્વીકારી, કંપની અધિનિયમ અને ઈન્કમ ટેક્સ અધિનિયમની સહિતના લાગુ કાયદાઓને આધીન, નીચે મુજબ શેરમુડી સમાન મૂલ્ય પર અથવા શેર પ્રીમિયમ મૂલ્ય સાથે પરત કરવામાં આવશે :

i. સભ્ય, જેમણે મૂળ કિંમતે શેર સબસ્ક્રાઈબ કર્યા છે અને તેમની સભ્યપદની તારીખથી ૬ (છ) નાણાંકીય વર્ષો માટે સભ્યપદના માપદંડો પૂર્ણ કર્યા છે, તેઓ શેર પરતની અરજી અથવા કંપની દ્વારા શેર ખરીદી સમયે શેરની મૂળ કિંમત સાથે, બોર્ડ દ્વારા જો નક્કી કરવામાં આવે તો શેર પ્રીમિયમ મેળવવા માટે પણ હકદાર રહેશે

ii. સભ્ય, જેમણે મૂળ કિંમતે શેર સબસ્ક્રાઈબ કર્યા છે અને તેમની સભ્યપદની તારીખથી ૬ (છ) નાણાંકીય વર્ષો માટે સભ્યપદના માપદંડો પૂર્ણ કર્યા નથી, તેઓ શેર પરતની અરજી અથવા કંપની દ્વારા શેર ખરીદી સમયે તે શેરની મૂળ કિંમત મેળવવા પાત્ર રહેશે.

iii. સભ્ય, જેમણે આંશિક શેર મૂળ કિંમતે અને આંશિક શેર પ્રીમિયમથી સબસ્ક્રાઈબ કર્યા છે અને તેમની સભ્યપદની તારીખથી ૬ (છ) નાણાંકીય વર્ષો

માટે સભ્યપદના માપદંડો પૂર્ણ કર્યા છે, તેઓ શેર પરતની સોંપણી અથવા કંપની દ્વારા શેર ખરીદી સમયે શેરની મૂળ કિંમત સાથે બોર્ડ દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવેલ શેર પ્રીમિયમ મેળવવા માટે હકદાર રહેશે.

iv. સભ્ય, જેમણે આંશિક શેર મૂળ કિંમતે અને આંશિક શેર પ્રીમિયમથી સબસ્ક્રાઈબ કર્યા છે અને તેમની સભ્યપદની તારીખથી ૬ (છ) નાણાંકીય વર્ષો માટે સભ્યપદના માપદંડો પૂર્ણ કર્યા નથી, તેઓ શેર પરતની સોંપણી અથવા કંપની દ્વારા શેર ખરીદી સમયે મૂળ કિંમત પર સબસ્ક્રાઈબ કરેલ શેર સામે મૂળ કિંમત અને પ્રીમિયમથી સબસ્ક્રાઈબ કરેલ શેર સામે શેરની મૂળ કિંમત સાથે બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ, શેર પ્રીમિયમ મેળવવા માટે હકદાર રહેશે, પરંતુ કોઈપણ સંજોગોમાં પ્રીમિયમની રકમ સભ્ય દ્વારા ચૂકવવામાં આવેલ પ્રીમિયમની રકમથી વધુ રહેશે નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બોર્ડને યોગ્ય મૂલ્યાંકન પદ્ધતિના આધારે અને બોર્ડ નક્કી કરે તેવા સમયે નિયમો અને શરતો પર સભ્યોને શેર પરત કરવા માટે શેર પ્રીમિયમ મૂલ્ય નક્કી કરવા અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ઠરાવ શેરધારકો દ્વારા તેમની મિટિંગમાં પસાર કરાયેલા કોઈપણ અગાઉના ઠરાવોના સંદર્ભમાં સુધારેલ હદ સુધી, ઉપરવટ રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ઠરાવને અમલમાં મૂકવાના હેતુસર, બોર્ડ, શેર ખરીદવા અને શેર પરત સોંપણી સ્વીકારવા માટે તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી જરૂરી, યોગ્ય અથવા ઈચ્છનીય ગણાતા તમામ કાર્યો, બાબતો કરવા માટે અધિકૃત છે, અને ખરીદી/સોંપણી સંબંધિત ઉદ્‌ભવતા કોઈપણ પ્રશ્ન, મુશ્કેલી અથવા શંકાનું નિરાકરણ કરવા માટે, અને આવા અન્ય તમામ કાર્યો અને બાબતો કરવા માટે અને બોર્ડ યોગ્ય લાગે તે મુજબ જરૂરી, ઈચ્છનીય અથવા અનુકૂળ હોય તેવા તમામ કાર્યોના દસ્તાવેજો અને લખાણોને અંતિમ સ્વરૂપ આપવા અને અમલમાં મૂકવા માટે અધિકૃત છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઉપરોક્ત ઠરાવ દ્વારા આપવામાં આવેલી બધી અથવા કોઈપણ સત્તાઓ કોઈપણ ડિરેક્ટર, સમિતિ અથવા કંપનીના કોઈપણ ડિરેક્ટર (ઓ) અથવા અધિકારી (ઓ) ને ઉપરોક્ત ઠરાવને અમલમાં મૂકવા માટે સોંપવા માટે અધિકૃત છે."

શ્રી લખમણભાઈ બીજલભાઈ તલિયા (ફોલીઓ:૦૨૩૮૦૬૯) જેઓ વર્ગ-અ ના સભ્ય છે તેમણે આ ઠરાવને ટેકો આપ્યો હતો.

અધ્યક્ષશ્રીએ ઠરાવ મતદાન માટે ખુલ્લો મુક્યો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વસંમતિથી મંજૂર જાહેર કર્યો.

**૯. કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ બદલવા બાબત**

૯.૧ શ્રી અરજણભાઈ આભાભાઈ આંબાલિયા (ફોલીઓ:૦૦૦૯૮૩૩) જેઓ વર્ગ-ક ના સભ્ય છે તેમણે નીચે મુજબના ઠરાવને ખાસ ઠરાવ તરીકે રજૂ કર્યો હતો.

**ઠરાવ નં.: ૧૪મી એજીએમ: ૦૩.૦૯.૨૦૨૫: ૯/૨૦૨૫-૨૬**

"આથી ઠરાવવામાં આવે છે કે, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૨, અન્ય લાગુ પડતી જોગવાઈઓ તેમજ તે અંતર્ગત ઘડવામાં આવેલ નિયમો (જેમાં તે અંતર્ગત થતા ફેરફારનો પણ સમાવેશ થાય છે), મુજબ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ હાલમાં સ્થિત સરનામા ૩જો અને ૪થો માળ, સાકાર બિલ્ડીંગ, રાજકુમાર કોલેજ સામે ડૉ. રાધાકૃષ્ણન માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧, ગુજરાત

થી બદલીને નીચે દર્શાવેલ સરનામે કરવાની સભ્યો દ્વારા અહી મંજૂરી આપવામાં આવે છે.

એડમિન બ્લોક, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ-જામનગર હાઈવે, ગામ ખંઢેરી, તાલુકો- પડધરી, જિલ્લો - રાજકોટ ૩૬૦૧૧૦, ગુજરાત.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત ઠરાવના સંબંધમાં બોર્ડને જરૂરી તમામ કાર્યો, કરારો કરવા માટે અહીં અધિકૃત કરવામાં આવે છે.

શ્રી અર્જુનસિંહ મહાવીરસિંહ ગોહીલ (ફોલીઓ: ૦૨૫૨૮૪૫) જેઓ વર્ગ-કના સભ્ય છે તેમના દ્વારા ઉપરોકત ઠરાવને ટેકો આપવામાં આવ્યો હતો.

અધ્યક્ષશ્રી એ ઠરાવને મતદાન માટે ખુલ્લો મુકયો હતો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વાનુમતે પસાર થયેલ જણાવ્યુ હતું.

**૧૦. નોમિનેટિંગ કમિટી (Nominating Committee) ની રચના માટેની માર્ગદર્શિકાની મંજૂરી**

૧૦.૧ શ્રી સંદીપભાઈ વશરામભાઈ આલ (ફોલીઓ: ૦૧૩૧૩૭૮) જેઓ વર્ગ-ક ના સભ્ય છે તેમણે નીચે મુજબના ઠરાવને સામાન્ય ઠરાવ તરીકે રજૂ કર્યો હતો.

**ઠરાવ નં.: ૧૪મી એજીએમ: ૦૩.૦૯.૨૦૨૫: ૧૦/૨૦૨૫-૨૬**

"ઠરાવવામાં આવ્યું કે, અગાઉ પસાર થયેલા ઠરાવોને ઉપરવટ રહીને, નોમિનેટિંગ કમિટીની રચના માટેની માર્ગદર્શિકા, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની સબંધિત જોગવાઈઓ અનુસાર અપનાવવામાં અને મંજૂર કરવામાં આવે છે, જેમાં પ્રકરણ XXIA (તેના કોઈપણ કાયદાકીય સુધારા અથવા પુનઃઅધિનિયમ સાથે, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની જોગવાઈઓ અને તેમાં સમયાંતરે થતાં ફેરફારોનો પણ સમાવેશ થાય છે) અને કંપનીના મેમોરેન્ડમ એન્ડ આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની લાગુ જોગવાઈઓનો પણ સમાવેશ થાય છે:

(૧) માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ ('કંપની') નું નિયામક મંડળ (બોર્ડ), નાણાંકીય વર્ષના અંતે ત્રણ મહિનાની અંદર એક નામાંકન સમિતિની રચના કરશે જે નિયામક મંડળને નિયામક મંડળ ઉપર પ્રોડ્યૂસર-મેમ્બર ડિરેક્ટરના ખાલી પડેલ સ્થાન માટે સંભવિત ઉમેદવાર સૂચિત કરશે.

(૨) નિયામક મંડળ ઉપર પ્રોડ્યૂસર ડિરેક્ટરના ખાલી પડેલ સ્થાન (વર્ગ - અ અથવા વર્ગ- બ અથવા વર્ગ-ક હેઠળ) ની જાહેરાત કંપનીના નિયામક મંડળ દ્વારા કરવામાં આવશે. નામાંકન સમિતિની વિચારણા માટે પાત્ર સભ્યો તરફથી નામાંકનો મંગાવવાની નોટિસ (નિયામક મંડળમાં ખાલી પડેલ જગ્યાઓની સંખ્યા ભરવા માટે)ને કંપનીના નોટિસ બોર્ડ ઉપર અને/અથવા કંપનીની વેબસાઈટ પર મૂકવામાં આવશે અથવા ઓર્ડિનરી પોસ્ટ મારફતે અને/અથવા કંપનીમાં નોંધાયેલા તેમના ઈમેઈલ આઈડી પર અને/અથવા અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનિક માધ્યમ/મોડ દ્વારા સંબંધિત વર્ગ(ઓ) ના તમામ પાત્ર સભ્યોને એક પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવશે.

(૩) બોર્ડ એક પ્રક્રિયા તૈયાર કરશે જેનું પાલન 'નોમિનેટિંગ કમિટી' દ્વારા કલમ હેઠળ ઉલ્લેખિત સંભવિત સભ્યોને ઓળખવા માટે કરવાનું રહેશે.

(૪) નામાંકન સમિતિ પાત્ર અરજદાર માટે દરેક માપદંડ સામે આપવાના થતા પરિમાણ (score) માટે નીચેના ટેબલમાં દર્શાવેલ અરજદારના પાત્રતા ગુણ (applicant's eligibility score) ને ધ્યાનમાં લેશે.

(૫) નિયામક મંડળ દ્વારા રચિત નામાંકન સમિતિમાં નીચેનાનો સમાવેશ થશે.

| અરજદારના પાત્રતા ગુણ માટેના માપદંડ (parameter for applicant's eligibility score) | મહત્તમ ગુણ |
|---|---|
| પાછલા બે નાણાંકીય વર્ષ દરમિયાન કંપનીને પૂરા પાડવામાં આવેલ દૂધના દિવસોની સંખ્યા માટે ગુણ નીચે મુજબ રહેશે.<br>(૯૫% અથવા વધુ દિવસો -૩૦; ૮૫% to <૯૫% દિવસો -૨૦; ૭૫% to <૮૫% - ૧૫; ૬૫% to <૭૫% - ૧૦; ૫૫% to <૬૫% -૫; ૫૫% થી ઓછું - ૦) | ૩૦ |
| સમયગાળા દરમિયાન કંપનીને સમગ્ર સરપ્લસનો પુરવઠો (એટલેકે અન્ય કોઈ પ્લેયર્સ/સ્પર્ધકો/ઓપરેટર્સને દૂધ પૂરું પાડેલ નથી) -સ્વ-ઘોષણા અને ત્યારબાદ કંપની દ્વારા કરાયેલ ચકાસણીને આધારે | ૫ |
| છેલ્લા ૫ વર્ષથી કોઈપણ સભ્ય વર્ગ (એટલે જે - અ (A) ,બ (B) કે પછી ક (C)) જાળવી રાખેલ હોય તો પ્રતિ વર્ષ માટે ૬ માર્ક. | ૩૦ |
| અરજદારની શૈક્ષણિક લાયકાત -<br>પુરુષો માટે - ૧૨મા ધોરણ માટે ૫ ગુણ, સ્નાતક માટે ૧૦ ગુણ અને અનુસ્નાતક માટે ૧૫ ગુણ<br>મહિલાઓ માટે - ૧૦મા ધોરણ માટે ૫ ગુણ, ૧૨મા ધોરણ માટે ૧૦ ગુણ અને સ્નાતક માટે ૧૫ ગુણ | ૧૫ |
| ભાગ લીધેલ અન્ય તાલીમ કાર્યક્રમો- પ્રોડ્યૂસર/મહિલા જાગૃતિ - (૫ ગુણ)<br>VCG/ MRG (૫ ગુણ)<br>LDP / બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો તાલીમ કાર્યક્રમ (૧૦ ગુણ) | ૨૦ |
| કુલ | ૧૦૦ |

(i) નિયામક મંડળમાંનો જે તે વર્ગનો "પ્રોડ્યૂસર-સભ્ય નિયામક" કે જે વર્ગ માટે જગ્યા ઉભી થયેલ છે પરંતુ એ શરતે કે સદર "પ્રોડ્યૂસર-સભ્ય નિયામક" એવી વ્યક્તિ નથી જે વાર્ષિક સાધારણ સભા ખાતે નિવૃત્ત થઈ રહી છે. જો એક કરતાં વધુ "પ્રોડ્યૂસર-સભ્ય નિયામક" લાયક ઠરે તો એક નામાંકન સમિતિના સભ્ય માટે પરસ્પર સમજુતીથી અથવા ડ્રો દ્વારા પસંદ કરવામાં આવશે. આ ઉપરાંત, જો તે વર્ગ માટે કોઈ "પ્રોડ્યૂસર-સભ્ય નિયામક" ઉપલબ્ધ નથી તો કોઈ અન્ય "પ્રોડ્યૂસર-સભ્ય નિયામક" ને પરસ્પર સમજુતીથી અથવા ડ્રો દ્વારા પસંદ કરવામાં આવશે.

(ii) એક નિષ્ણાંત /કુશળ નિયામક જે કંપનીના નિયામક મંડળમાં છે; અને

(iii) કોઈપણ પ્રતિષ્ઠિત મેનેજમેન્ટ સંસ્થામાંથી અથવા પ્રોડ્યૂસરની માલિકીના સાહસોના વિકાસ માટે નોંધપાત્ર કાર્ય કરેલ સંસ્થામાંથી એક નિષ્ણાંત.

કંપનીના કંપની સેક્રેટરી નોમીનેશન કમિટીને સહાય કરશે અને તેઓ નોમીનેશન કમિટીની મિટિંગની

કાર્યનોંધ સહિત તમામ સબંધિત દસ્તાવેજો જાળવવા માટે જવાબદાર રહેશે.

(૬) નામાંકન સમિતિનો કાર્યકાળ સમિતિની પ્રથમ બેઠકની તારીખથી તે કંપનીના નિયામક મંડળને પોતાની ભલામણો મોકલે તે તારીખ સુધીનો રહેશે.

(૭) સદર સંભવિત સભ્યોની ઓળખ માટે નામાંકન સમિતિ દ્વારા અપનાવવામાં આવનાર પ્રક્રિયા નિયામક મંડળ દ્વારા નિર્ધારિત કરવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ ઠરાવના અમલીકરણ માટે નિયામક મંડળને આથી અહી દરેક એવા પગલાં અને તેમના સંપૂર્ણ વિવેકમાં જરૂરી અને યોગ્ય હોય તેવા તમામ કાર્યો, કરારો, બાબતો અને વસ્તુઓ કરવા માટે અને કોઈપણ પ્રશ્ન કે સમસ્યા અથવા શંકા આ બાબતમાં ઉપસ્થિત થાય તો તેનું નિરાકરણ કરવા આથી અહી અધિકૃત કરવામાં આવે છે."

શ્રી વિરલ જગમાલ નંદાણીયા (ફોલીઓ નં: ૦૧૦૦૩૦૦) જેઓ વર્ગ-ક ના સભ્ય છે તેમણે આ ઠરાવને ટેકો આપ્યો હતો.

અધ્યક્ષશ્રીએ ઠરાવ મતદાન માટે ખુલ્લો મુક્યો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વસંમતિથી મંજૂર જાહેર કર્યો.

**૧૧. રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) દ્વારા રચવામાં આવનાર મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી ('સોસાયટી') ના સભ્ય બનવા અને શેર મૂડી સબસ્ક્રાઈબ કરવા અંગે મંજૂરી આપવી.**

૧૧.૧ શ્રી પંકજભાઈ પ્રતાપભાઈ પરમાર (ફોલીઓ નં: ૦૧૪૩૫૧૪) જેઓ વર્ગ -અ ના સભ્ય છે તેમણે નીચે મુજબના ઠરાવને ખાસ ઠરાવ તરીકે રજૂ કર્યો હતોઃ

**ઠરાવ નં.: ૧૪મી એજીએમઃ**

**૦૩.૦૯.૨૦૨૫: ૧૧/૨૦૨૫-૨૬**

"આથી ઠરાવવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ('અધિનિયમ') ના ચેપ્ટર XXIA, પ્રોડયૂસર કંપની નિયમો, ૨૦૨૧, કંપનીના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની જોગવાઈ અને તેના હેઠળ બનાવેલા નિયમો સાથે વંચાણે લેતા તેમજ આ સંદર્ભે અન્ય કોઈપણ કાયદાની અન્ય લાગુ જોગવાઈઓ, જો કોઈ હોય તો (તેના કોઈપણ કાયદાકીય સુધારા(ઓ) અથવા પુનઃઅધિનિયમ(ઓ) સહિત) તે અનુસાર, કંપનીના સભ્યોની મંજૂરી કંપનીના નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) દ્વારા પ્રમોટ થનારી અને રચાનારી મલ્ટી - સ્ટેટ કો-ઓપેરેટીવ સોસાયટીના શેરને, કંપનીના સામાન્ય અનામત (જનરલ રિઝર્વ) ના ૩૦% સુધીની મર્યાદામાં, સબસ્ક્રાઈબ કરવા અને મલ્ટી - સ્ટેટ કો-ઓપેરેટીવ સોસાયટીના સભ્ય બનવા અને સમયાંતરે ઘડાયેલા અને સુધારેલા તેના નિયમો અને ઉપનિયમોનું પાલન કરવા માટેની મંજૂરી અહી સભ્ય દ્વારા આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ આ ઠરાવને અમલમાં મૂકવા માટે જરૂરી શેર સબસ્ક્રાઈબ કરવા, અરજી કરવા અને તમામ કાર્યો કરવા માટે અધિકૃત છે."

શ્રી જગતભાઈ પ્રતાપભાઈ બારડ (ફોલીઓ નં: ૦૦૦૮૮૬૮) જેઓ વર્ગ-બ ના સભ્ય છે તેમણે આ ઠરાવને ટેકો આપ્યો.

અધ્યક્ષશ્રીએ ઠરાવ મતદાન માટે ખુલ્લો મુક્યો અને હાથ દર્શાવી મત મળતા તેને સર્વસંમતિથી મંજૂર જાહેર કર્યો.

આભાર વિધિ (Vote of Thanks):

અન્ય કોઈ કામકાજ ન હોવાથી, સભાની કાર્યવાહી આભાર વિધિ સાથે સંપન્ન થઈ.

સભા શરૂ થયાનો સમયઃ સવારે ૧૧:૦૦ વાગ્યે

સભા પૂર્ણ થયાનો સમયઃ બપોરે ૧૨:૧૫ વાગ્યે

મિનિટ્સ બુકમાં નોંધણી કર્યાની તારીખઃ ૦૧.૧૦.૨૦૨૫

**તા: ૦૧-૧૦-૨૦૨૫**

**સ્થળ: રાજકોટ**

**અધ્યક્ષશ્રી**

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

## નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર

| ક્રમાંક | વિગત | (રૂ. લાખમાં) |
|---|---|---|
| **(અ)** | **મહેસુલ અંદાજપત્ર** | |
| | **એ) આવક** | |
| | **કુલ આવક** | **૨૨૮,૯૯૨** |
| | **બી) ખર્ચ** | |
| | વેરીએબલ ખર્ચ | ૨૧૭,૧૮૩ |
| | જાહેરાત, વેચાણ અને વિતરણ ખર્ચ | ૬૬૦ |
| | ફિક્સ ખર્ચ | ૮,૪૬૮ |
| | **કુલ ખર્ચાઓ** | **૨૨૬,૩૧૧** |
| | સી) કરવેરા પહેલાનો નફો (એ-બી) | ૨,૬૮૧ |
| | ડી) કરવેરો | ૬૭૫ |
| | **ઈ) કરવેરા પછીનો નફો (સી-ડી)** | **૨,૦૦૬** |

| **(બ)** | **મૂડીગત અંદાજપત્ર** | **(રૂ. લાખમાં)** |
|---|---|---|
| | ફિક્સ્ડ અસ્કયામતો | ૨૪૨૭.૪૭ |

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

[કંપનીઝ એકટ, ૨૦૧૩ના ચેપ્ટર XXIA હેઠળ કાર્યરત "પ્રોડ્યૂસર કંપની"]
CIN : U01403GJ2012PTC070646
રજિ. કાર્યાલય : એડમિન બ્લોક, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ – જામનગર હાઈવે,
ગામ ખંઢેરી, તાલુકો – પડધરી, જિલ્લો રાજકોટ, ગુજરાત – ૩૬૦ ૧૧૦
ટેલી. : ૦૨૮૧ ૨૪૬૦૭૩૨ E-mail : info@maahimilk.com Website : www.maahimilk.com

### :: નોટિસ ::

આથી નોટિસ આપવામાં આવે છે કે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ ના સભ્યોની ૧૫મી વાર્ષિક સાધારણ સભા મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ, સવારે ૧૧:૦૦ કલાકે, માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ–જામનગર હાઈ–વે, ગામ ખંઢેરી, તાલુકો – પડધરી, જિલ્લો – રાજકોટ–૩૬૦૧૧૦ ખાતે નીચે મુજબની કામગીરી હાથ ધરવા માટે યોજવામાં આવશે:

**મુદ્દા નં. ૧**

**નાણાંકીય નિવેદનો અપનાવવા**

તાઃ ૩૧ મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટે કંપનીના ઓડિટ થયેલા નાણાંકીય નિવેદનો અને તેના પર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા ઓડિટર્સના અહેવાલ પર વિચારણા કરવા અને અપનાવવા અંગે.

**મુદ્દા નં. ૨**

**ડિવિડન્ડ જાહેર કરવું**

તાઃ ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે રૂ. ૧૦૦/– ના દરેક ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૦ ના મર્યાદિત વળતર (ડિવિડન્ડ) ની જાહેરાત કરવી.

**મુદ્દા નં. ૩**

**નિવૃત્ત થતા નિયામકના સ્થાને વર્ગ–અ નું પ્રતિનિધિત્વ કરતા શ્રી વલ્લભભાઈ ગોગનભાઈ ડેર (ડીનઃ ૧૧૯૧૪૪૫૭) ની નિયામક તરીકે નિમણૂંક.**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **સામાન્ય ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"ઠરાવવામાં આવે છે કે શ્રી શરદકુમાર મોહનલાલ મોતા (ડીનઃ ૦૯૬૮૦૩૬૮) જેઓ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં 'વર્ગ–અ' નું પ્રતિનિધિત્વ કરે છે, તેઓ કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૬(iii) ની જોગવાઈ અનુસાર કંપનીની ૧૫મી વાર્ષિક સાધારણ સભામાં વારા મુજબ નિવૃત્ત થાય છે અને અને નોમિનેટિંગ કમિટી તથા બોર્ડની ભલામણના આધારે અને કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૬ અને અન્ય સંબંધિત આર્ટિકલ્સ તથા કંપની અધિનયમ, ૨૦૧૩ અને તે હેઠળ બનેલા નિયમોની લાગુ પડતી જોગવાઈઓ (તેમાં સમય સમય પર થયેલા કોઈપણ વૈધાનિક સુધારા કે પુનઃઅધિનિયમન સહિત) અનુસાર તેમના સ્થાને, 'વર્ગ –અ "સભ્યોનું પ્રતિનિધિત્વ કરતા શ્રી વલ્લભભાઈ ગોગનભાઈ ડેર (ડીનઃ ૧૧૯૧૪૪૫૭) ની આથી નિયામક તરીકે નિમણૂંક કરવામાં આવે છે, જેમનો કાર્યકાળ વારા મુજબ નિવૃત્ત થવાને પાત્ર રહેશે."

**મુદ્દા નં. ૪**

**શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા (ડીનઃ ૧૦૨૪૫૭૪૩) જેઓ વર્ગ–ક ના સભ્ય છે તેમની નિયામક તરીકે ફેર નિમણૂંક.**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **સામાન્ય ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"ઠરાવવામાં આવે છે કે શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા (ડીનઃ ૧૦૨૪૫૭૪૩) જેઓ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં 'વર્ગ–ક' નું પ્રતિનિધિત્વ કરે છે, તેઓ કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૬(iii) ની જોગવાઈ અનુસાર કંપનીની ૧૫મી વાર્ષિક સાધારણ સભામાં વારા મુજબ નિવૃત્ત થાય છે અને ફેરનિમણૂંકને પાત્ર હોવાથી, લાયક હોવાથી પોતાની જાતને ફેર નિમણૂંક પ્રસ્તાવિત કરે છે અને નોમિનેટિંગ કમિટી તથા બોર્ડની ભલામણના આધારે અને કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૬ અને અન્ય સંબંધિત આર્ટિકલ્સ તથા કંપની અધિનયમ, ૨૦૧૩ અને તે હેઠળ બનેલા નિયમોની લાગુ પડતી જોગવાઈઓ (તેમાં સમય સમય પર થયેલા કોઈપણ વૈધાનિક સુધારા કે પુનઃ અધિનિયમન સહિત) અનુસાર, તેમની આથી નિયામક તરીકે પુનઃનિમણૂંક કરવામાં આવે છે, જેમનો કાર્યકાળ વારા મુજબ નિવૃત્ત થવાને પાત્ર રહેશે."

**મુદ્દા નં. ૫**

**નિવૃત્ત થતા નિયામકના સ્થાને વર્ગ-ક નું પ્રતિનિધિત્વ કરતા શ્રીમતી નિરુબેન મસરીભાઇ ડાંગર (ડીનઃ ૧૧૯૧૪૫૨૫) ની નિયામક તરીકે નિમણૂંક.**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **સામાન્ય ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"આથી ઠરાવવામાં આવે છે કે, કંપની અધિનિયમ, ૨૦૧૩ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર તેમજ કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની જોગવાઈને સાથે વંચાણે લેતા, શ્રી ગોગનભાઈ અરશીભાઈ કંડોરિયા (ડીનઃ ૦૮૫૧૭૭૪૩), જેઓ વર્ગ – ક નું પ્રતિનિધિત્વ કરે છે, તેઓ તેમની નિમણંકની બીજી મુદત પૂર્ણ કરશે અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૬.iii ની જોગવાઈઓ મુજબ ફેરનિમણૂંક માટે પાત્ર ન હોવાથી કંપનીની ૧૫ મી વાર્ષિક સાધારણ સભામાં નિવૃત્ત થશે અને ભાગીદારી આધારિત માપદંડના આધારે બોર્ડમાં સભ્યોનું વર્ગના પ્રતિનિધિત્વની સુનિશ્ચિત કરવા માટે (આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૫ અને ૯.૬ i ને સાથે વંચાણે લેતા) અને નોમિનેટિંગ કમિટી અને બોર્ડની ભલામણના આધારે, તેમના સ્થાને 'વર્ગ-ક' ના સભ્યોનું પ્રતિનિધિત્વ કરતા શ્રીમતી નિરુબેન મસરીભાઇ ડાંગર (ડીનઃ ૧૧૯૧૪૫૨૫) ની આથી નિયામક તરીકે નિમણૂંક કરવામાં આવે છે, જેમનો કાર્યકાળ વારા મુજબ નિવૃત્ત થવાને પાત્ર રહેશે."

**મુદ્દા નં. ૬**

**સ્ટેચ્યુટરી ઓડિટર્સ તરીકે પ્રાઇસ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ LLP ની નિમણૂંક**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **સામાન્ય ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"આથી ઠરાવવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ના ચેપ્ટર XXI-A ની જોગવાઈઓ અને તે હેઠળ બનેલા નિયમોની અન્ય લાગુ પડતી જોગવાઈઓ અનુસાર, મેસર્સ પ્રાઈસ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપી (ફર્મ નોંધણી નં. ૦૧૨૭૫૪N/N૫૦૦૦૧૬) ને આથી, ૧૫મી વાર્ષિક સાધારણ સભાની સમાપ્તિથી લઈને કંપનીની ૧૬મી વાર્ષિક સાધારણ સભાની સમાપ્તિ સુધી રૂા. ૨૯.૨૫ લાખ (રૂપિયા ઓગણત્રીસ લાખ પચીસ હજાર પૂરા) ના મહેનતાણા તથા લાગુ પડતા જીએસટી તેમજ ખિસ્સા ખર્ચીના વાસ્તવિક વળતર સાથે કંપનીના વૈધાનિક ઓડિટર્સ તરીકે નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના ઓડિટ માટે નિયુક્ત કરવામાં આવે છે."

**મુદ્દા નં. ૭**

**નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કંપનીના બજેટની વિચારણા અને મંજૂરી.**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **સામાન્ય ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"આથી ઠરાવવામાં આવે છે કે, સભા સમક્ષ મુકેલા નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેના કંપનીના અંદાજપત્રને અત્રે મંજૂર કરવામાં આવે છે."

**મુદ્દા નં ૮ – શ્રી ભોજાભાઈ ધનાભાઈ વસરા (ડીનઃ ૧૧૯૧૪૪૩૩) જેઓ વર્ગ-બ ના સભ્ય છે તેમની નિયામક તરીકે નિમણૂંક**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **સામાન્ય ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"ઠરાવવામાં આવે છે કે, કંપની અધિનયમ, ૨૦૧૩ તેમજ આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની લાગુ પડતી જોગવાઈ મુજબ, બોર્ડ પર સભ્યોનું વર્ગ-આધારિત પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે પેટ્રોનેજ માપદંડોના આધારે (કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની કલમ ૯.૬ i ને કલમ ૯.૫ સાથે વંચાણે લેતા), તથા નોમિનેટિંગ કમિટી અને બોર્ડની ભલામણના આધારે, 'વર્ગ-બી' સભ્યોનું પ્રતિનિધિત્વ કરતા શ્રી ભોજાભાઈ ધનાભાઈ વસરા (ડીનઃ ૧૧૯૧૪૪૩૩) ની આથી કંપનીના ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવે છે, જેમનો કાર્યકાળ વારા મુજબ નિવૃત્ત થવાને પાત્ર રહેશે."

**મુદ્દા નં. ૯ કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની જોગવાઈઓમાં ફેરફાર (સુધારો).**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **વિશેષ ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"આથી ઠરાવવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ના ભાગ XXIA ની સંબંધિત જોગવાઈઓ, ખાસ કરીને કલમ ૩૭૮-I, ૩૭૮ZQ, ૩૭૮ZR અને

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની અન્ય લાગુ જોગવાઈઓ (જો કોઈ હોય તો), તેમજ કંપનીના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની લાગુ જોગવાઈઓ અનુસાર, કંપનીના હાલના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનમાં નીચે જણાવેલ રીતે અને હદ સુધી સુધારો કરવામાં આવે છે.

**૧) હાલના આર્ટિકલ ૨.૧(૧૯) ની તુરંત પછી નવો આર્ટિકલ ૨.૧(૧૯-અ) ઉમેરવામાં આવે:**

'સબંધી' (Relative), કોઈપણ વ્યક્તિના સંદર્ભમાં, કંપની એક્ટની કલમ ૨(૭૭) માં દર્શાવ્યા મુજબનો અર્થ ધરાવે છે અને તેમાં બોર્ડ દ્વારા સમયાંતરે મંજૂર કરાયેલા અન્ય સંબંધીઓનો પણ સમાવેશ થાય છે.

**૨) હાલના આર્ટિકલ ૪.૩ (૨) માં ફેરફાર/સુધારો કરવામાં આવે છે અને તે નીચે મુજબ વંચાશે:**

૪.૩ (૨) સભ્ય તરીકે ચાલુ રહેવા માટે પાત્ર ન હોય તેવા કોઈપણ સભ્યને સભ્યપદેથી દૂર કરવા માટે કંપની દ્વારા લેખિત નોટિસ આપવામાં આવશે અને સાંભળવાની તક આપવામાં આવશે. સભ્યએ નોટિસમાં દર્શાવેલ નિર્ધારિત સમયગાળાની અંદર નોટિસનો જવાબ આપવો પડશે. ત્યાર બાદ, બોર્ડ આ બાબતે નિર્ણય લેશે. જો કે, સભ્યોને નોટિસ મોકલવાના હેતુ માટે, બોર્ડ કોઈ ચોક્કસ વર્ષ દરમિયાન તમામ સભ્યો માટે એક અથવા વધુ પાત્રતાના માપદંડોમાંથી મુક્તિ આપી શકે છે.

આવી નોટિસ અથવા દસ્તાવેજ સભ્યને રૂબરૂ (હેન્ડ ડિલિવરી), સાધારણ ટપાલ, રજિસ્ટર્ડ પોસ્ટ, સ્પીડ પોસ્ટ, કુરિયર અથવા કંપની પાસે નોંધાયેલા સભ્યના ઈ-મેઈલ સરનામે ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલી શકાશે.

ટપાલ, રજિસ્ટર્ડ પોસ્ટ, સ્પીડ પોસ્ટ અથવા કુરિયર દ્વારા મોકલવામાં આવેલી નોટિસ સામાન્ય સંજોગોમાં તેની ડિલિવરી માટે સામાન્ય રીતે જરૂરી એવા સમયગાળાની સમાપ્તિ પર મળી ગઈ હોવાનું ગણાશે.

સભ્યને કંપની પાસે નોંધાયેલા તેના/તેણીના ઈ-મેઈલ સરનામે ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવેલી નોટિસ મોકલ્યાની તારીખે જ મળી ગઈ હોવાનું ગણાશે, શરત એટલી કે ડિલિવરી નિષ્ફળતા, નોન-ડિલિવરી અથવા બાઉન્સ-બેક અંગેની કોઈ સૂચના કંપનીને પ્રાપ્ત ન થઈ હોય.

**૩) હાલના આર્ટિકલ ૪.૫(૨)માં ફેરફાર/સુધારો કરવામાં આવે છે અને તે નીચે મુજબ વંચાશે:**

૪.૫.(૨) કંપની તેના સભ્યોને દૂધ મેળવવા માટેની અલગ અલગ કિંમત જે તે વિસ્તારમાં પ્રવર્તમાન ભાવ અને સમયાંતરે નક્કી કરવામાં આવે તેવા અન્ય કોઈ માપદંડોના આધારે દૂધની ખરીદી (પ્રોક્યોરમેન્ટ) માટે તેના સભ્યોને તફાવતી કિંમત (ડિફરન્શિયલ પ્રાઈસ) ચૂકવી શકે છે.

**૪) હાલના આર્ટિકલ ૯.૬ i. માં ફેરફાર/સુધારો કરવામાં આવે છે અને તે નીચે મુજબ વંચાશે:**

૯.૬ i. કંપનીની દરેક વાર્ષિક સાધારણ સભા (AGM) માં કુલ ચૂંટાયેલા ડિરેક્ટરોમાંથી એક-ચતુર્થાંશ (૧/૪) ડિરેક્ટરો ક્રમાનુસાર નિવૃત્ત (રિટાયર બાય રોટેશન) થશે અને આવી નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યા આર્ટિકલ ૯.૫ અનુસાર પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરીને ભરવામાં આવશે. દરેક વાર્ષિક સાધારણ સભામાં ક્રમાનુસાર નિવૃત્ત થનારા ડિરેક્ટરો એ હશે કે જેઓ તેમની વાર્ષિક સાધારણ સભામાં છેલ્લી નિમણૂંક પછી સૌથી વધુ સમયથી હોદ્દા પર રહ્યા હોય. એક જ વાર્ષિક સાધારણ સભામાં છેલ્લે નિમાયેલા ડિરેક્ટરોમાંથી નિવૃત્ત થનાર ડિરેક્ટર(ઓ)નો નિર્ણય ચીઠ્ઠી ઉપાડીને (ડ્રો ઓફ લોટ્સ) કરવામાં આવશે.

**૫) હાલના આર્ટિકલ ૯.૧૬ માં ફેરફાર/સુધારો કરવામાં આવે છે અને તે નીચે મુજબ વંચાશે:**

૯.૧૬ ચૂંટાયેલા ડિરેક્ટર કંપનીના સભ્ય તરીકેનું સ્થાન ગુમાવવાને કારણે અથવા આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૪.૪ મુજબ નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ માટે ઓછામાં ઓછું ૫૦૦ લિટર દૂધ ભરાવવાનું મૂળભૂત ધોરણ પૂર્ણ ન કરવાને કારણે મત આપવાના અધિકારનો ઉપયોગ કરવા માટે અયોગ્ય થતાં જ ડિરેકટરનો હોદ્દો ધરાવતા બંધ થશે. આ ઉપરાંત, સભ્ય બોર્ડ પર ડિરેક્ટર તરીકે નિમણૂંક માટે પાત્ર રહેશે નહીં અથવા ડિરેક્ટરનો હોદ્દો ખાલી ગણાશે જો:

**૬) હાલના આર્ટિકલ ૯.૧૬(૧૩)ની તુરંત પછી નીચે મુજબના આર્ટિકલ ૯.૧૬(૧૪), ૯.૧૬(૧૫) અને ૯.૧૬(૧૬) ઉમેરવામાં આવશે:**

૯.૧૬(૧૪) તેઓ અસ્થિર મગજના હોય અને સક્ષમ અદાલત દ્વારા તેમ ઘોષિત કરવામાં આવેલ હોય.

૯.૧૬(૧૫) તેઓ નાદાર જાહેર થયેલ હોય અથવા તેમણે નાદાર જાહેર કરવા માટે અરજી કરી હોય અને આવી અરજી પેન્ડિંગ હોય.

૯.૧૬(૧૬) તેમને ડીઆઈએન (DIN – ડિરેક્ટર આઈડેન્ટિફિકેશન નંબર) ફાળવવામાં આવ્યો ન હોય.

વધુમાં ઠરાવવામાં આવે છે. ઉપરોકત ઠરાવના સંદર્ભમાં બોર્ડ ઓફ ડાયરેકટર્સ જરૂરી તમામ બાબતો, કાર્યો અને કરાર કરવા માટે અધિકૃત છે."

**મુદ્દા નં. ૧૦**

**મૂળ કિંમતે અથવા પ્રીમિયમથી શેર જારી કરવા, શેર ખરીદવા અને શેર પરત સ્વીકારવા માટે બોર્ડને અધિકૃત કરવા.**

નીચેના ઠરાવ અંગે વિચારણા કરી અને જો યોગ્ય જણાય તો, ફેરફાર(રો) સાથે અથવા વિના, **વિશેષ ઠરાવ** તરીકે પસાર કરવોઃ

"આથી ઠરાવવામાં આવે છે કે, આ સંદર્ભમાં અગાઉ પસાર કરાયેલા તમામ ઠરાવોની ઉપરવટ રહીને (તેના સ્થાને), અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમોની લાગુ જોગવાઈઓ (હાલમાં અમલમાં હોય તેવા કોઈ પણ વૈધાનિક સુધારા(ઓ) અથવા પુનઃઅધિનિયમન સહિત) સાથે વાંચવામાં આવતા કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૬.૪ અને અન્ય લાગુ જોગવાઈઓ અનુસાર, યોગ્ય વેલ્યુએશન પદ્ધતિનો ઉપયોગ કરીને બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલી કિંમતથી વધુ ન હોય તેવી રકમ પર, અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને ઈન્કમ-ટેક્સ એક્ટ, ૧૯૬૧/૨૦૨૫ (તેના સુધારા સહિત) સહિતના તમામ લાગુ કાયદાઓનું પાલન કરવાની શરતે, બોર્ડ તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી યોગ્ય હોય તેવા નિયમો, શરતો, સમયમર્યાદા અને અવેજ પર તેના સભ્યોને મૂળ કિંમતે (at PAR) અથવા પ્રીમિયમ પર શેર ઈશ્યુ કરવા માટે કંપનીના નિયામક મંડળ (જેને અહીં 'બોર્ડ' તરીકે રજૂ કરવામાં આવ્યું છે) ને અધિકૃત કરવા માટે સભ્યોની સંમતિ આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૬.૮, ૮ અને અન્ય લાગુ જોગવાઈઓ, પ્રકરણ XXI-A અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની અન્ય સંબંધિત જોગવાઈઓ અનુસાર, અને યોગ્ય સત્તાધિકારીઓ તરફથી જરૂરી તમામ મંજૂરીઓ, સંમતિઓ, પરવાનગીઓ અને સ્વીકૃતિઓને આધીન રહીને, જો જરૂરી હોય તો પૂર્ણ અથવા અંશતઃ શેર ખરીદવા અથવા શેરની પરત સોંપણી સ્વીકારવા માટે બોર્ડને નીચે મુજબ અધિકૃત કરવાની સભ્યોની મંજૂરી આપવામાં આવે છેઃ

- મૂળ કિંમતે (at PAR) , જો શેર મૂળ કિંમતે ખરીદવામાં આવ્યા હોય; અથવા
- પ્રીમિયમ કિંમતે, જો શેર, પ્રીમિયમ કિંમતે ખરીદવામાં આવ્યા હોય.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સભ્યોના રજિસ્ટરમાં જે સભ્યોના નામ નોંધાયેલા હોય, જેમનું સભ્યપદ (મેમ્બર કોડ) ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ અથવા તે પહેલાં કંપની સાથે જોડાયેલું હોય, અને જેમણે સદર તારીખે અથવા તે પહેલાં મૂળ કિંમતે શેર ખરીદ્યા હોય, તેઓ શેર સંપૂર્ણ કે અંશતઃ શેરની પરત સોંપણી કરવા પર, સભ્યપદ સરન્ડર કરવા પર અથવા કંપની દ્વારા શેરની ખરીદી કરવામાં આવે ત્યારે આવા શેર પર (બોર્ડ દ્વારા સમયાંતરે નક્કી કર્યા મુજબ) પ્રીમિયમ મૂલ્ય ઉમેરીને રિફંડ અથવા ચુકવણી મેળવવા માટે પાત્ર રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કંપનીઝ એકટ અને ઈન્કમ-ટેક્સ કાયદાની લાગુ જોગવાઈઓને આધીન રહીને, બોર્ડ યોગ્ય વેલ્યુએશન પદ્ધતિના આધારે શેરની પરત સોંપણી અથવા સભ્યપદ રદ કરવા પર ચૂકવવાપાત્ર/રિફંડપાત્ર શેર પ્રીમિયમ મૂલ્ય નક્કી કરવા માટે અને બોર્ડ નક્કી કરે તેવા નિયમો, શરતો અને સમયમર્યાદા અનુસાર સત્તાધિકારી રહે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ ઠરાવને અમલમાં મૂકવાના હેતુ માટે, બોર્ડ તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી જરૂરી, યોગ્ય અથવા ઈચ્છનીય ગણે તેવા તમામ કાર્યો, દસ્તાવેજો, બાબતો અને પ્રક્રિયાઓ કરવા માટે; શેર ઈશ્યુ કરવા, ખરીદવા અથવા શેરની પરત સોંપણી કરવા સંબંધિત ઉદ્ભવતા કોઈપણ પ્રશ્નો, મુશ્કેલીઓ અથવા શંકાઓનો ઉકેલ લાવવા માટે; અને જરૂરી હોય તેવા તમામ કરારો, દસ્તાવેજો અને લખાણો પર હસ્તાક્ષર કરવા માટે સત્તાધિકારી રહે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ ઠરાવને પૂર્ણપણે અમલમાં મૂકવા માટે બોર્ડને અહીં આપવામાં આવેલી તમામ અથવા કોઈપણ સત્તા ડિરેક્ટરોની કોઈપણ સમિતિ (કમિટી ઓફ ડિરેક્ટર્સ), ડિરેક્ટર(ઓ) અથવા કંપનીના અધિકારી(ઓ)ને સોંપવા માટે (ડેલિગેટ કરવા) બોર્ડને સત્તા આપવામાં આવે છે."

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમથી**

**સંજય તલાટી**
**(કંપની સેક્રેટરી)**

**તાઃ ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ સ્થળઃ ખંઢેરી, રાજકોટ**

**નોંધો :**

**૧. વાર્ષિક સાધારણ સભા (એજીએમ)માં ઉપસ્થિત રહેવા અને મત આપવા હકદાર સભ્ય, પોતાના બદલે પ્રોક્સીને સભામાં હાજર રહેવા અને હાથ ઉપર કરીને તેમજ પોલથી મતદાન કરવા નિયુક્ત કરવા હકદાર છે અને પ્રોક્સી કંપનીનો જ સભ્ય હોવો જરૂરી છે. બિન-સભ્યને પ્રોક્સી તરીકે નિયુક્ત કરી શકાશે નહીં. પ્રોક્સીની નિયુક્તિ માટેનું ફોર્મ યોગ્ય રીતે ભરેલું, રેવન્યુ સ્ટેમ્પ લગાવેલું અને સહી કરેલું હોવું જોઈએ તથા સભાના નિર્ધારિત સમય કરતાં ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલાં કંપનીના રજિસ્ટર્ડ કાર્યાલયે જમા કરાવવાનું રહેશે. આ સાથે એક કોરું પ્રોક્સી ફોર્મ અહીં બિડેલ છે. વધુમાં સભ્યો વતી નિમેલ પ્રોક્સી આવા સભ્યો અથવા સભ્યો કે જે ૩૦૦થી વધુ ન હોય અને કંપનીની શેરમૂડીમાં ૧૦% થી વધુ નહીં તેટલી શેરમૂડી ધારીત કરતા હોય તેના વતી પ્રૉક્સી તરીકે કામ કરશે.**

૨. દરેક સભ્ય પાસે માત્ર એક જ મત (હાથ બતાવીને તેમજ પોલ ઉપર પણ) હશે, કંપનીમાં તેના/તેણીના શેરહોલ્ડિંગ અથવા પેટ્રોનેજને ધ્યાનમાં લીધા વિના અને એ શરતને આધીન કે સભ્યએ મતદાન માટેની મૂળભૂત શરત પરિપૂર્ણ કરેલ છે એટલે કે તેણે/તેણીએ અગાઉના નાણાંકીય વર્ષ (૨૦૨૫-૨૬) માં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ માટે કુલ મળીને ઓછામાં ઓછું ૫૦૦ લિટર દૂધ પૂરું પડેલ હતું.

૩. કંપનીના સભ્યોએ તેમની પ્રથમ વાર્ષિક સાધારણ સભા ખાતે સભ્યોની ધંધામાં તેમની ભાગીદારીને આધારે વિવિધ વર્ગોમાં (વર્ગ-અ, બ અને ક) વર્ગીકૃત કરવા માટેના માપદંડ મંજૂર કર્યા હતા જેમાં ૭મી વાર્ષિક સાધારણ સભામાં ફેરફાર કરવામાં આવ્યા હતા.

૪. સભ્યોનું વર્ગ મુજબ વર્ગીકરણ અને મત આપવાના અધિકારો માટેની તેમની હકદારી:

તા. ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ નાણાંકીય વર્ષ (૨૦૨૫-૨૬) ની પૂર્ણતા પર, કંપનીના રોલ (સભ્યોનું રજિસ્ટર) પર કુલ ૧,૨૩,૧૪૮ સભ્યો હતા, જેમનું વર્ગ મુજબ વર્ગીકરણ, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તેમના પેટ્રોનેજને આધારે, અને મતદાન અધિકાર સ્થિતિ નીચે મુજબ છે:

(એ) નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સભ્યો દ્વારા પેટ્રોનેજ માપદંડોની પૂર્ણતા અને બિન-પૂર્ણતાના સંબંધમાં માહિતીના વિશ્લેષણને આધારે, વર્ગ-અ માં ૪,૪૨૯ સભ્યો, વર્ગ-બ માં ૧૩,૦૮૫ અને વર્ગ-ક માં ૩૩,૭૬૩ (કુલ મળીને ૫૧,૨૭૭ સભ્યો) હતા, જેમણે મતદાન માટેની મૂળભૂત શરતને પૂર્ણ કર્યા ઉપરાંત તેઓએ તેમના સંબંધિત વર્ગના પેટ્રોનેજના માપદંડો પણ પરિપૂર્ણ કર્યા હતા, અને તેથી, તેઓ નોટિસના મુદ્દા નં. ૧ થી ૧૦ માં નિર્ધારિત તમામ ઠરાવો પર મતદાન કરવા જેમાં, તેઓ જે વર્ગમાં સામેલ છે તે વિશિષ્ટ વર્ગના ડિરેક્ટરની ચૂંટણીમાં મતદાન કરવા સહિત માટે હક્કદાર છે.

[નોંધ: કોઈ એક વર્ગ ની/નો સભ્ય (વર્ગ-અ, વર્ગ-બ, અથવા વર્ગ-ક) માત્ર તેના/તેણીના પોતાના વર્ગને લગતા ડિરેક્ટરની નિમણૂંક ઉપર જ મત આપી શકે છે અને અન્ય વર્ગના ડિરેક્ટરની નિમણૂંક ઉપર મત આપી શકતા નથી (આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૯.૫ અનુસાર)]

(બી) કુલ ૯,૪૪૬ સભ્યોએ મતદાન માટેની મૂળભૂત શરત પરિપૂર્ણ કરેલ છે (એટલે કે અગાઉના નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ માટે કુલ મળીને ઓછામાં ઓછું ૫૦૦ લિટર દૂધ પૂરું પાડવું) પરંતુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તેમના સંબંધિત વર્ગના પેટ્રોનેજ માટેના એક અથવા વધુ માપદંડોને પરિપૂર્ણ કરેલ નથી. તેથી, તેવા સભ્યો વિવિધ વર્ગોમાં વર્ગીકૃત કરવાના હેતુ માટે ત્રણમાંથી કોઈપણ વર્ગમાં રહેવા માટે લાયક નથી, અને પરિણામે, તેઓ ડિરેક્ટર્સની

વર્ગ આધારિત ચૂંટણીમાં મત આપવા માટે હકદાર નથી (નોટિસના મુદ્દા નં. ૩,૪,૫ અને ૮), જોકે, તેઓ નોટિસના મુદ્દા નં.૧,૨, ૬,૭, ૯ અને ૧૦ ના અન્ય ઠરાવો પર મત આપી શકે છે.

(સી) જે સભ્યએ અગાઉના નાણાંકીય વર્ષ (૨૦૨૫–૨૬)માં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ માટે કુલ મળીને ઓછામાં ઓછું ૫૦૦ લિટર દૂધ આપ્યું ન હતું, તેમને કોઈપણ ઠરાવ ઉપર મત આપવાનો અધિકાર નથી. કુલ ૬૨,૪૨૫ સભ્યોએ અગાઉના નાણાંકીય વર્ષ (૨૦૨૫–૨૬) માં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ માટે ઓછામાં ઓછું ૫૦૦ લિટર દૂધ પૂરું પાડેલ નથી, અને તેથી, તેઓએ તેમનો મતદાનનો અધિકાર ગુમાવ્યો છે, અને તેઓ આ વાર્ષિક સાધારણ સભામાં પસાર કરવામાં આવનાર કોઈપણ ઠરાવ ઉપર મત આપવા માટે હકદાર નથી.

(ડી) દૂધ ઉત્પાદક, જે ૩૧મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સભ્ય હતો/હતી, પરંતુ જેનું સભ્યપદ ૩૧મી માર્ચ, ૨૦૨૬ બાદ રદ કરવામાં આવેલ છે, તે/તેણી નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટેના ડિવિડન્ડ માટે હકદાર રહેશે, પરંતુ આ રીતે સભ્યપદ રદ થયા બાદ કોઈ શેર/સભ્યપદને લગતા અધિકારો, હકો અથવા લાભ (એજીએમ ખાતે ઉપસ્થિતિ અને મતદાન કરવા સહિત) માટે હકદાર રહેશે નહીં કારણકે તે/તેણી કંપનીનો/ની સભ્ય રહ્યો/રહી નથી.

કુલ ૧,૨૩,૧૪૮ સભ્યોમાંથી ૧,૮૪૦ સભ્યોનું સભ્યપદ માર્ચ ૩૧, ૨૦૨૬ બાદ રદ કરવામાં આવેલ છે, તેથી આવા ૧,૮૪૦ સભ્યો એજીએમમાં ઉપસ્થિત રહેવા અને મત આપવા માટે હકદાર રહેશે નહીં, જોકે તેઓ નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે ડિવિડન્ડ (મર્યાદિત વળતર) માટે, જો વાર્ષિક સાધારણ સભામાં ઘોષીત થાય તો, તે મેળવવા હકદાર રહેશે.

(ઈ) કોઈ નવા સભ્ય, જેને ૩૧મી માર્ચ, ૨૦૨૬ બાદ કંપનીના સભ્ય તરીકે દાખલ કરવામાં આવેલ હતા તેઓ નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટેના ડિવિડન્ડ માટે તેમજ આગામી એજીએમ ખાતે મતદાન અધિકાર માટે હકદાર રહેશે નહીં. તદનુસાર તા. ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ના અંત બાદ અને આ નોટિસની તારીખ સુધીમાં ૭,૫૦૧ નવા સભ્યોને પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેઓ નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટેના ડિવિડન્ડ (જો જાહેર થાય તો) માટે તેમજ વાર્ષિક સાધારણ સભામાં મતદાન આપવા માટે હકદાર રહેશે નહીં. જોકે તેઓ વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહી શકશે.

(એફ) દૂધ એકત્રીકરણ કેન્દ્ર (મિલ્ક પુલિંગ પોઈન્ટ) મુજબ ઉપરોક્ત સભ્યોની યાદી સંબંધિત એમપીપી ખાતે  ઉપલબ્ધ છે અને વાર્ષિક સાધારણ સભાના સ્થળે ઉપલબ્ધ રહેશે.

(જી) કંપની પોતાની અનુકૂળતાએ મતદાનની સુવિધા માટે વિવિધ વર્ગોના સભ્યોને અલગ કરવા માટે એવી પદ્ધતિ અને વ્યવસ્થા બનાવશે, જેનું સભા ખાતે સભ્યો માટે આકલન કરવામાં આવશે.

૫. દરેક ઉમેદવારના સંબંધમાં લાયકાતોના નિવેદન સહિત ડિરેક્ટરના પદ માટેની ચૂંટણી માટેના ઉમેદવારોના નામ, તા. ૩૧ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ  પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ માટેના કંપનીના નાણાંકીય નિવેદનો, તેના પરના ડિરેક્ટર્સ અને ઓડિટર્સના અહેવાલો તેમજ ૩જી  સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલ અગાઉની વાર્ષિક સાધારણ સભાની મિનીટ્સ અહીં જોડેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬–૨૭ માટેનું બજેટ પણ અહીં સામેલ કરેલ છે.

૬. સભ્યોને સભામાં પોતાની સાથે વાર્ષિક અહેવાલ અને ઉપસ્થિતિ સ્લિપની નકલ લાવવાની વિનંતી કરવામાં આવે છે, કંપની એજીએમના સ્થળ ઉપર કોઈ નકલ પ્રદાન કરશે નહીં.

૭. કંપનીના હિસાબ અથવા કામગીરીઓને લગતી

કોઈ માહિતી મેળવવા ઈચ્છુક સભ્યોને તેમનો પત્ર વ્યવહાર કંપનીના રજિસ્ટર્ડ કાર્યાલયને કરવા વિનંતી કરવામાં આવે છે, જે સભાની તારીખથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં પહોચે તે જરૂરી છે. જેથી જરૂરી માહિતી શક્ય હોય તેટલા અંશે સભા ખાતે ઉપલબ્ધ કરાવી શકાય.

૮. સભ્યોને તેમના તમામ વ્યવહારોમાં પોતાનો ફોલિયો નંબર અને તેમનો પોરર કોડ જણાવવાની વિનંતી કરવામાં આવે છે.

૯. આ સાથે સામેલ નોટિસના મુદ્દા નં. ૮ થી ૧૦ ના સંબંધમાં તમામ મહત્વના તથ્યોને દર્શાવતું સ્પષ્ટીકરણ નિવેદન આ સાથે સામેલ કરેલ છે.

૧૦. અહીં સામેલ નોટિસના સંદર્ભિત સુસંગત દસ્તાવેજો અને સ્પષ્ટીકરણ નિવેદન સભ્યોને નિરીક્ષણ માટે કંપનીના રજિસ્ટર્ડ કાર્યાલય ખાતે શનિવાર સિવાય તમામ કાર્યકારી દિવસોએ, સામાન્ય કામકાજના કલાકો (૧૧:૦૦ થી ૧૬:૦૦ કલાક) દરમિયાન ખુલ્લા રાખવામાં આવશે.

૧૧. બોર્ડ દ્વારા ભલામણ કરાયેલ મર્યાદિત વળતર (ડિવિડન્ડ), જો સભામાં જાહેર થાય તો, એ શેરધારકોને ચૂકવવામાં આવશે, જેમના નામ ૩૧મી માર્ચ, ૨૦૨૬ ના રોજ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં સભ્યો તરીકે દર્શાવેલ છે. કાયદેસર રીતે, કોઈપણ ડિવિડન્ડ જેને જાહેરાતની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસોની અંદર ચૂકવવામાં આવેલ નથી કે જેનો દાવો કરવામાં આવેલ નથી, તે સદર ત્રીસ દિવસની સમાપ્તિની તારીખથી સાત દિવસોની અંદર કોઈ શિડ્યુલ બેંક સાથેના અનકલેઈમડ ડિવિડન્ડ ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે. અનકલેઈમડ ડિવિડન્ડ ખાતામાં ટ્રાન્સફર કરાયેલ કોઈપણ નાણા જે આવા ટ્રાન્સફરની તારીખથી સાત વર્ષની અવધિમાં ચૂકવાયા વિનાના અથવા દાવો થયા વિનાના રહેશે તેને રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળ ખાતે ટ્રાન્સફર કરી દેવામાં આવશે.

૧૨. સભ્યોને તેમના સરનામાઓમાં થયેલ કોઈપણ ફેરફારો પિન કોડ સહિત સત્વરે કંપનીને જાણ કરવાની વિનંતી કરવામાં આવે છે.

૧૩. સભ્યો, જેઓએ તેમના નામાંકન પત્રક રજૂ કરેલ નથી તેઓ તેમના નામાંકનને યોગ્ય રીતે ભરી નિર્ધારિત પત્રકમાં કંપનીને તેના રજિસ્ટર્ડ કાર્યાલયે મોકલી શકે છે. નામાંકન પત્રક કંપનીના રજિસ્ટર્ડ કાર્યાલય પરથી મેળવી શકાય છે.

૧૪. વાર્ષિક સાધારણ સભાના સ્થળ ખાતે હથિયારો, બંદૂકો, દારૂગોળો, છરીઓ અને ચાકુ, તીક્ષ્ણ સાધનો વિ. લઈ જવા ઉપર પ્રતિબંધ છે.



## કંપનીઝ એક્ટ, ૨૦૧૩ કલમ ૩૭૮ઝેડએ (૪) (સી) હેઠળ ડિરેક્ટર તરીકે ચૂંટાનાર ઉમેદવારોના સંબંધમાં લાયકાતનું નિવેદન

મુદ્દા નં. ૩, ૪, ૫ અને ૮ ક્રમ અનુસાર

| નામ | શ્રી વલ્લભભાઈ ગોગનભાઈ ડેર | શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા | શ્રીમતી નિરુબેન મસરીભાઈ ડાંગર | શ્રી ભોજાભાઈ ધનાભાઈ વસરા |
|---|---|---|---|---|
| ઉમર | ૪૨ | ૩૫ | ૩૦ | ૩૩ |
| વ્યવસાય | પશુપાલન અને ખેતી | પશુપાલન અને ખેતી | પશુપાલન અને ખેતી | પશુપાલન અને ખેતી |
| લાયકાત | ૧૨ પાસ | એમ.એસ.ડબલ્યુ | ૧૨ પાસ | ૧૨ પાસ |
| નિમણૂંકની શરતો અને મુદત | આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ | આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ | આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ | આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ |
| મહેનતાણું ચુકવવામાં આવ્યું હતું અને આવી વ્યક્તિ દ્વારા છેલ્લે લેવામાં આવેલું મહેનતાણું | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| બોર્ડમાં પ્રથમ નિમણૂંકની તારીખ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| કંપનીમાં શેરહોલ્ડિંગ | ૧૭૮ | ૨૨ | ૨૬ | ૬૫ |
| અન્ય ડિરેક્ટરો અને KMP સાથેના સંબંધો | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| અન્ય ડિરેક્ટરશિપ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| વર્ષ દરમિયાન હાજરી આપેલી બોર્ડ મિટિંગ્સ ની સંખ્યા | લાગુ પડતું નથી | ૬ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| સભ્યપદ/ અન્ય બોર્ડની સમિતિઓનું અધ્યક્ષપદ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |

## સ્પષ્ટીકરણ નિવેદન

(૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ની તારીખની સાથે સામેલ નોટિસના મુદ્દા નં. ૮ થી ૧૦)

**મુદ્દા નં. ૮**

શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ રંગપરા (ડીન: ૧૦૨૪૫૭૯૪), પ્રોડ્યૂસર નિયામક, જેઓ વર્ગ – અ નું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે ૧૨મી મે, ૨૦૨૬ થી ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યું હતું, આમ બોર્ડમાં એક જગ્યા ખાલી હતી

આર્ટિકલ્સ ઓફ એસોસિએશન (AOA) ના આર્ટિકલ ૯.૫ i તેમજ આર્ટિકલ ૯.૬ ii ની જોગવાઈઓ સાથે વંચાણે લેતા, નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે ભાગીદારી માપદંડના આધારે વર્ગનું પ્રતિનિધિત્વની ખાતરી કરવા માટે અને નોમિનેટિંગ કમિટીની ભલામણ પર, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વર્ગ – બ નું પ્રતિનિધિત્વ કરતા શ્રી ભોજાભાઈ ધનાભાઈ વસરા (ડીન: ૧૧૯૧૪૪૩૩) ની નિયામક તરીકે નિમણૂંકની ભલામણ કરે છે જેમની મુદત આર્ટિકલ્સ ઓફ એસોસિએશન (AOA) અને કંપની અધિનિયમ, ૨૦૧૩ના ચેપ્ટર XXIA ની જોગવાઈઓ અનુસાર વારા મુજબ નિવૃત્ત થવા માટે જવાબદાર રહેશે.

કંપનીના કોઈપણ ડિરેક્ટર્સ/અધિકારીઓ અથવા તેમના સંબંધીઓ આ ઠરાવમાં કોઈ પણ રીતે હિત ધરાવતા નથી.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સભ્યોની મંજૂરી માટે નોટિસના મુદ્દાનં. ૮ માં દર્શાવેલ ઠરાવને સામાન્ય ઠરાવ તરીકે ભલામણ કરે છે.

**મુદ્દા નં. ૯**

કંપનીની ઓપરેશનલ જરૂરિયાતો, સુશાસન પ્રથાઓ અને પ્રોડ્યૂસર કંપનીઓને લગતી કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની લાગુ જોગવાઈઓના સંદર્ભમાં કંપનીના

આર્ટિકલ્સ ઓફ એસોસિએશન ("AoA") ની સમીક્ષા કરવામાં આવી છે. આ સમીક્ષાના આધારે, ગવર્નન્સ માળખાને મજબૂત કરવા અને વહીવટી કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૨.૧, ૪.૩. (૨), ૪.૫. (૨), ૯.૬(૧) અને ૯.૧૬ માં કેટલાક સુધારાઓ સૂચવવામાં આવ્યા છે.

સૂચિત સુધારાઓ મુખ્યત્વે 'સબંધી' (Relative) ની વ્યાખ્યા ઉમેરવા, નોટિસ બજવણી સંબંધિત જોગવાઈઓને અદ્યતન કરવા, બિનજરૂરી જોગવાઈઓને દૂર કરવા અને વધારાની ગવર્નન્સ જરૂરિયાતોનો સમાવેશ કરીને ડિરેક્ટરો માટેની પાત્રતા અને ગેરલાયકાતના માપદંડોને મજબૂત કરવા માટે છે. આ સુધારાઓનો હેતુ વધુ સારું શાસન પ્રોત્સાહિત કરવાનો, આર્ટિકલ્સમાં સ્પષ્ટતા લાવવાનો, પુનરાવર્તન દૂર કરવાનો, વૈધાનિક જોગવાઈઓ સાથે સુસંગતતા સુનિશ્ચિત કરવાનો અને ઉત્પાદક સભ્યોના હિતોનું રક્ષણ કરવાની સાથે કંપનીની કાર્યક્ષમ કામગીરીને સરળ બનાવવાનો છે.

સૂચિત ફેરફારો સાથેના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની એક નકલ સભ્યોના નિરીક્ષણ માટે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસે આજની તારીખથી મિટિંગની તારીખ સુધી તમામ કામકાજના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યાની વચ્ચે ઉપલબ્ધ રહેશે.

બોર્ડ સભ્યોની મંજૂરી માટે સાપેક્ષ નોટિસની બાબત ક્રમાંક ૯ માં દર્શાવેલ વિશેષ ઠરાવ (સ્પેશિયલ રિઝોલ્યુશન) ની ભલામણ કરે છે.

કંપનીમાં તેમના શેરહોલ્ડિંગ (જો કોઈ હોય તો) સિવાય, કંપનીના કોઈપણ ડિરેક્ટર, કી મેનેજરીયલ પર્સનલ (KMP) અથવા તેમના સગાંઓ આ ઠરાવમાં નાણાંકીય કે અન્ય કોઈ રીતે હિત ધરાવતા નથી.

**મુદા નં. ૧૦**

કંપનીની વ્યાવસાયિક ઓપરેશનલ જરૂરિયાતો, વૃદ્ધિ અને ભવિષ્યની શક્યતાઓને ધ્યાનમાં રાખીને, યોગ્ય વેલ્યુએશન પદ્ધતિના આધારે બોર્ડ દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવેલી કિંમતથી ન વધે તે મૂલ્યે મૂળ કિંમતે (At Par) અથવા પ્રીમિયમ સાથે શેર ઈશ્યુ કરવા માટે બોર્ડને સત્તા આપવી યોગ્ય જણાય છે.

તદુપરાંત, આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૬.૪, ૮ અને અન્ય આર્ટિકલ્સની જોગવાઈઓ અનુસાર સભ્યો પાસેથી પૂર્ણ અથવા અંશતઃ શેર સરન્ડર સ્વીકારવા અથવા સભ્યો પાસેથી પૂર્ણ કે અંશતઃ શેર ખરીદવા માટે, ઠરાવમાં દર્શાવ્યા મુજબ, યોગ્ય વેલ્યુએશન પદ્ધતિ પર બોર્ડ દ્વારા સમયાંતરે નક્કી કરાયેલ મૂલ્યથી ન વધે તે રીતે મૂળ કિંમતે કે પ્રીમિયમ સાથે પરત માટે બોર્ડને અધિકૃત કરવાનું પ્રસ્તાવિત છે.

વધુમાં, સૂચિત ઠરાવમાં ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ અથવા તે પહેલાં મૂળ કિંમતે શેર ખરીદ્યા હોય તેવા લાંબા સમયથી જોડાયેલા સભ્યોને કંપની દ્વારા શેરની પરત સોપણી કરતી વખતે અથવા ખરીદતી વખતે પ્રીમિયમ મૂલ્યના લાભો (જેમ બોર્ડ દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવે) રિફંડ સ્વરૂપે આપવાની ભલામણ કરવામાં આવી છે.

તેથી, આ પ્રસ્તાવ વાર્ષિક સાધારણ સભામાં સભ્યો સમક્ષ મુકવામાં આવ્યો છે.

કંપનીમાં તેમના શેરહોલ્ડિંગ (જો કોઈ હોય તો) સિવાય, કંપનીના કોઈપણ ડિરેક્ટર, કી મેનેજરીયલ પર્સનલ (KMP) અથવા તેમના સગાંઓ આ ઠરાવમાં નાણાંકીય કે અન્ય કોઈ રીતે હિત ધરાવતા નથી.

બોર્ડ સભ્યોની મંજૂરી માટે સાપેક્ષ નોટિસની બાબત ક્રમાંક ૧૦ માં દર્શાવેલ વિશેષ ઠરાવ (સ્પેશિયલ રિઝોલ્યુશન) ની ભલામણ કરે છે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમથી**

**તા: ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬**
**સ્થળ: ખંઢેરી, રાજકોટ**

**સંજય તલાટી**
**(કંપની સેક્રેટરી)**

માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની

માહી

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

[કંપનીઝ એક્ટ, ૨૦૧૩ના ચેપ્ટર XXIA હેઠળ કાર્યરત "પ્રોડયૂસર કંપની"]

CIN : U01403GJ2012PTC070646

રજિ. કાર્યાલય : એડમિન બ્લોક, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ - જામનગર હાઈવે
ગામ ખંઢેરી, તાલુકો-પડધરી, જિલ્લો-રાજકોટ, ગુજરાત-૩૬૦ ૧૧૦.
ટેલી. : ૦૨૮૧ ૨૪૬૦૭૩૨ email : info@maahimilk.com Website : www.maahimilk.com

## હાજરી પત્રક (એટેન્ડન્સ સ્લીપ)

ફોલિયો નં. ...................................

| સભ્ય કોડ નં. | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

આથી માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડની મંગળવાર, તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ, સવારે ૧૧:૦૦ કલાકે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ– જામનગર હાઈ–વે, ગામ ખંઢેરી, તાલુકો – પડધરી, જિલ્લો – રાજકોટ–૩૬૦૧૧૦ ખાતે યોજાયેલી ૧૫મી વાર્ષિક સામાન્ય સભામાં મારી હાજરી નોંધાવું છું.

........................................
સભ્યનું / અવેજી (પ્રોક્સી)નું નામ *

........................................
સભ્ય / અવેજી (પ્રોક્સી)ની સહી *

*લાગુ પડતું ન હોય તે છેકી નાખવું

maahi®
માહી મિલ્ક પ્રોડ્યુસર કંપની

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ

[કંપનીઝ એકટ, ૨૦૧૩ના ચેપ્ટર XXIA હેઠળ કાર્યરત "પ્રોડ્યૂસર કંપની"]

CIN : U01403GJ2012PTC070646

રજિ. કાર્યાલય : એડમિન બ્લોક, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ - જામનગર હાઈવે
ગામ ખંઢેરી, તાલુકો-પડધરી, જિલ્લો-રાજકોટ, ગુજરાત-૩૬૦ ૧૧૦.
ટેલી. : ૦૨૮૧ ૨૪૬૦૭૩૨ email : info@maahimilk.com Website : www.maahimilk.com

માહી

## અવેજી પત્રક (પ્રોકસી ફોર્મ)

ફોલિયો નં. | | | | | | | |

સભ્ય કોડ નં. | | | | | | | | | | | | | | | | |

હું ..........................................................................................................................................

કંપનીના સભ્ય તરીકે નીચે દર્શાવેલ સભ્યને

૧. નામ : ..........................................................................................................................................

સરનામું : ..........................................................................................................................................

ફોલિયો : ..........................................................................................................................................

૨. નામ : ..........................................................................................................................................

સરનામું : ..........................................................................................................................................

ફોલિયો : ..........................................................................................................................................

૩. નામ : ..........................................................................................................................................

સરનામું : ..........................................................................................................................................

ફોલિયો : ..........................................................................................................................................

કંપનીની મંગળવાર, તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ– જામનગર હાઈ–વે, ગામ ખંઢેરી, તાલુકો – પડધરી, જિલ્લો – રાજકોટ–૩૬૦૧૧૦ ખાતે યોજાનાર ૧૫મી વાર્ષિક સામાન્ય સભામાં અથવા તેની મુલત્વી રહેલી સભામાં મારા વતી હાજર રહેવા અને મારા વતી નીચે દર્શાવેલ ઠરાવ પર મત આપવા અવેજી/પ્રોકસી નીમુ છું.

**મુદ્દાઓ :**

૧. તાઃ ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થતાં નાણાંકીય વર્ષના નાણાંકીય નિવેદનો અપનાવવા.
૨. ડિવિડન્ડ જાહેર કરવું.
૩. નિયામક તરીકે શ્રી વલ્લભભાઈ ગોગનભાઈ ડેર (વર્ગ–અ) (ડીનઃ ૧૧૯૧૪૪૫૭) ની નિમણૂંક કરવી.
૪. નિયામક તરીકે શ્રી ભરતકુમાર મુળુભાઈ વાળા (વર્ગ–ક) (ડીનઃ ૧૦૨૪૫૭૪૩) ની ફેર નિમણૂંક કરવી.
૫. નિયામક તરીકે શ્રીમતી નિરુબેન મસરીભાઈ ડાંગર (વર્ગ–ક) (ડીનઃ ૧૧૯૧૪૫૨૫) ની નિમણૂંક કરવી.
૬. સ્ટેચ્યુટરી ઓડિટર્સ તરીકે પ્રાઈસ વોટરહાઉસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એલએલપીની નિમણૂંક કરવી.
૭. નાણાંકીય વર્ષ ૨૦૨૬–૨૭ માટે કંપનીના બજેટની વિચારણા કરી અને મંજૂર કરવું.
૮. નિયામક તરીકે શ્રી ભોજાભાઈ ધનાભાઈ વસરા (વર્ગ–બ) (ડીનઃ ૧૧૯૧૪૪૩૩) ની નિમણૂંક કરવી.
૯. આર્ટિકલ્સ ઓફ અસોસિએશનમાં ફેરફાર બાબતે.
૧૦. મૂળ કિંમતે અથવા પ્રીમિયમથી શેર જારી કરવા, શેર ખરીદવા અને શેર પરત સ્વીકારવા માટે બોર્ડને અધિકૃત કરવા.

રેવન્યુ
સ્ટેમ્પ
લગાવો

તા. .........................

સભ્યની સહી ....................................

**નોંધ :** આ અવેજી પત્રક (પ્રોકસી ફોર્મ) માન્ય રહે તે માટે તેને સંપૂર્ણ ભરી કંપનીના નોંધાયેલ કાર્યાલય (રજિસ્ટર્ડ ઓફિસ) ખાતે સભા શરૂ થવાના નિર્ધારિત સમયના ૪૮ કલાક પહેલાં જમા કરાવવું જરૂરી છે. **અવેજી (પ્રોકસી) કંપનીનો સભ્ય જ હોવો જોઇએ.** (એજીએમ નોટિસની નોંધ–૧ જૂઓ.)



ત્રાવણકોરના રાજકુમારી મહામહિમ અશ્વથી થિરૂનાલ ગૌરી લક્ષ્મી બાઈની મેજબાની કરવા માટે માહી ગૌરવ અનુભવે છે.




શ્રી એસ. રાજીવ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (NDDB) એ માહીની મુલાકાત લીધી હતી. તેમણે દૂધ ઉત્પાદકોને સશકત બનાવવા અને પ્રાદેશિક ડેરી ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે માહીના સમર્પિત પ્રયાસોની પ્રશંસા કરી હતી.



દક્ષિણા કન્નડ કો–ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યૂસર્સ યુનિયન લિમિટેડ (DKMUL) ના બોર્ડ ઓફ ડિરેકટર્સ અને NDDB ના વરિષ્ઠ અધિકારીઓએ માહીની કામગીરીની મુલાકાત લીધી હતી.



NDSના સહયોગથી, માહીએ "મોબાઈલ વેટરનરી યુનિટ્સ દ્વારા અસરકારક પશુચિકિત્સા સેવાઓ" વિષય પર બે દિવસીય વર્કશોપ–કમ–ઓરિએન્ટેશન પ્રોગ્રામનું ગૌરવપૂર્ણ આયોજન કર્યું હતું



કુતિયાણા ચિલિંગ સેન્ટર અને ભાવનગર BMC ખાતે એમોનિયા પ્લાન્ટ સાથેની અદ્યતન ટેકનોલોજી સ્થાપિત કરીને દૂધ એકત્રીકરણ (પ્રોક્યોરમેન્ટ) ઈકોસિસ્ટમને મજબૂત બનાવી છે.



એકત્રિત કરાયેલા દૂધની ગુણવત્તા જાળવી રાખવા માટે, માહી ગ્રામ્ય સ્તરે BMCs સ્થાપવા માટે પ્રતિબધ્ધ છે. ગ્રામ્યકક્ષાએ તા. ૩૧.૦૩.૨૦૨૬ સુધીમાં કુલ ૩૪ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે.



સામાજિક જવાબદારીની પ્રતિબધ્ધતાના ભાગરૂપે, માહીના કાર્યક્ષેત્ર હેઠળના જિલ્લાઓની વિવિધ કન્યા શાળાઓમાં ગ્રામીણ બાળાઓને સ્કૂલ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.



૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ ૧૩મા માહી દિવસની ઉજવણી, મજબૂત ખેડૂત–માલિકીની ડેરી સંસ્થાના નિર્માણનાં ઉદેશ્ય અને પ્રગતિના ૧૩ વર્ષ.

માહી- દૂધ ઉત્પાદકોની સંસ્થા

Permitted to post on prepayment of postage in cash at BPC, Shahibaug, Ahmedabad - 380 004, under PMG, HQ Region, Ahmedabad License No. BD/RO/ARS/ MAAHI/01/28.08.2026 to 11.09.2026/73590/7 dated 24.08.2026

Maahi

Book Post

To,


**MAAHI MILK PRODUCER COMPANY LIMITED**
Admin Block, Animal Feed and Nutrition Unit,
Rajkot - Jamnagar Highway, Village Khandheri,
Taluka - Paddhari, District - Rajkot, Gujarat,
India, 360110

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ**
એડમિન બ્લોક, એનિમલ ફીડ એન્ડ ન્યુટ્રીશન યુનિટ,
રાજકોટ – જામનગર હાઈવે, ગામ ખંઢેરી,
તાલુકો – પડધરી, જિલ્લો – રાજકોટ, ગુજરાત,
ભારત, ૩૬૦૧૧૦

CIN : U01403GJ2012PTC070646 | E-mail : info@maahimilk.com

Tel : 0281 2460732 | www.maahimilk.com | Follow us :